સુંવિચાર

બીજાના મહેલમાં ગુલામ બનીને
રહેવા કરતા, પોતાની ઝૂંપડીમાં
રાજા બનીને રહેવું વધારે સારું

# સમય મિરર

SAMAY MIRROR (MORNING DAILY)

સાપ્તાહિક પૂર્તિ સપ્તરંગ
જિંદગીના ઘૂઘવતા દરિયાની આરપાર

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-173 ■ DATE : 4-5-2025 ■ SUNDAY ■ Page-10 ■ વૈશાખ સુદ ૭, વિક્રમ સંવંત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH
■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001

# પાકિસ્તાની ધ્વજ ધરાવતા જહાજો પર પ્રતિબંધ : વેપારના તમામ રસ્તા બંધ

## પાકિસ્તાન સાથેની ટપાલ-પાર્સલ સેવા સજ્જડ બંધ : પાકિસ્તાનથી સીધા કે પરોક્ષ ભારત આવતા તમામ ઉત્પાદનોને ભારતમાં નો એન્ટ્રી

**સમય મિરર । નવી દિલ્હી**

પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતીય સેના, ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાદળ હાઇ ઍલર્ટ મોડમાં છે. ત્યારે શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા આજે (ત્રીજી મે) પાકિસ્તાની ધ્વજ ધરાવતાં જહાજો પર પ્રતિબંધ મૂક્યો છે. નોંધનીય છે કે, ભારતે પાકિસ્તાનથી તમામ માલની આયાત અને ટપાલ સેવા પર પ્રતિબંધ મૂક્યો છે.

સિંધુ સંધિ તથા વિઝા રદ થયા બાદ પણ અનેક મોટા નિર્ણય લેવામાં આવી રહ્યા છે. બંને દેશોએ એકબીજા માટે એરસ્પેસ બંધ કર્યું છે. એવામાં આજે ભારતે ત્રણ મોટા નિર્ણય લીધા છે. ત્યારે ભારત સરકારે નિર્ણય લીધો છે કે હવે પાકિસ્તાની ધ્વજ લહેરાવતા કોઈપણ વેપારી જહાજને ભારતીય બંદરોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ ઉપરાંત ભારતીય જહાજોને પાકિસ્તાનના કોઈપણ બંદર પર જવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ આદેશ શિપિંગ મહાનિર્દેશાલય દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.




ભારત સરકાર દ્વારા પાકિસ્તાન સાથેની તમામ ટપાલ સેવાઓ તાત્કાલિક અસરથી સ્થગિત કરી દીધી છે. ભારતીય ટપાલ વિભાગે પુષ્ટિ આપી છે કે હવે પાકિસ્તાનમાં કોઈ પત્ર, પાર્સલ કે રજિસ્ટર્ડ પોસ્ટ મોકલવામાં આવશે નહીં અને ભારતમાં પાકિસ્તાનથી કોઈપણ ટપાલ સેવા સ્વીકારવામાં આવશે નહીં. અધિકારીઓએ જણાવ્યું હતું કે સુરક્ષા કારણો અને રાષ્ટ્રીય હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

બીજી તરફ ભારત સરકારે તાત્કાલિક અસરથી પાકિસ્તાનથી સીધા અથવા કોઈપણ રીતે આવતા તમામ પ્રકારના માલની આયાત પર પ્રતિબંધ મૂક્યો છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા બીજી મેના રોજ જારી કરાયેલા નોટિફિકેશન અનુસાર, આ નિર્ણયને વિદેશી વેપાર નીતિ - FTP ૨૦૨૩માં સુધારો કરવામાં આવ્યો છે. આ પ્રતિબંધ હેઠળ, હવે પાકિસ્તાનથી આવતા કોઈપણ ઉત્પાદનની આયાત પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે, પછી ભલે તે સીધી આયાત હોય કે પરોક્ષ રીતે ત્રીજા દેશ દ્વારા આ પ્રતિબંધ ૨૦૨૩ની વિદેશ વેપાર નીતિમાં નવી જોગવાઈ તરીકે ઉમેરવામાં આવ્યો છે. પહેલા સીધો વેપાર બંધ હતો, પરંતુ હવે પરોક્ષ વેપાર પણ બંધ થઈ ગયો છે આ પાકિસ્તાન માટે એક મોટો ફટકો છે. ભારતનું વાણિજ્ય મંત્રાલય એવા ઉત્પાદનોની યાદી તૈયાર કરી રહ્યું છે જે ભારતમાંથી આયાત કે નિકાસ કરવામાં આવશે નહીં.આ સંદર્ભમાં એક જોગવાઈ ફોરેન ટ્રેડ પોલિસી (FTP) ૨૦૨૩ માં ઉમેરવામાં આવી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે આગામી આદેશો સુધી તાત્કાલિક અસરથી, પાકિસ્તાનથી આવતા કે નિકાસ થતા તમામ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત પર પ્રતિબંધ લાદવામાં આવી રહ્યો છે. આ પ્રતિબંધના કોઈપણ અપવાદ માટે ભારત સરકારની મંજૂરીની જરૂર પડશે. આનો અર્થ એ થયો કે જો કોઈ વસ્તુ પાકિસ્તાનમાં વેપાર હેતુ માટે મોકલવામાં આવે છે અથવા ત્યાંથી આવે છે, તો તેને ભારત સરકારની મંજૂરીની જરૂર પડશે. બંને દેશો વચ્ચે વેપાર પ્રતિબંધ પહેલા, ભારત મુખ્યત્વે કપાસ, રસાયણો, ખાદ્ય ઉત્પાદનો, દવાઓ અને મસાલાઓની નિકાસ કરતું હતું. આ ઉપરાંત, ચા, કોફી, રંગ, ડુંગળી, ટામેટા, લોખંડ, સ્ટીલ, ખાંડ, મીઠું અને ઓટો પાર્ટ્સ જેવી વસ્તુઓ પણ ત્રીજા દેશો દ્વારા મોકલવામાં આવતી હતી. અગાઉ સિમેન્ટ, જીપ્સમ, ફળો, તાંબુ અને મીઠું જેવા ઉત્પાદનોની આયાત કરવામાં આવતી હતી, પરંતુ ૨૦૧૯ પછી આયાત લગભગ શૂન્ય થઈ ગઈ. ૨૦૨૪માં પાકિસ્તાનથી ભારતની આયાત માત્ર ૪.૮ મિલિયન ડોલરની રહી. તેણે ફક્ત સિંધવ મીઠું અને મુલતાની માટી જેવી આવશ્યક ચીજોનો ઓર્ડર આપ્યો. હવે આ પણ સંપૂર્ણપણે બંધ થઈ જશે. પહેલગામ હુમલાનો બદલો લેવા માટે રાજદ્વારી સહિતના પગલા લેવાયા જ છે. વૈશ્વિક મોરચે પણ તેને એકલુ પાડીને આર્થિક રીતે ભાંગી નાખવાનો વ્યુહ અપનાવાયો છે. હવે આયાત પ્રતિબંધથી પાકિસ્તાનને મોટો ફટકો પડશે. પાકિસ્તાન નિકાસ મોરચે ગંભીર પડકારનો સામનો કરી જ રહ્યુ છે ત્યારે ભારતના આ કદમથી વધુ ફટકો પડશે. એલઓસી પર ગત રાત્રે સતત ૯મા દિવસે પાકિસ્તાને સંઘર્ષવિરામનો ભંગ કરીને ફાયરીંગ કર્યું હતું, જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો હતો.

## અબ્દાલી બેલિસ્ટિક મિસાઈલનું પરિક્ષણ કર્યાનો પાક.નો દાવો

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વચ્ચે પાકિસ્તાને શનિવારે તેની અબ્દાલી બેલિસ્ટિક મિસાઇલનું પરીક્ષણ કરવાનો દાવો કર્યો છે. તે સપાટીથી સપાટી પર પ્રહાર કરતી મિસાઇલ છે, જેને હત્ફ-૨ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ મિસાઇલ પાકિસ્તાન દ્વારા વિકસાવવામાં આવી છે. પાકિસ્તાને કરેલ દાવા અનુસાર અબ્દાલી મિસાઇલની રેન્જ ૪૫૦ કિલોમીટર છે. તેની ચોકસાઈ લગભગ ૧૦૦ થી ૧૫૦ મીટર છે. આ રેન્જ સાથે, આ મિસાઇલ મધ્યમ-અંતરની બેલિસ્ટિક મિસાઇલની શ્રેણીમાં આવે છે અને તે ફક્ત મર્યાદિત ક્ષેત્રમાં જ અસરકારક હોઈ શકે છે. આ અંતરમાં, પાકિસ્તાન ભારતીય સરહદ નજીકના વિસ્તારોને નિશાન બનાવી શકે છે. અબ્દાલી મિસાઇલ પરમાણુ શસ્ત્રો લઈ જવા સક્ષમ નથી. તેનું સૌપ્રથમ જાહેરમાં ૨૦૦૨ માં પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને ત્યારથી તેનું ઘણી વખત પરીક્ષણ કરવામાં આવ્યું છે. પાકિસ્તાન તેનો ઉપયોગ પોતાની લશ્કરી શક્તિના પ્રદર્શન તરીકે કરે છે. જો કે પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા આ મિસાઇલ પરીક્ષણથી ભારતે ડરવાની જરૂર નથી, પરંતુ ચોક્કસ સાવધ રહેવાની જરૂર છે. યુદ્ધની સ્થિતિમાં, આ પાકિસ્તાની સેનાની વ્યૂહાત્મક તૈયારીઓનો સંકેત હોઈ શકે છે. જોકે, ભારત પાસે તેની સુરક્ષા માટે મજબૂત મિસાઇલ સિસ્ટમ છે.

## વેપાર પ્રતિબંધને CAITનું સમર્થન


કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) એ ભારત સરકાર દ્વારા પાકિસ્તાનથી નિકાસ થતા અથવા પાકિસ્તાનમાં ઉદ્ભવતા કોઈપણ માલની પ્રત્યક્ષ કે પરોક્ષ આયાત અને પરિવહન પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવાના બોલ્ડ અને નિર્ણાયક પગલાનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું છે. ''આ નિર્ણય એક મજબૂત અને સ્પષ્ટ સંદેશ આપે છે કે પાકિસ્તાનની સતત પ્રતિકૂળ પ્રવૃત્તિઓ અને ભારત વિરોધી વલણ વચ્ચે વેપાર અને આર્થિક સંબંધો જાળવી શકાતા નથી'', CAT ના રાષ્ટ્રીય મહાસચિવ અને દિલ્હીના ચાંદની ચોકથી સંસદ સભ્ય પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું હતું.આ પગલું માત્ર રાષ્ટ્રીય સુરક્ષા હિતોને અનુરૂપ નથી પરંતુ દેશના વેપારી સમુદાય અને સામાન્ય નાગરિકોની લાગણીઓનું પણ સન્માન કરે છે, જેઓ લાંબા સમયથી આતંકવાદને સમર્થન આપતા દેશો સાથેના આર્થિક સંબંધો પર કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. પાકિસ્તાનથી માલના વેપાર અને પરિવહન પર પ્રતિબંધ મૂકીને, સરકારે રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને સુરક્ષા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા સ્પષ્ટ કરી છે. વ્યાપાર નેતાઓએ ભારતીય ઉત્પાદકો અને ઉદ્યોગસાહસિકોને આ તકનો લાભ લઈને સ્થાનિક ઉત્પાદનને મજબૂત બનાવવા અને પાકિસ્તાનથી અગાઉ આયાત કરવામાં આવતી ચીજવસ્તુઓના સ્વદેશી વિકલ્પો વિકસાવવા હાકલ કરી છે, જેથી દેશના ઉદ્યોગને વેગ મળી શકે અને રોજગારની નવી તકો ઊભી થઈ શકે.

## બુધવારે અરબી સમુદ્રમાં મોટી મિસાઈલ ફાયરિંગની તૈયારી

કર્ણાટકના કારવાર કિનારે ૭ મે, ૨૦૨૫ ના રોજ ભારતીય નૌકાદળ અરબી સમુદ્રમાં એક મોટી મિસાઇલ ફાયરિંગ કરવાની તૈયારીઓ કરી રહ્યું છે. એવું કહેવાય છે કે સવારે ૮:૩૦ થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી સેનાની આ કવાયત ચાલશે અને કારવારથી લગભગ ૩૯૦ કિલોમીટર દૂર સમુદ્રમાં મિસાઈલ છોડવામાં આવશે. આ માટે નૌકાદળે એરમેનને નોટિસ (NOTAM) જારી કરી છે. કર્ણાટકમાં આવેલ કારવાર ભારતીય નૌકાદળનું મુખ્ય મથક માનવામાં આવે છે. કારવાર પર ભારતીય સેનાની તૈયારી બતાવે છે કે ભારત ફક્ત જમીન સરહદ જ નહીં દરીયાઈ સરહદો પર પણ પાકિસ્તાનને પાઠ ભણાવવા તૈયાર છે. કારવારમાં મિસાઈલ છોડવું એ પહલગામમાં નિર્દોષ લોકોને ઠાર કરનારા આતંકીઓના પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપવામાં આવી રહ્યો છે કે ભારત શાંત નહી બેસી રહી. દુનિયાને શાંતિનો સંદેશ આપનાર ભારત આતંકવાદનો ખાતમો કરવા દરેક દિશામાંથી જવાબો આપવા સક્ષમ છે. ભારત હવા દ્વારા, જમીન દ્વારા અને સમુદ્ર દ્વારા પાકિસ્તાનને પહલગામ હુમલાનો જડબાતોડ જવાબ આપશે. ભારતીય નૌકાદળ અને દરિયાઈ સુરક્ષાની તાકાતને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે. આ મિસાઈલ કવાયત માત્ર નિયમિત તાલીમનો એક ભાગ નથી, પરંતુ પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી પણ છે કે ભારત હવે દરેક મોરચે તૈયાર છે, પછી ભલે તે જમીન હોય કે સમુદ્ર હોય.

# યુદ્ધના ભણકારા વચ્ચે POKમાં સજ્જડ કર્ફ્યુ : શાળા-કોલેજો બંધ

## નાગરિકો જીવનજરૂરી ચીજ-વસ્તુઓનો સંગ્રહ કરવા લાગ્યા, તમામ સરકારી કચેરીઓ બંધ



**સમય મિરર । નવી દિલ્હી**

પહેલગામ આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં હજારો મદરેસા અને શાળાઓ ઉપરાંત, બેંકો અને એટીએમ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. ઓફિસોમાં પણ ફક્ત ઈમરજન્સી સેવાઓ પૂરી પાડતા વિભાગો જ ખુલી રહ્યા છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં એક હજારથી વધુ મદરેસા ૧૦ દિવસથી બંધ છે. ભારત તરફથી સંભવિત હુમલાને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું છે. પાકિસ્તાની બેંકો પણ LoC નજીક પોતાની શાખાઓ બંધ કરી રહી છે. પાકિસ્તાનની હબીબ બેંક લિમિટેડે પીઓકેમાં તેની શાખા અચાનક બંધ કરી દીધી છે. શાખાની બહાર લાગેલી નોટિસમાં કહેવામાં આવ્યું છે કે LOC માં સુરક્ષા કારણોસર બેંકનું ATM બંધ છે.

પાકિસ્તાન અધિકળત કાશ્મીરની સરકાર હુમલાના ડરમાં જીવી રહી છે. તેમણે લોકોને બે મહિના માટે રાશન એકત્રિત કરવા કહ્યું છે. પીઓકેના વડા પ્રધાન ચૌધરી અનવરુલ હકે એલઓસીની સરહદે આવેલા તમામ ૧૩ જિલ્લાઓમાં લોટ, કઠોળ અને ચોખાના બે મહિનાના રાશનનું વિતરણ કરવાનો આદેશ આપ્યો છે. દરેકને દવાઓ અને અન્ય જરૂરી વસ્તુઓ એકત્રિત કરવાનું પણ કહેવામાં આવ્યું છે.

પાકિસ્તાની સેનાના ઉચ્ચ અધિકારીઓની એક કટોકટી બેઠક યોજાઈ હતી. પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીર અને ટોચના જનરલોએ તેમાં ભાગ લીધો હતો. કોર્પ્સ કમાન્ડરોની આ બેઠક રાવલપિંડીના મુખ્યાલયમાં થઈ હતી. આમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ વચ્ચે લશ્કરી તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. પાકિસ્તાની સેનાએ કહ્યું કે તે કોઈપણ હુમલાનો યોગ્ય જવાબ આપશે.

પાકિસ્તાનના વડાપ્રધાન મોહમ્મદ શાહબાઝ શરીફે સાઉદી અરેબિયાના રાજદૂત નવાફ બિન સઈદ અલ મલિકીને મળ્યા હતા. પહેલગામ આતંકવાદી હુમલા પર તણાવ વચ્ચે, શરીફે કહ્યું કે પાકિસ્તાન તમામ પ્રકારના આતંકવાદની નિંદા કરે છે. તેમણે સાઉદી અરેબિયા જેવા મિત્ર દેશોને આ ક્ષેત્રમાં તણાવ ઓછો કરવા માટે ભારતને મનાવવા વિનંતી કરી. તેમણે દક્ષિણ એશિયામાં શાંતિ અને સ્થિરતા માટે પણ પ્રાર્થના કરી.

દુનિયાભરમાંથી સમર્થન ન મળવાને કારણે પાકિસ્તાન હતાશ છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું છે કે જો ભારત સિંધુ નદી પર કોઈ માળખું બનાવીને પાણી રોકવાનો પ્રયાસ કરશે તો તેમનો દેશ હુમલો કરશે. પહેલગામ હુમલા બાદ ભારતે સિંધુ જળ સંધિ રદ કરવાનો નિર્ણય લીધો છે. આસિફ સતત ધમકી આપી રહ્યો છે.

# બેફામ ડ્રાઈવિંગ પર રોક લગાવવા નેગેટિવ પોઈન્ટ સિસ્ટમ લાગુ થશેઃ લાયસન્સ થશે રદ્દ

**સમય મિરર । નવી દિલ્હી**



ભારતમાં ઓવરસ્પીડ, રેડ લાઇટ જમ્પ અને સીટ બેલ્ટ ન પહેરવા જેવી ભૂલ પર ભારે ચલણ બાદ પણ પણ અવાર-નવાર કાર અને બાઇકચાલકો નિયમોનો ભંગ કરતા રહે છે. ચલણનો ભારે દંડ છતાં તેમાં કોઈ ખાસ ઘટાડો જોવા નથી મળતો. એવામાં પરિવહન વિભાગ દ્વારા ખરાબ ડ્રાઈવિંગ પર લગામ લગાવવા માટે પોઈન્ટ સિસ્ટમ લાવવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. જે હેઠળ કોઈ ડ્રાઇવર ઓવરસ્પીડમાં ગાડી ચલાવે છે અથવા રેડ લાઇટ જમ્પ કરે છે તો તેના લાઇસન્સ પર નેગેટિવ પોઈન્ટ થઈ જશે. એટલું જ નહીં જો આ નેગેટિવ પોઈન્ટ્સની સંખ્યા એક લિમિટ કરતા વધી ગઈ તો ડ્રાઈવિંગ લાઇસન્સને સસ્પેન્ડ અથવા રદ કરવામાં આવી શકે છે. આ નેગેટિવ પોઈન્ટ ચલણથી અલગ હશે. તેનો અર્થ એ છે કે, ઓવરસ્પીડ, રેડ લાઇટ જમ્પ અને સીટ બેલ્ટ ન પહેરવા પર જે ચલણ થાય છે, તે શરૂ જ રહેશે. આ સિવાય પોઈન્ટ સિસ્ટમ પણ જોડવામાં આવશે.

જોકે, હજુ સુધી આ મુદ્દે કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો પરંતુ, ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવ્યો છે અને તેના માટે મંથન પણ કરવામાં આવી રહ્યું છે. આ દરમિયાન તેમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે કે, પરિવહન વિભાગ દેશના તમામ રાજ્યો સાથે આ સંબંધિત ચર્ચા કરે અને તેના આધારે આવી કડક વ્યવસ્થા લાવવાની તૈયારી કરે. ભારતમાં આવી વ્યવસ્થા પહેલીવાર આવશે પરંતુ, ઓસ્ટ્રેલિયા, જર્મની, બ્રિટેન, ફ્રાન્સ, કેનેડા જેવા દેશોમાં પહેલાથી જ લાગુ છે. એટલું જ નહીં, ચીનના પણ અમુક શહેરોમાં તંત્રએ પોઈન્ટ સિસ્ટમ શરૂ કરી છે. પરિવહન વિભાગના સૂત્રોનું કહેવું છે કે, લાઇસન્સિંગ સિસ્ટમમાં મેરિટ અને ડિમેરિટ પોઈન્ટ જોડવામાં આવશે. આ સિવાય અમુક મહિનામાં જ મોટર વ્હીકલ એક્ટમાં સંશોધન કરવામાં આવશે અને આ પોઈન્ટ વ્યવસ્થા શરૂ થશે.

# સામુહિક દુષ્કર્મના કેસમાં એક જ વ્યક્તિએ રેપ કર્યો હોય તો પણ તમામને સજા મળશે : સુપ્રીમ

**સમય મિરર । નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સામૂહિક દુષ્કર્મના કિસ્સામાં, જો કોઈ એક વ્યક્તિએ એક ઈરાદાથી ગુનો કર્યો હોય તો દરેક વ્યક્તિને તેના અપરાધ માટે દોષિત ઠેરવવામાં આવશે. કોર્ટે ગેંગરેપના દોષિતોની સજાને યથાવત રાખી. ફરિયાદ પક્ષ માટે એ સાબિત કરવું જરૂરી નથી કે દરેક આરોપીએ દુષ્કર્મનું કૃત્ય કર્યું છે. ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬(૨)(g) હેઠળ, સામૂહિક દુષ્કર્મના કેસમાં, જો બધા પક્ષકારોએ સમાન ઈરાદાથી કૃત્ય કર્યું હોય તો તેમને દરેકને કૃત્ય માટે દોષિત ઠેરવી શકાય છે.'

આ કેસમાં, ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે તેઓએ પીડિતાનું અપહરણ કર્યું હતું, તેને ગેરકાયદેસર રીતે બંધક બનાવી હતી અને તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. અરજદારે દલીલ કરી હતી કે તેણે પોતે કોઈ જાતીય કૃત્ય કર્યું નથી, તેથી તેને ગેંગરેપનો દોષી ઠેરવી શકાય નહીં. જોકે, પછી ટ્રાયલ કોર્ટ અને પછી હાઈકોર્ટે તેમને દોષિત ઠેરવ્યા. આની વિરુદ્ધ તેમણે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટે પણ આરોપીની અરજી ફગાવી દીધી હતી અને સજા યથાવત રાખી હતી.

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ વિશ્વનાથને પોતાના લેખિત ચુકાદામાં જણાવ્યું હતું કે ઘટનાઓના ક્રમ પરથી સ્પષ્ટ થાય છે કે પીડિતાનું અપહરણ, તેણીને ખોટી રીતે બંધક બનાવવી અને તેની સાથે દુષ્કર્મ થયો હોવાના તેના નિવેદન...આ બધા તથ્યો કલમ ૩૭૬(૨)(g) ના હેઠળ દોષી સાબિત કરે છે. આ ઘટના જૂન ૨૦૦૪ માં બની હતી, જ્યારે પીડિતા લગ્ન સમારંભમાંથી પરત ફરી રહી હતી. પછી તેનું અપહરણ કરીને તેને ઘણી જગ્યાએ રાખવામાં આવી. પીડિતાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે જાલંધર કોલ અને અપીલકર્તા રાજુ નામના બે વ્યક્તિઓએ તેની સાથે દુષ્કર્મ કર્યું હતું. સરકારી વકીલે પીડિતા, તેના પિતા અને તપાસ અધિકારી સહિત ૧૩ સાક્ષીઓને રજૂ કર્યા. ટ્રાયલ કોર્ટે બંને આરોપીઓને ગેંગરેપ, અપહરણ અને ગેરકાયદેસર રીતે બંધક બનાવવા બદલ દોષિત ઠેરવ્યા હતા. રાજુને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી અને જાલંધર કોલને ૧૦ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો, જે જાલંધર કોલે સ્વીકારી લીધો, પરંતુ રાજુએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

# હાય... હાય... ! પાક.ના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન પર જેલમાં સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

## લીક થયેલા મેડિકલ રિપોર્ટથી વિશ્વભરમાં ખળભળાટ

**સમય મિરર । નવી દિલ્હી**



પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન હાલમાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે અને તેમના જેલમાંથી બહાર આવવાની કોઈ શક્યતા નથી. ઈમરાન ખાન પર શરૂઆતમાં લાગેલા ત્રણ કેસોમાંથી હવે માત્ર એક ગેરકાયદેસર લગ્નનો કેસ બાકી છે, પરંતુ થોડા સમય પહેલાં તેમને અલ-કાદિર ટ્રસ્ટ સાથે જોડાયેલા જમીન ભ્રષ્ટાચારના કેસમાં પણ ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે. જેલમાં ઈમરાન ખાન ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં રહી રહ્યા છે, પરંતુ આ દરમિયાન ઈમરાન ખાનનો એક મેડિકલ રિપોર્ટ લીક થયો છે, જેનાથી ભારે હોબાળો મચી ગયો છે.

હાલમાં જ રાવલપિંડીની પાકિસ્તાન એમિરેટ્સ હોસ્પિટલે ઈમરાન ખાનનો એક મેડિકલ રિપોર્ટ કેટલાક પસંદગીના લોકોને જારી કર્યો હતો. જો કે આ મેડિકલ રિપોર્ટ સોશિયલ મીડિયા પર લીક થઈ ગયો અને તેની સાથે જ પાકિસ્તાની મીડિયાએ પણ તેને શેર કર્યો છે. આ રિપોર્ટ અનુસાર જેલમાં બંધ પૂર્વ પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનનો રેપ થયો છે. જો કે કેટલાક લોકો આ મેડિકલ રિપોર્ટને નકલી ગણાવી રહ્યા છે અને મીડિયા પણ તેની પુષ્ટિ કરતું નથી, પરંતુ પાકિસ્તાની મીડિયા ડોન સહિત અનેક સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર તેને શેર કરવામાં આવી રહ્યો છે, જેના અનુસાર જેલમાં ઈમરાન ખાનનું જાતીય શોષણ કરવામાં આવ્યું છે. એવું પણ જણાવવામાં આવી રહ્યું છે કે પાકિસ્તાની સેનાના એક મેજરે ઈમરાન ખાન સાથે આ ઘૃણાસ્પદ કૃત્ય કર્યું છે. સોશિયલ મીડિયા પર યુઝર્સનું કહેવું છે કે પાકિસ્તાની જેલોમાં પુરુષો સાથે આ પ્રકારની ઘણી ઘટનાઓ બને છે. આવું તેમના આત્મસન્માનને ઠેસ પહોંચાડવા માટે કરવામાં આવે છે. જેલમાં બંધ ઈમરાન ખાનના રેપના મેડિકલ રિપોર્ટ પર હાલમાં તેમની પાર્ટી પીટીઆઈ અને પાકિસ્તાની સેના તરફથી કોઈ પ્રતિક્રિયા સામે આવી નથી.

## ધ વર્લ્ડ એરાઉન્ડ

# પહલગામ હુમલો કરનારા આતંકીઓ શ્રીલંકા પહોંચ્યા હોવાની આશંકા




**નવી દિલ્હી :** જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતના પાડોશી દેશો પણ એલર્ટ થઈ ગયા છે. આ હુમલાને અંજામ આપનારા આતંકવાદીઓની શોધખોળ ચાલી રહી છે. આ દરમિયાન, શનિવારે ચેન્નઈથી કોલંબો પહોંચેલી એક ફ્લાઇટની સઘન તપાસ કરવામાં આવી હતી. હકીકતમાં, ભારતીય અધિકારીઓએ કોલંબો એરપોર્ટના અધિકારીઓને માહિતી આપી હતી કે ફ્લાઇટ UL ૧૨૨માં પહેલગામ આતંકવાદી હુમલા સાથે જોડાયેલા શંકાસ્પદ વ્યક્તિઓ સવાર હોઈ શકે છે.શ્રીલંકાની રાષ્ટ્રીય શ્રીલંકન એરલાઇન્સના નિવેદન અનુસાર, એક ફ્લાઇટ સવારે ૧૧:૫૯ વાગ્યે ચેન્નઈથી કોલંબોના બંડારનાયકે આંતરરાષ્ટ્રીય હવાઈમથક પર પહોંચી હતી. ફ્લાઇટના આગમન બાદ તરત જ મોટા પાયે સુરક્ષા તપાસ હાથ ધરવામાં આવી હતી. એરપોર્ટ અધિકારીઓએ આ મામલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, ''ચેન્નઈ એરિયા કંટ્રોલ તરફથી એલર્ટ મળ્યું હતું. માહિતી મળતાની સાથે જ સર્ચ ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું. વિમાનની સારી રીતે તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ વિમાનને ઓપરેશન માટે ક્લિયરન્સ આપવામાં આવ્યું હતું.'' અધિકારીઓએ માહિતી આપી હતી કે શ્રીલંકન એરલાઇન્સ તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે.

# બજારોની અસ્થિરતાને કારણે સોનાના ભાવમાં સતત ઘટાડો

**નવી દિલ્હી :** ભારતમાં સોનાના ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે, જેના કારણે રોકાણકારો અને ખરીદદારોમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. ૦૩ મે, ૨૦૨૫ના રોજ દેશભરના મુખ્ય શહેરોમાં ૨૨ કેરેટ અને ૨૪ કેરેટ સોનાના ભાવમાં સ્થિરતા સાથે થોડો ઘટાડો નોંધાયો છે. રાષ્ટ્રીય સ્તરે ૨૨ કેરેટ સોનાનો ભાવ ₹૮૭,૫૪૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ₹૯૫,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયો છે. દેશના વિવિધ શહેરોમાં સોનાના ભાવમાં સહેજ ફેરફાર જોવા મળ્યો છે, જે ખરીદદારો માટે મહત્વની માહિતી બની રહે છે. અમદાવાદમાં શનિવારે ૨૨ કેરેટ સોનાનો ભાવ ₹૮૭,૫૯૦ પ્રતિ ૧૦ ગ્રામ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ₹૯૫,૫૫૦ પ્રતિ ૧૦ ગ્રામ છે. સુરતમાં પણ સોનાના ભાવ અમદાવાદની સમકક્ષ છે, જ્યાં ૨૨ કેરેટ સોનું ₹૮૭,૫૯૦ અને ૨૪ કેરેટ સોનું ₹૯૫,૫૫૦ પ્રતિ ૧૦ ગ્રામના દરે ઉપલબ્ધ છે. વડોદરામાં પણ આજે સોનાના ભાવ સમાન છે, જેમાં ૨૨ કેરેટ સોનું ₹૮૭,૫૯૦ અને ૨૪ કેરેટ સોનું ₹૯૫,૫૫૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે મળી રહ્યું છે. રાજકોટમાં પણ સોનાના દર અમદાવાદ, સુરત અને વડોદરા જેવા જ છે, જ્યાં ૨૨ કેરેટ સોનું ₹૮૭,૫૯૦ અને ૨૪ કેરેટ સોનું ₹૯૫,૫૫૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ઉપલબ્ધ છે. દેશની રાજધાની દિલ્હીમાં સોનાના ભાવમાં સહેજ વધારો જોવા મળ્યો છે, જ્યાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ₹૮૭,૬૯૦ અને ૨૪ કેરેટ સોનાનો ભાવ ₹૯૫,૬૫૦ પ્રતિ ૧૦ ગ્રામ નોંધાયો છે. મુંબઈમાં સોનાના ભાવ રાષ્ટ્રીય સરેરાશની નજીક છે, જ્યાં ૨૨ કેરેટ સોનું ₹૮૭,૫૪૦ અને ૨૪ કેરેટ સોનું ₹૯૫,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામના દરે મળી રહ્યું છે. કોલકાતામાં પણ સોનાના ભાવ મુંબઈ જેવા જ છે, જેમાં ૨૨ કેરેટ સોનું ₹૮૭,૫૪૦ અને ૨૪ કેરેટ સોનું ₹૯૫,૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ઉપલબ્ધ છે. સોનાના ભાવમાં થઈ રહેલો આ ઘટાડો બજારની અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવમાં થયેલા ફેરફારોને કારણે હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. ખરીદદારો અને રોકાણકારો માટે આ એક મહત્વનો સમય છે, જેમાં તેઓ બજારની સ્થિતિનું નિરીક્ષણ કરીને ખરીદીના નિર્ણયો લઈ શકે છે.

# પહેલગામ હુમલાની કડી મેળવવા ગઈઅની ટીમ જમ્મુ જેલમાં પહોંચી

**શ્રીનગર :** નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (NIA)એ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની તપાસને વધુ વિસ્તૃત કરી છે. તપાસનો રેલો હવે જમ્મુ જેલ સુધી પહોંચ્યો છે, જ્યાં ૨૦૨૩ના રાજૌરી હુમલામાં સંડોવાયેલા બે આતંકવાદીઓ કેદ છે. NIAના અધિકારીઓએ મુશ્તાક અને નિસાર નામના બે આતંકવાદીઓની પૂછપરછ કરી છે, જે એપ્રિલ ૨૦૨૩થી જમ્મુ જેલમાં બંધ છે. આ બંનેની ૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ રાજૌરી જિલ્લામાં થયેલા આતંકવાદી હુમલાના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી, જેમાં બે બાળકો સહિત સાત લોકો માર્યા ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે IED બ્લાસ્ટ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, NIAને શંકા છે કે મુશ્તાક અને નિસારને પહેલગામ હુમલાની યોજનાની જાણકારી હોઈ શકે છે અથવા તો તેમણે આ હુમલામાં મદદ કરી હોઈ શકે છે. NIA આ આતંકવાદી નેટવર્કને ઉજાગર કરવા માટે તમામ પાસાઓની તપાસ કરી રહી છે. આ સાથે, પહેલગામ હુમલામાં મદદ કરનારા ૨૦થી વધુ શકમંદોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે કલમ ૩૭૦ હટાવ્યા બાદથી અત્યાર સુધીમાં સૌથી વધુ, ૧૦૦થી વધુ લોકોની જાહેર સુરક્ષા કાયદા (PSA) હેઠળ અટકાયત કરવામાં આવી છે. આ કાયદા હેઠળ, વ્યક્તિને બે વર્ષ સુધી કોઈપણ ટ્રાયલ વિના કસ્ટડીમાં રાખી શકાય છે. ગુપ્તચર એજન્સીઓએ વધુ હુમલાની આશંકાને પગલે દેખરેખ અને ઘૂસણખોરી વિરોધી કાર્યવાહી વધારી દીધી છે.

## ઉતાવળે

- ઉત્તર ભારના ૧૨ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ, ૫૦થી ૬૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાશે
- શિવ કથાકાર પ્રદિપ મિશ્રાનું વિવાદિત નિવેદન કહ્યું : નાભી ઢંકાયેલી હશે તો જ યુવતી-મહિલાઓ સુરક્ષિત રહેશે
- ખરાબ હવામાનને કારણે દિલ્હી એરપોર્ટ પર ૫૦૦ ફ્લાઈટ્સ મોડી, એરલાઈન્સે જાહેર કર્યુ એલર્ટ
- શિરડીના સાંઈ સંસ્થાનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી : મંદિરની સુરક્ષા વધારાઈ
- POKમાં એક હજારથી વધુ મદરેસાઓ આગલા આદેશ સુધી બંધ કરાયા
- દિલ્હી રેલવે સ્ટે. પરથી શંકાસ્પદ બિનવારસી બેગ મળી : કશું વાંધાજનક ન મળતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો

### પાકિસ્તાન ઘરમાં જ ઘેરાયું

# બલુચિસ્તાનમાં અજાણ્યા હુમલાખોરોએ બેંક-પોલીસ ચોકીઓ અને સરકારી ઈમારતોને ફૂંકી મારી

**સમય મિરર | નવી દિલ્હી**

પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતના કલાત જિલ્લામાં શુક્રવારે રાત્રે અજાણ્યા હથિયારધારી લોકોએ ભારે તબાહી મચાવી હતી. હથિયારબંધ લોકોએ મોંગોચર વિસ્તારમાં ક્વેટા-કરાચી રાષ્ટ્રીય ધોરીમાર્ગને અવરોધિત કરી દીધો હતો અને મોંગ-ોચર બજારમાં સ્થિત અનેક સરકારી ઈમારતોને આગ લગાડી દીધી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હથિયારબંધ લોકોના એક જૂથે હાઈવે પર વાહનોને રોકવાનું શરૂ કરી દીધું હતું. તેમણે અનેક મુસાફરી બસો અને ખાનગી કારોની તપાસ કરી હતી અને રસ્તા પરના તમામ પ્રકારના ટ્રાફિકને અટકાવી દીધો હતો. ત્યારબાદ હથિયારબંધ લોકો મોંગોચર બજારમાં દાખલ થયા હતા.

પાકિસ્તાની ન્યૂઝ મીડિયાના જણાવ્યા અનુસાર, તેમણે રાષ્ટ્રીય ડેટાબેઝ અને નોંધણી



સત્તામંડળ (નાડરા), ન્યાયિક પરિસર અને નેશનલ બેંક ઓફ પાકિસ્તાનની કચેરીઓ સહિત અનેક સરકારી ઈમારતો પર કબજો કરી લીધો હતો અને તેમને આગને હવાલે કરી દીધી હતી. આગ લાગ-વાના કારણે આ ઈમારતોને ભારે નુકસાન થયું હતું. સુરક્ષા દળોના પહોંચતા પહેલા હુમલાખોરો ફરાર થઈ ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટના બાદ વિસ્તારમાં ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું અને મોડી રાત્રે હાઈવે પર વાહનવ્ય-વહાર પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.

અન્ય એક ઘટનામાં, મોટરસાયકલ પર સવાર હથિયારબંધ હુમલાખોરોએ કોટ-લંગોવે નજીક એક લેવીઝ ચોકી પર હુમલો કર્યો હતો, જેમાં એક લેવીઝ અધિકારી હક નવાઝ લંગોવે ગોળી વાગ-વાથી મૃત્યુ પામ્યા હતા.

આ ઉપરાંત, કલાત જિલ્લાના રહીમાબાદ વિસ્તારમાં ક્વેટા-કરાચી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર એક પુલ નીચે જોરદાર વિસ્ફોટ થયો હતો, જેના કારણે પુલનો એક ભાગ ક્ષતિગ્રસ્ત થયો હતો, જો કે આ વિસ્ફોટમાં કોઈ જાનહાનિ થઈ નથી.

દરમિયાન, મસ્તુંગના ખુડકોચા વિસ્તારમાં એક મુસાફરી કોચ પર ફાયરિંગમાં એક મહિલા અને બે બાળકો સહિત છ લોકો ઘાયલ થયા હતા. મસ્તુંગના મદદનીશ કમિશનર અકરમ હરિફાલે જણાવ્યું હતું કે ઘાયલોને ઘોસ બખ્શ મેમોરિયલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

# મણિપુર હિંસાના બે વર્ષ પૂરા અનેક જિલ્લામાં સજ્જડ બંધ પળાયો

**સમય મિરર | ઈમ્ફાલ**

મણિપુરના ઈન્ફાલ ઘાટીમાં શનિવારે સામાન્ય જન જીવન પૂરી રીતે ઠપ રહ્યું હતું, કારણ કે, વિવિધ સંગ-ઠનોએ ૩ મે ૨૦૨૩ના રોજ ફાટી નીકળેલી જાતિય હિંસાને બે વર્ષ પૂરા થયા પર 'સિન્થા લેપ્પા'નું આહ્વાન કર્યું હતું, એટલે કે, દૈનિક પ્રવૃત્તિઓનો સંપૂર્ણ રીતે બહિષ્કાર કર્યો હતો.

શૈક્ષણિક અને વ્યાવસાયિક સંસ્થાઓ દિવસભર બંધ રહ્યા હતા. આ ઉપરાંત જાહેર પરિવહન સેવાઓ પણ ઠપ્પ રહી હતી, રસ્તા પર એકાદ-બે ખાનગી વાહનો જોવા મળતા હતા. કોઈ પણ સંભવિત અશાંતિને જોતા રાજધાનીના મહત્ત્વપૂર્ણ સ્થાનો પર સુરક્ષા દળોને તહેનાત કરવામાં આવ્યા હતા. ખુમાન લમ્પક સ્ટેડિયમ ખાતે 'મણિપુર પીપલ્સ કન્વેન્શન'નું આયોજન કરી રહેલી કોઓર્ડિનેશન કમિટી ફોર યુનિટી ઇન મણિપુર (COCOMI) એ લોકોને અપીલ કરી હતી કે, તેમની રોજિંદી પ્રવૃત્તિઓ બંધ કરીને મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં હાજરી આપે. આ કાર્યક્રમનું આયોજન રાજ્યમાં ચાલી રહેલા સંકટ પર ચિંતન કરવા અને હિંસાથી અસરગ્રસ્ત લોકોને શ્રદ્ધાંજલિ આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવ્યો છે. દિવસભરના કાર્યક્રમ તરીકે સાંજના સમયે કાંગલા નોંગપોક થોંગ ખાતે મીણબત્તી પ્રગટાવીને હિંસામાં જીવ ગુમાવનારાઓને શ્રદ્ધાંજલિ આપી હતી. ચુરાચંદપુર અને કાંગપોકપી જિલ્લામાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી, ત્યા પણ જનજીવન ખોરવાયું હતું. અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ જિલ્લાઓમાં પણ તમામ શૈક્ષણિક અને વ્યવસાયિક સંસ્થાઓ બંધ રહ્યા હતા. 'સિન્થા લેપ્પા' ના આહ્વાનને લોકો તરફથી વ્યાપક પ્રમા-ણમાં સમર્થન મળ્યું છે, જે દર્શાવે છે કે બે વર્ષ પહેલાં રાજ્યમાં ફાટી નીકળેલી હિંસાના ઘા હજુ પણ લોકોના હૃદયમાં તાજા છે.

# પહેલગામ હુમલો સ્થાનિક સમર્થન વગર શક્ય નથી : ફારુક અબ્દુલ્લા

### પૂર્વ CM નું નિવેદન કાશ્મીરી છાત્ર અને વેપારીઓ માટે ખતરોઃ મહેબુબા મુફ્તી

**સમય મિરર | શ્રીનગર**

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે જમ્મુ અને કાશ્મીરમાં સતત નિવેદનબાજી ચાલી રહી છે. જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે આ આતંકવાદી હુમલામાં સ્થાનિક સમર્થન હતું.

તેમણે કહ્યું, 'મને નથી લાગતું કે આ બધી બાબતો ત્યાં સુધી થઈ શકે છે જ્યાં સુધી કોઈ તેમને સમર્થન ન આપે.' તેઓ ત્યાંથી આવ્યા, કેવી રીતે આવ્યા? પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીએ અબ્દુલ્લાના નિવેદન સામે સખત વાંધો ઉઠાવ્યો છે.

મહેબૂબાએ X પર લખ્યું - ફારુક અબ્દુલ્લા જેવા વરિષ્ઠ કાશ્મીરી નેતાનું આવું નિવેદન દેશના અન્ય ભાગોમાં રહેતા કાશ્મીરી વિદ્યાર્થીઓ, વેપારીઓ અને મજૂરો માટે ખતરો બની શકે છે.

તેમણે કહ્યું કે આનાથી કેટલાક મીડિયા ચેનલોને કાશ્મીરીઓ અને મુસ્લિમોને બદનામ કરવાની તક મળશે. ફારુક અબ્દુલ્લા શનિવારે પહેલગામ હુમલામાં માર્યા ગયેલા સૈયદ આદિલ હુસૈન શાહના ઘરે પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે કહ્યું- પહેલગામ પર હુમલો કરનારાઓએ માનવતાની હત્યા કરી છે. તેમના માટે નર્કના દરવાજા ખુલ્લા છે.

ફારુક અબ્દુલ્લાએ પહેલગામ હુમલાને સુરક્ષામાં ભૂલ ગણાવી. તેમણે કહ્યું, 'જ્યારે મૌલાના અઝહરને મુક્ત કરવામાં આવ્યો હતો.' મેં કહ્યું હતું કે તેને છોડો નહીં. પણ કોઈએ મારી વાત સાંભ-ળી નહીં. અઝહર કાશ્મીર જાણે છે. તેણે પોતાનો રસ્તો બનાવી લીધો છે અને કોણ જાણે છે, પહેલગામ હુમલામાં પણ તેનો હાથ હોઈ શકે છે. ફારુક અબ્દુલ્લાએ સિંધુ જળ સંધિની સમીક્ષાની પણ માંગ કરી. તેમણે કહ્યું કે જો પાણી આપણું છે, તો તેનો ઉપયોગ કરવાનો અધિકાર પણ આપણો હોવો જોઈએ. જમ્મુમાં પાણીની અછતને કારણે, ચેનાબમાંથી પાણી લાવવાની યોજના બનાવવામાં આવી હતી, પરંતુ વિશ્વ બેંકે સહયોગ આપ્યો ન હતો. હવે કામ ફરી શરૂ થવું જોઈએ.

# પંજાબના પૂર્વ CM ચરણજીતસિંહ ચન્નીએ ફરીથી સર્જીકલ સ્ટ્રાઈકના પુરાવા માંગ્યા

### કોંગ્રેસ વર્કિંગ કમિટિ (CWC)એ પાકિસ્તાની વર્કિંગ કમિટિ છે : ભાજપ

**સમય મિરર | ચંદીગઢ**

પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્નીએ શુક્રવારે (૨ મે, ૨૦૨૫) ૨૦૧૬ માં થયેલી સર્જિકલ સ્ટ્રાઈક અંગે કેન્દ્ર સરકાર પાસેથી પુરાવા માંગ્યા હતા. કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) ની બેઠકમાં હાજરી આપ્યા બાદ, તેમણે કહ્યું, ''જો આપણા દેશમાં બોમ્બ પડે છે, તો શું આપણને તેના વિશે ખબર નહીં પડે? તેઓ કહે છે કે અમે પાકિસ્તાનમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી હતી, પરંતુ કંઈ થયું નહીં. સર્જિકલ સ્ટ્રાઈક ક્યાંય દેખાઈ ન હતી, કોઈને તેના વિશે ખબર પડી ન હતી.'' ભાજપ સાંસદ સંબિત પાત્રાએ કહ્યું હતું કે, બહારથી, તેઓ કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) છે પણ અંદરથી, તેઓ PWC (પાકિસ્તાન કાર્યકારી સમિતિ) છે... ગઈકાલે CWC ની બેઠક યોજાઈ હતી, અને કેટલાક પ્રસ્તાવો પસાર કરવામાં આવ્યા હતા. તે પછી તરત જ, એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી, અને પંજાબના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્નીએ કહ્યું હતું કે પુલવામા આતંકવાદી હુમલા પછી ક્યારેય સર્જિકલ સ્ટ્રાઈક કરવામાં આવી ન હતી... કોંગ્રેસ પાકિસ્તાની આતંકવાદીઓ અને પાકિસ્તાની સેનાને ઓક્સિજન પૂરો પાડવાની કોઈ તક છોડતી નથી...'' ચરણજીત સિંહ ચન્નીના નિવેદનને લઈને દેશમાં ફરી એકવાર રાજકારણ ગરમાયું છે કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્નીએ કહ્યું, ''હું હંમેશા સર્જિકલ સ્ટ્રાઈકના પુરાવા માંગતો રહ્યો છું. પહેલગામ હુમલા પછી સરકારની ક્ષમતા પર પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. આજે દેશના લોકોના ઘા રૂઝાવવાની જરૂર છે. આખો દેશ રાહ જોઈ રહ્યો છે કે પાકિસ્તાનને ક્યારે જવાબ આપવામાં આવશે. ૧૦ દિવસ થઈ ગયા છે, સરકાર શું કરી રહી છે? ચરણજીત સિંહ ચન્નીના નિવેદનને લઈને દેશમાં ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. ચરણજીત સિંહ ચન્નીના નિવેદન બાદ ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું. તેમણે X પર પોસ્ટ કરીને કહ્યું, ''રાહુલ ગાંધીની કોંગ્રેસ પાકિસ્તાની આતંકવાદનો બચાવ કરવાનું ચાલુ રાખે છે. હવે ચરણજીત સિંહ ચન્ની આપણી સેના પર સવાલ ઉઠાવી રહ્યા છે. આ મહત્વપૂર્ણ સમયે કોંગ્રેસ આપણી સેનાનું મનોબળ કેમ ઘટાડી રહી છે? કોંગ્રેસ સીધા પાકિસ્તાન પાસેથી આદેશો લઈ રહી છે.'' શિવ-સેના (એકનાથ શિંદે) ના નેતા શૈના એનસીએ તેમના નિવેદન પર સવાલ ઉઠાવતા કહ્યું, ''કોંગ્રેસે આ સમયે દેશ સાથે ઉભા રહેવું જોઈએ પરંતુ તેઓ રાજકારણ કરી રહ્યા છે. કોંગ્રેસ લશ્કર-એ-તૈયબા જેવા જૂથોને પુરસ્કારો આપે છે. તે સ્પષ્ટ છે કે આ રાષ્ટ્ર વિરોધી માનસિકતા કોંગ્રેસની છે. તેઓ ભારત સાથે ઉભા નથી, તેઓ ફક્ત તેમનું રાજકારણ કરી રહ્યા છે.

# US-ઈરાનની મંત્રણા મોકુફીની જાહેરાત બાદ ટ્રમ્પની ધમકી

### ઈરાન પાસેથી જે દેશ ઓઈલ ખરીદશે તેની સાથે જોવા જેવી થશે

**સમય મિરર | નવી દિલ્હી**

ઈરાનના ઝડપથી વધતા પરમાણુ કાર્યક્રમ પર અમેરિકા અને ઈરાનની વચ્ચે થનારી મંત્રણા સ્થગિત કરી દેવામાં આવ્યા પછી અમેરિકાના પ્રમુખ ટ્રમ્પે ધમકી આપી છે કે જે પણ દેશ ઇરાન પાસેથી ઓઇલ ખરીદશે તેને પ્રતિબંધોનો સામનો કરવો પડશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે ઇરાનના ઓઇલ અને પેટ્રોકેમિકલ પ્રોડક્ટની ખરીદી હવે બંધ થવી જોઇએ. તેમણે જણાવ્યું હતું કે કોઇ પણ દેશ કે વ્યકિત ઇરાન પાસેથી ખરીદી કરશે તે અમેરિકા સાથે બિઝનેસ કરી શકશે નહીં.

સપ્તાહના અંતમાં અમેરિકા અને ઇરાન વચ્ચે થનારી મંત્રણા સ્થગિત કરી દેવામાં આવી હોવાની ઓમાનની જાહેરાત પછી અમેરિકાના પ્રમુખે આ ચેતવણી આપી છે. મંત્રણા સ્થગિત કરી દેવામાં આવી હોવાની જાહેરાત ઓમાનના વિદેશ પ્રધાન બદ્ર અલ બુસેઇજીએ સોશિયલ પ્લેટફોર્મ એક્સ પર કરી હતી. તેમણે જણાવ્યું હતું કે તાકિક કારણોને લીધે ૩ મે શનિવા-રના રોજ રાખવામાં આવેલી ઈરાન અને અમેરિકાની મંત્રણા રદ કરવામાં આવી છે. બંને દેશોની સંમતિ પછી નવી તારીખ જાહેર કરવામાં આવશે.

આ દરમિયાન ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બાઘે-ઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ઓમાનના વિદેશ પ્રધાનની વિનંતીને કારણે મંત્રણા મોકૂફ રાખવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈરાન વ્યાજબી અને કાયમી સમજૂતી કરવા માટે કટિબદ્ધ છે.

# HPના શિમલામાં વિવાદાસ્પદ સંજોલી મસ્જિદનો ગેરકાયદે હિસ્સો તોડી પડાશે

### વકફના વકીલ યોગ્ય દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળ

**સમય મિરર | શિમલા**

હિમાચલ પ્રદેશના વિવાદાસ્પદ સંજોલી મસ્જિદ કેસમાં શિમલા નગર નિગમ કમિશનર કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે બાકી બચેલી નીચેની બે માળની ઈમારતોને તોડી પાડવાનો આદેશ જારી કર્યો છે. વક્ફ બોર્ડના વકીલ મસ્જિદની જમીન પર માલિકી હકના યોગ્ય દસ્તાવેજો અને મસ્જિદનો નકશો રજૂ કરી શક્યા ન હતા અને ન તો તેઓ મજબૂતીથી પોતાનો પક્ષ રજૂ કરી શક્યા હતા.

નગર નિગમ કમિશનર કોર્ટમાં સંજોલી મસ્જિદ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં નગર નિગમ કમિશનરે બાકી બચેલી નીચેની બે માળની ઈમારતોને તોડી પાડવાનો આદેશ આપ્યો છે. વક્ફ બોર્ડે મસ્જિદની જમીન પર માલિકી હકના કાગળો કોર્ટમાં રજૂ કરવાના હતા,



સાથે જ મસ્જિદનો નકશો પણ કોર્ટને આપવાનો હતો. પરંતુ વક્ફના વકીલ ન તો યોગ્ય કાગળો આપી શક્યા ન તો મજબૂતીથી પોતાનો પક્ષ રજૂ કરી શક્યા.

વક્ફ બોર્ડના વકીલે કહ્યું કે આ જગ્યાએ મસ્જિદ ૧૯૪૭ પહેલાંની હતી, જેને તોડીને નવી બનાવવામાં આવી. સંજોલી લોકલ રેસિડેન્ટના વકીલ જગત પાલે કહ્યું કે નગર નિગમ કોર્ટે પૂછ્યું કે જો મસ્જિદ ૧૯૪૭ પહેલાંની હતી તો જૂની મસ્જિદને તોડીને નવી બનાવવા માટે નગર નિગમ પાસેથી નકશા સહિત અન્ય જરૂરી પરવાનગીઓ કેમ લેવામાં ન આવી. નિયમોને નેવે મૂકીને આખી મસ્જિદ બનાવવામાં આવી. પોણા કલાક સુધી ચાલેલી દલીલ બાદ કોર્ટે ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો. બપોરે એક વાગ્યા બાદ નગર નિગમ કમિશનર ભૂપિન્દર અત્રીએ ચુકાદો સંભળાવ્યો. જેમાં સ્પષ્ટપણે કહ્યું કે આખી મસ્જિદ ગેરકાયદેસર છે, જેને તોડી પાડવામાં આવે.

શિમલાના મટિયાણામાં યુવકોની મારપીટ બાદ સંજોલી મસ્જિદ વિવાદ ઉભો થયો હતો અને હિન્દુ સંગઠનોએ પ્રદર્શન કર્યું હતું. ૧૧ સપ્ટેમ્બરના રોજ સંજોલી મસ્જિદ કમિટીએ ગેરકાયદેસર ગણાતા ભાગને હટાવવ-ાની ઓફર કરી હતી. પાંચ ઓક્ટોબરના રોજ નગર નિગમ કમિશનરની કોર્ટે મસ્જિદના ત્રણ માળ તોડવાની મંજૂરી આપી હતી. ત્યારબાદ આ મામલે કમિશનર અને અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાં ઘણા સમય સુધી સુનાવણી ચાલી. અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશની કોર્ટમાંથી પણ મુસ્લિમ સમુદાયની તરફેણમાં નિર્ણય આવ્યો ન હતો.

# ગોવામાં ધાર્મિક યાત્રા દરમિયાન મચેલી ભાગદોડમાં ૭ ના મોત, 30 ઘાયલ

**સમય મિરર | પણજી**

ગોવાના શિરગાંવમાં જાત્રા દર-મયાન મચેલી ભાગદોડમાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત થયાના અહેવાલ છે જ્યારે ૩૦ લોકો ઘાયલ થયા હોવાનું કહેવાય છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ભાગદોડ લૈરાઈ જાત્રા દરમિયાન થઈ હતી. ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ અને ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કર્યા.

પોલીસની શરૂઆતની તપાસમાં ભાગદોડનું કારણ જાણી શકાયું નથી. આ ભાગદોડમાં માર્યા ગયેલા લોકોની ઓળખ હજુ સુધી થઈ નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે વહીવટીતંત્રે આ કાર્યક્રમ માટે મોટા પાયે વ્યવસ્થા કરી હતી. યાત્રા દરમિયાન કોઈ ખલેલ ન પહોંચે તે માટે એક ખાસ પોલીસ ટીમ પણ તૈનાત કરવામાં આવી હતી. ભીડ પર નજર રાખવા માટે વહીવટીતંત્ર દ્વારા



ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો.રાજ્યના આરોગ્ય પ્રધાન વિશ્વજીત રાણેએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૩૦ લોકો ઘાયલ થયા છે, જેમાંથી આઠની સ્થિતિ ગંભીર છે અને બેને બામ્બોલિમ સ્થિત ગોવા મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે જણાવ્યું હતું કે બે મહિલાઓ સહિત ચાર લોકોને માપુસાની ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલ-માં મળત હાલતમાં લાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે આઠ ઘાયલોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે ૧૦ ઘાયલોને સામાન્ય ઈજાઓ થઈ હતી. રાણેએ જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગે પરિસ્થિતિને સંભાળવા માટે તાત્કાલિક અને વ્યાપક પગલાં લીધાં છે.અમે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા સાથે સંકલન કર્યું અને ખાતરી કરી કે ઘટના પછી તરત જ પાંચ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી, જ્યારે ત્રણ વધુને ઉત્તર ગોવા જિલ્લા હોસ્પિટલમાં તૈનાત કરવામાં આવી હતી, તેમણે કહ્યું. રાણેએ જણાવ્યું હતું કે વધારાના ડોકટરો તૈનાત કરવામાં આવ્યા હતા અને સંકલિત સંભાળ પૂરી પાડવા માટે વેન્ટિલેટર સાથે એક સમર્પિત ICU સ્થાપિત કરવામાં આવ્યું હતું.ઘટનાની જાણ થતાં જ, મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે ઉત્તર ગોવાની જિલ્લા હોસ્પિટલ અને બિચોલિમ હોસ્પિટલની મુલાકાત લીધી અને પરિસ્થિતિનો તાગ મેળવી ઘાયલોને મળ્યા અને તેમની સારવાર વિશે માહિતી મેળવી હતી. તેમણે અકસ્માતની તપાસના આદેશ આપ્યા છે.

### ખેડૂત-શ્રમિક અને માલધારીના વેશમાં ભારત પર નજર રાખી રહ્યા છે પાક રેન્જર્સ

# ભારતની સરહદ નજીક પાકિસ્તાની સૈનિકો સ્થાનિકોના વેશમાં નિગરાની કરી રહ્યા છે

**સમય મિરર | નવી દિલ્હી**

એક ખાનગી મીડિયાની ટીમે સરહદ પર એવી તસવીરો કેદ કરી કે જે, પાકિસ્તાનના નાપાક ઈરાદાઓનો પર્દાફાશ કરે છે. આ તસવીરોમાં પાકિસ્તાની રેન્જર્સ સ્પષ્ટપણે નાગરિક વસ્ત્રો પહેરેલા અને ખેડૂતોના આડમાં ભારતીય સરહદની તપાસ કરતા જોઈ શકાય છે. પાકિસ્તાનના નાપાક ઈરાદાઓનો પર્દાફાશ કરે છે. આ તસવીરોમાં પાકિસ્તાની રેન્જર્સ સ્પષ્ટપણે નાગરિક વસ્ત્રો પહેરેલા અને ખેડૂતોના આડમાં ભારતીય સરહદની તપાસ કરતા જોઈ શકાય છે. એટલું જ નહીં પાકિસ્તાને સરહદ નજીક સ્થાપિત તેના મોબાઈલ ટાવર્સની રેન્જ પણ વધારી દીધી છે. જેથી જો તેઓ ઘૂસણખોરીનો કોઈ પ્રયાસ કરે તો તેમના આતંકવાદીઓ સરળતાથી તેમના હેન્ડ-લરોના સંપર્કમાં રહી શકે. આ ખુલાસામાં પાકિસ્તાનના સિયાલકોટ વિસ્તારના કેટલાક ઘરો પણ દર્શાવવામાં આવ્યા છે. સૂત્રો કહે છે કે, આતંકવાદીઓ આમાં આશરો લઈ રહ્યા છે. આશ્ચર્યજનક વાત એ છે કે. આ ઘરોની આસપાસના આખા ગામને ખાલી કરાવી દેવામાં આવ્યું છે. આ સિયાલકોટનો એ જ કુખ્યાત વિસ્તાર છે જેનો ઉપયોગ લાંબા સમયથી આતંકવાદીઓ માટે લોન્ચિંગ પેડ તરીકે કરવામાં આવે છે.

એવું માનવામાં આવે છે કે પહેલગ-ામ હત્યાકાંડ પછી તેને ભારત તરફથી સંભવિત બદલો લેવાનો ડર છે. મીડિયા રિપોર્ટ અનુસાર પાકિસ્તાની સરહદી ચોકીઓ પરથી સૈનિકો ગાયબ હતા અને ચોકીઓ ખાલી પડી હતી. તેનાથી વિપરીત પાકિસ્તાની સૈનિકો અને રેન્જર્સ નાગરિક વસ્ત્રોમાં સરહદ નજીક પાક લણતા ખેડૂતો સાથે ભળી રહ્યા છે અને જાસૂસી કરી રહ્યા છે. તસવીરોમાં બાઇક પર સવાર શંકાસ્પદ માણસો પણ જોવા મળે છે અને જવાનો પણ બક-રીઓના ટોળામાં સ્થાન બદલતા જોવા મળે છે, જેઓ ગુપ્ત રીતે નજર રાખી રહ્યા હતા. સિયાલકોટ સરહદ પર રેન્જર્સની વારંવારની હિલચાલ કેમેરામાં કેદ થઈ ગઈ છે. આ તેમની શંકાસ્પદ પ્રવૃત્તિઓની પુષ્ટિ કરે છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, પાકિસ્તાની સૈનિકો હવે નિયંત્રણ રેખા તેમજ આંતરરાષ્ટ્રીય સરહદ પર નાગરિક વસ્ત્રોમાં ફરતા હોય છે. આનાથી ઘૂસણખોરી અને આતંકવાદી પ્રવૃત્તિઓની શક્યતા વધુ વધી ગઈ છે. આ પ્રવૃત્તિઓ પરથી સ્પષ્ટ થાય છે કે, પહેલગામ હત્યાકાંડ પછી પણ, પાકિસ્તાન તેની પ્રવૃત્તિઓથી બાકાત નથી રહ્યું અને ભારત વિરુદ્ધ કોઈ નાપાક ષડયંત્ર ઘડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### ૭૦૦૦ ચો.મી. જગ્યા પર કલેક્ટરનું બુલડોઝર ફરી વળ્યું

# રૈયા ગામ પાસે બાવન કરોડની સરકારી જમીન પર થયો ’તો કબજો

## ત્રણ મંડપ સર્વિસ, બેકરી, ચા-પાનની દુકાન સહિત કોમર્શિયલ દબાણ ખડકાઈ ગયા હતા



**સમય મિરર | રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટરપ્રભવ જોશીની સૂચના બાદ આજે સવારથી રૈયા ગામમાં આવેલ તુલસી સુપર માર્કેટની બાજુમાં ૫૨ કરોડથી પણ વધુની કિંમતની ૭૦૦૦ ચોરસ મીટર સરકારી જમીન મામલતદાર અજીત કુમાર જોશીએ ખાલી કરાવી કલેકટરને રિપોર્ટ કર્યો હતો.

ફાઈનલ પ્લોટ નંબર ૬૬/૦૧/૦૧ સર્વે નંબર પૈકીની ૧૮ હજાર ચોરસ મીટર જમીનમાંથી ૭૦૦૦ ચોરસ મીટર જમીન પર કોમર્શિયલ દબાણો ઊભા થયા હોવાના પશ્ચિમ મામલતદારના ધ્યાનમાં આવ્યું હતું. તેમણે પોતાની ટીમ મારફત સર્વે કરાવી કુલ ૧૦ જેટલા કોમર્શિયલ દબાણ કારોને નોટીસ ફટકારી હતી, અમૂકે ખાલી કર્યા હતા, જ્યારે અમુક ખાલી ન કરતા આજે પોલીસ બંદોબસ્ત તથા મામલતદારના સ્ટાફને સાથે રાખી બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું અને ૫૨ કરોડથી વધુની કિંમતની ૭૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. જીસીબીની ટીમએ કનેકશન કાપી નાખ્યા હતા. આ જમીન ઉપર બે થી ત્રણ મંડપ સર્વિસ,બેકરી, ચા અને પાનની દુકાનો સહિતના કોમર્શિયલ બાંધકામો થઈ ગયા હોવાનું મામલતદાર કચેરીના ધ્યાને આવ્યું હતું. આજે ઓપરેશનમાં મામલતદાર અજીત જોશી,સર્કલ ઓફિસર દિલીપભાઈ પાદરીયા તથા ચાર મહિલા તલાટીઓ સર્વશ્રી તોહલ ગઢવી, માધુરી વાઢેર, ગુંજન ત્રિવેદી અને પૂનમ કોરાટ પણ સાથે રહ્યા હતા.

### રાજકોટમાં ૩૯ પેઢીના કહેવાતા મિનરલ વોટરમાં ઘાતક બેકટેરિયા નીકળ્યા

# મિનરલ વોટરના નામે ‘ઝેર’ વેચાણનો પર્દાફાશ

## ૪૪ સેમ્પલ લેબોરેટરીમાં ફેઈલ, યુનિટ તાત્કાલિક બંધ કરવા આદેશ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં ઉનાળા સહિતના દિવસોમાં હવે મીનરલ વોટરનું ધુમ વેંચાણ થઇ રહ્યું છે અને નોંધણી વગરની બ્રાન્ડના પાણીના જગ અને બોટલના ધુમ વેચાણ થઇ રહ્યા છે ત્યારે પાણીજન્ય રોગચાળો રોકવા મનપાની આરોગ્ય શાખાએ શહેરની આઇસ ફેકટરી અને પાણીના જગના વિતરકો પર દરોડા પાડયા છે. કુલ ૪૯ જગ્યાએથી સેમ્પલ લઇને પરીક્ષણ કરવામાં આવતા ૪૪ સેમ્પલમાં બેકટેરીયા વધુ હોવાના કારણે આ બરફ અને પાણી પીવા માટે સંપૂર્ણ સલામત નહીં હોવાના અભિપ્રાય આવ્યા છે. કુલ ૪૯ સેમ્પલમાં ત્રણના રીપોર્ટ એકસેલન્ટ, બેના સંતોષકારક આવ્યા છે. તો પાંચના મધ્યમ અને ૩૯ તો સંતોષકારક જ નહીં હોવાનું જાહેર કરાયું છે. મહાપાલિકાની આરોગ્ય



શાખાએ જાહેર કરેલી વિગત મુજબ એમએનપી કાઉન્ટમાં કોલીફોર્મ કાઉન્ટ/૧૦૦ એમએલ પ્રમાણે ૦(શૂન્ય) એટલે એક્સેલન્ટ, ૧ થી ૩ ને સેટીસફેક્ટરી, ૪ થી ૯ ને ઈન્ટરમીડીએટ અને ૧૦ કે તેથી વધુને અનસેટીસફેક્ટરી ગણવામાં આવે છે.

તેમાં જુદી જુદી બ્રાન્ડના નમુના લઈ પરીક્ષણ કરાવાયા હતા. આ પૈકી માનવ મિનરલ વોટર, વિજય મિનરલ વોટર, લીઓ ફ્રેશ વોટરના સેમ્પલ એકસેલન્ટ આવ્યા છે. તો સેટીસફેક્ટરી એટલે કે સંતોષકારક રીપોર્ટમાં પ્રાંજલ વોટર સપ્લાયર, વાલજીભાઈ શિયાણી (કેવડાવાડી શેરી નં.૧૦)નો સમાવેશ થાય છે. આ ઉપરાંત ઈન્ટરમીડીએટ રીપોર્ટ જીજલ સેલ્સ, દિલીપસિંહ જાડેજા (સોરઠીયાવાડી-૭), દિલીપ વાળી (પટેલનગર-૩), શીતલ મિનરલ વોટર, દેવ વોટર સપ્લાયના આવ્યા છે.

આરોગ્ય અધિકારી ડો. વકાણીએ જણાવ્યું હતું કે, ઈન્ટરમીડીએટ તેમજ અનસેટીસફેક્ટરી રીઝલ્ટ આવેલ તમામ પાણી, બરફ વિતરકોને વિતરણ ન કરવા તાકીદ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ કલેક્શનની કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે.

### આ બ્રાન્ડનું પાણી એટલે ધીમું ઝેર

રાજકોટમાં જે ૩૯ પેઢીના પાણીના સેમ્પલમાં બેકટેરીયા વધુ દેખાયા છે અને સંપૂર્ણ શુધ્ધતા દેખાઇ નથી તેમાં દ્વારકેશ ડ્રીન્કીંગ વોટર, વિરાજ ડ્રીન્કીંગ વોટર, ક્રીશ ડ્રીન્કીંગ વોટર, દેવરાજ ડ્રીન્કીંગ વોટર, ઓમ ચીલ્ડ વોટર, જે.ડી. વોટર સપ્લાયર, શિવ ડ્રીન્કીંગ વોટર, સુરેશ છાપરા (પટેલનગર-૨), દિપક ભુવા (નવદુર્ગા 30 ફુટ રોડ), મોહસીન અસરફ લિંગડીયા (મહેશ્વરી-૩), ફારુક હુસેન આંબલીયા (અંકુર સોસાયટી મેઈન રોડ), સોહિલ સબીર પરમાર (જંગલેશ્વર મેઈન રોડ), યાસીન હસન નોતિયાર (જંગલેશ્વર-૨), અસલમ સતાર ઓડિયા (સિયાણીનગર મેઈન રોડ), જય શ્રી ચામુંડા, માધવ વોટર, કમલેશભાઈ (વૈશાલીનગર), ભાગ્યોદય ફુડ એન્ડ બેવ-રેજીસ, ગુજરાત વોટર, લોધેશ્વર આઈસ ડેપો, સંજયભાઈ જીવણભાઈ કોરાટ, મોમાઈ મીનરલ વોટર, એક્વાફ્રેશ, પ્યોર ડ્રીન્કીંગ વોટર, દ્વારકાધીશ વોટર સપ્લાય, જીવનદીપ એન્ટરપ્રાઈઝ, મેહતા ડ્રીન્કીંગ વોટર, ક્રિષ્ના વોટર, પ્રકાશ ડાંગર (કોઠારીયા કોલોની), ગંગોત્રી મિનરલ વોટર, શક્તિ મિનરલ વોટર, રાજ મિનરલ વોટર, બંસી વોટર સપ્લાય, આદિત્ય મિનરલ વોટર, રાજ ડ્રીંક વોટર, બેસ્ટ વોટર, રામ આર.ઓ. વોટર સપ્લાય, બંસી આર.ઓ. વોટર સપ્લાય, ઝરણા વોટર સપ્લાયનો સમાવેશ થાય છે.

# રાજકોટની સરકારી કચેરીઓમાં બોર રિચાર્જ અભિયાનનો થયો પ્રારંભ

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિ




**સમય મિરર | રાજકોટ**

ભારત સરકારના જળ મંત્રાલયના માર્ગદર્શન માં અને રાજ્ય સરકાર સાથે સંકલિત થઈને જળ સંચયની પરિણામલક્ષી પ્રવળત્તિ કરતી ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૬૫૦ થી વધુ બોર રિચાર્જ કરવામાં આવ્યા છે, આજથી સીટી પ્રાંત-૧ની કચેરીના સહયોગથી રાજકોટ સ્થિત સરકારી કચેરીઓમાં આજથી બોર રિર્ચાજિંગ શરુ કરવામાં આવ્યું. કલેકટર પ્રભવ જોશીના પ્રત્યક્ષ સંકલનમાં સૌ અધિકારીઓ પણ આ બોર રિર્ચાજિંગમાં જોડાયા અને કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી આર પાટીલની કલ્પના પ્રમાણેનું ઉમદા કાર્યનો પ્રારંભ કરાયો છે. તસ્વીરમાં જૂની કલેકટર કચેરી ખાતે સીટી પ્રાંત-૧ ડો.ચાંદની પરમાર, શિરેસ્તેદાર શ્રી ભાલોડીયા અને અન્યો દ્વારા નવા બોરવેલ અંગેની કામગીરી શરૂ થઈ તે નજરે પડે છે.


# રાજકોટના કહેવાતા આધુનિક S.T. બસપોર્ટમાં પાણીના પરબ પણ બંધ

## મુસાફર હિતરક્ષક સમિતિએ અધિકારીઓના કાન આમળતા અંતે ચાલુ થયા

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ એસ.ટી. બસપોર્ટમાં પાણીના પરબ છાશવારે બંધ રહેતા મુસાફરો તરસે તરફડી રહ્યા છે. ન છુટકે વેંચાતુ પાણી પીવુ પડે છે. ગુજરાત એસ.ટી. મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલા, એડવોકેટ ઈન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પટેલ નાગજીભાઈ વિરાણી, જીગ્નેશભાઈ બોરડ, પટેલ જેન્તીભાઈ હિરપરા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, નારી સુરક્ષા સમિતિના સરલાબેન પાટડીયા, એસ.પી. રાજાણી, અહેસાનભાઈ ચૌહાણ, જીગ્નેશ પાટડીયાની સંયુક્ત યાદીમાં જણાવાયુ છે કે હાલ રાજકોટમાં ૧૩૩ વર્ષની રેકોર્ડબ્રેક ગરમી પડી રહી છે. ત્યારે આવી સ્થિતિમાં પણ બસપોર્ટ પર પાણીના પરબ પર પાણીનો અભાવ મુસાફરોને અકળાવી રહ્યો છે.

પહેલી મે એસ.ટી.ના સ્થાપના દિને એસ.ટી દ્વારા મુસાફરોને ૧,૦૦૦ લીટર છાશનું વિતરણ કરવામાં આવ્યું એ સરાહનીય કામગીરી કહેવાય. પરંતુ હાલ વેકેશનને પગલે બસપોર્ટ પર અંદાજે એકાદ લાખ મુસાફરોની અવરજવર રહે છે. તેમના માટે પીવાના પાણીની નકકર કોઇ વ્યવસ્થા નથી.




ગઈકાલે બપોરના ધોમ ધખતા તાપમાં મુસાફરોને પીવાના પાણી માટે વલખા મારવા પડયા હતા. એસ.ટી બસ પોર્ટના તમામ પરબો શોભાના ગાંઠીયા જેવા બની ગયા હતા. તમામ પરબો પર પાણીનું એક ટીપુંય આવતું નહોતું અને પાણી બંધ છે એ અંગેના કોઈ બોર્ડ પણ મારેલ ન હતા.અંગેની જાણ મુસાફર હિતરક્ષક સમિતિના ગજેન્દ્રસિંહ ઝાલાને થતા તેઓએ રૂબરૂ દોડી જઇ ટ્રાફિક કંટ્રોલર અને ફરજ પરના સ્ટેન્ડ ઇન્ચાર્જનું ધ્યાન દોર્યું હતુ. ત્યારબાદ થોડી કલાકો પછી પરબો ચાલુ કરવામાં આવ્યા હતા. પરંતુ કલાકો સુધી પાણી બંધ રહ્યું હતું તે અંગે જવાબદાર કોણ?

# માવઠાંની આગાહીથી રાજકોટ યાર્ડમાં માલ ઉતારતા પૂર્વે ઓનલાઈન રજીસ્ટ્રેશન

## યાર્ડ સત્તાધિશોએ ખેડૂતો માટે જાહેર કરી માર્ગદર્શિકા

**સમય મિરર | રાજકોટ**

આગામી ૬ દિવસ માટે માવઠાની આગાહીને લઈને ખેડૂતોમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. તેવામાં સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડ દ્વારા ખેડૂતોનો માલ ન પલળે તે માટેના વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. ખેડૂતોએ માલ ઉતારવા માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. વેપારીઓ તથા દલાલ સાથે સંકલન કરી કેટલો માલ ખરીદવામાં આવશે, તેની માહિતી એકઠી કરવામાં આવે છે.

વેપારીઓ દ્વારા ખેડૂતો પાસેથી જેટલો માલ ખરીદ કરવામાં આવે એટલો જ મંગાવવામાં આવે છે. ખેડૂતોને નુકસાન ન જાય તે માટે રાજકોટ માર્કેટિંગ યાર્ડ દ્વારા વ્યવસ્થાઓ કરવામાં આવી છે. શિયાળુ પાક ઘઉં, લસણ, જીરૂ અને ચણાની હાલમાં સિઝન ચાલી રહી છે. હાલમાં શિયાળુ પાકની મોટા પ્રમાણમાં આવક થઈ રહી છે. ખેડૂતોએ પોતાની જણસ છાપરામાં ઉતારવા




માટેની સૂચના અપાઈ છે.

હવામાન વિભાગે ગુજરાતમાં ૩ મે, ૨૦૨૫થી ૮ મે, ૨૦૨૫ સુધી કમોસમી વરસાદની આગાહી કરી છે, જેના કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં વાતાવરણમાં નોંધપાત્ર પલટો આવવાની શક્યતા છે. રાજસ્થાનમાં શરૂ થયેલા સાયક્લોનિક સર્ક્યુલેશનની અસર ગુજરાત પર પણ જોવા મળશે, ખાસ કરીને કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં. આ સમયગાળા દરમિયાન ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે, જેની સાથે પવનની ગતિ ૩૦થી ૩૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાનું અનુમાન છે.

૬ મે, ૨૦૨૫ના રોજ કમોસમી વરસાદની અસર રાજ્યના વધુ વિસ્તારોમાં ફેલાશે, જેમાં સૌરાષ્ટ્રના જિલ્લાઓનો પણ સમાવેશ થશે. હવામાન વિભાગની આગાહી મુજબ, કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટાઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, બોટાદ અને ગીર સોમનાથમાં વરસાદની શક્યતા છે. આ દિવસે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટાં પડી શકે છે.

### મવડીમાં બનેલા ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષનું સંચાલન ખુદ મનપા કરશે

# આ નક્કી જ હતું! KKV બ્રિજ નીચેના ગેઈમ (ડેથ) ગેમઝોનનું થશે ખાનગીકરણ

## સંચાલનના નામે કોઈ કોન્ટ્રાક્ટરને પધરાવી દેવાશે, દુર્ઘટના સર્જાય તો બચાવ માટેની ચાલાકી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રમત ગમતને પ્રોત્સાહન આપવા માટે મવડી ખાતે ઈન્ડોર સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ મુખ્યમંત્રીના હસ્તે થયા બાદ સંચાલન મુદ્દે કોકડુ ગુંચવાયુ હતું. સંસ્થાઓ દ્વારા વ્યવસ્થિત સંચાલન નહીં થાય તેવી ફરિયાદોના પગલે મનપાએ હવે ખુદ સંચાલન કરવાનો નિર્ણય લઈ તા. ૫ થી રજીસ્ટ્રેશન શરૂ કરવાની જાહેરાત કરી છે. જેની સામે કેકેવી બ્રીજ નીચે તૈયાર કરવામાં આવેલ વિવાદીત ગેમઝોન કે જેનું લોકાર્પણ આજ સુધી થયું નથી અને આ ગેમઝોનનો ભારે વિરોધ થયો છે. તેનું સંચાલન એજન્સીને સોંપવાનો નિર્ણય લઈ વિવાદથી બચવાનો પ્રયત્ન કર્યો હોવાનું જાણવા મળેલ છે. મહાનગરપાલિકા દ્વારા ગેમઝોન દુર્ઘટના માંથી સબક શિખ્યા બાદ પણ કેકેવી ઓવરબ્રીજ નીચે ફરી વખત ગેમઝોન તૈયાર કરાવવામાં આવ્યું છે. બન્ને બાજુ સર્વિસ રોડ હોવાના કારણે તેમજ બ્રીજ નીચે ઓછી જગ્યામાં ઝોન તૈયાર થયેલ હોય કાયમી અકસ્માતનો ભય ઝળુબતો હોવાના મુદ્દે શહેરીજનો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે કોંગ્રેસે પણ ગેમઝોન સ્થળે ધરણા યોજી આ ઝોન બંધ કરવામાં આવે તેવી માંગ ઉઠાવેલ છતાં ભવિષ્યમાં કોઈ જાતની દુર્ઘટના સર્જાય તો દોષનો ટોપલો તંત્ર ઉપર ન આવે તે માટે ગેમઝોનનું સંચાલન ખાનગી સંસ્થાઓ ને પધરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૨માં મવડી પાળ રોડ, રામધણ આશ્રમની પાસે, મવડી ખાતે રૂ.૨૩.૧૬ કરોડના ખર્ચે ૧૧૮૩૧.૦૦ ચો.મી. ક્ષેત્રફળના પ્લોટમાં નવું ઈન્ડોર સ્ટેડિયમ બનાવવામા આવેલ છે. આ નવા ઈન્ડોર સ્ટેડિયમમાં પ્રથમ તબક્કામાં કુલ-૪ સ્પોર્ટ્સ ફેસીલીટી આગામી તારીખ:૧૬-૦૫-૨૦૨૫થી શહેરીજનો માટે શરૂ કરવામાં આવે છે જેના માટે ઓનલાઇન મેમ્બરશીપ તારીખ:૦૫-૦૫-૨૦૨૫ના રોજથી www.rmc.gov.in પર જઈને રજીસ્ટ્રેશન કરાવી શકશે. સ્પોર્ટસ સંકુલમાં લોન ટેનિસ, બાસ્કેટ બોલ, વોલીબોલ, બેડમિન્ટન, કબડ્ડી, યોગ, જીમ, શૂટિંગ ૧૦ મી. રેન્જ, આર્ચરી અને સ્કવોશ માટે કોર્ટ અને હોલ તૈયાર કરાવમાં આવ્યા છે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

### સિટી-બીઆરટીએસ બસમાં આટલો ટ્રાફિક મળતો હોવા છતાં ખોટમાં શા માટે ? કોંગ્રેસે સવાલોના ચક્રવ્યુહ સાથે કમિશનરને ઘેરાવ કર્યો

# RMC કમિશનરના ટેબલે રમકડાંની બસ મુકાઈ! કોંગ્રેસ-પોલીસ વચ્ચે ઝપાઝપી



**સમય મિરર | રાજકોટ**

ઈન્દિરા સર્કલ ખાતે સીટીબસ દુર્ઘટના બાદ કોંગ્રેસ ડ્રાઈવર તેમજ એજન્સીની અને અધિકારીઓની જવાબદારી સહિતના મુદ્દે તંત્રને અનેક વખત રજૂઆતો કરવામાં આવી છે. તેવી જ રીતે હાલમાં હીટવેવના કારણે અનેક ઈલેક્ટ્રીક બસ બંધ થઈ જતાં મનપાને કરોડો રૂપિયાની ફોલ્ટ વાળી બસ પધરાવી દેવામાં આવી છે. તે સહિતના મુદ્દે કોંગ્રેસ દ્વારા આજે રમકડાની બસો લઈ મનપાની સેન્ટ્રલઝોન કચેરી ખાતે વિરોધ પ્રદર્શન કરી મ્યુનિસિપલ કમિશનરના ટેબલ ઉપર બસ દોડાવતા પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. છતાં કોંગ્રેસે એજન્સીને કેટલો દંડ કરવામાં આવ્યો છે તે સહિતની વિગત જાહેર કરવાની માંગ સાથે આવેદન પાઠવ્યું હતું.

શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ અતુલ રાજાણી અને વિરોધ પક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા ની આગેવાની હેઠળ કોંગ્રેસના ૫૦ જેટલા આગેવાનો મ્યુનિસિપલ કમિશનર કચેરી ખાતે ઘસી ગયા હતા અને ઉગ્ર સુત્રોચાર કરી ન્યાય આપો ન્યાય આપો પીડીતોને ન્યાય આપો, ભાજપનો ભ્રષ્ટાચાર બંધ



(તસ્વીર : દિવ્યરાજસિંહ સરવૈયા)

કરો, સીટી બસાં ચાલતી ખોટ અંગે ભ્રષ્ટાચારીઓને કડક સજા કરો સહિતના સૂત્રો સાથે કમિશનર કચેરી ગજવી મૂકી હતી અને કમિશનરને આવેદનપત્ર ની સાથે રમકડાની બસો અર્પણ કરી કમિશનરના ટેબલે બસો મુકતા વિજીલન્સ પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી.

વધુમાં પત્રમાં જણાવ્યું હતું કે, શહેરમાં ૨૨૪ સીટી બસ તેમાં સીએનજી શો અને ઇલેક્ટ્રીક ૧૨૪ બસો નિયમિત દોડતી હતી અને વર્ષ ૨૦૨૨-૨૩ માં ૧૭ કરોડ વર્ષ ૨૦૨૩-૨૪ માં રૂપિયા ૨૦ કરોડ અને વર્ષ ૨૦૨૪-૨૫ માં ૨૮.૩૮ કરોડની ખોટ દર્શાવે છે. દિલ્હીની કંપનીની બસો છે. અને કોન્ટ્રાક્ટ પણ તે કંપની ધરાવે છે.

સીટી બસોમાં ટ્રાફિક હોવા છતાં આટલી મોટી ખોટ કરતી હોય ત્યારે તપાસ થવી જોઈએ કે ખોટ કયા કારણોસર થઈ રહી છે. અમારી માંગ છે કે જે બસો ગરમ થઈ અને બંધ પડી છે તે તમામ રીપ્લેસમેન્ટ થવી જોઈએ અને તેને બદલે નવી બસો મુકાવી જોઈએ. ગત ઉનાળામાં બસો ચાલુ હતી તો આ ઉનાળે બંધ કેમ થઈ ? કયારેક ડ્રાઈવરોની હડતાલ અને કયારેક ટેકનિકલ ફોલ્ટને કારણે બંધ તો એજન્સીને પેનલ્ટી કેમ નહીં ? ઓવર હીટીંગ નું કારણ તાપમાન કે બીજો કોઈ ફોલ્ટ ? કંગાળ સેવા બદલ એજન્સીને બ્લેકલિસ્ટ શા માટે નથી કરાતી ? જુલાઈ ૨૦૨૨ માં વિશ્વમ સીટી બસ સાથે કોન્ટ્રાક્ટ બાદ અનેક નોટિસો છતાં કડક પગલાં નહીં એજન્સીને આપેલ નોટિસો અને કરવામાં આવેલી પેનલ્ટીની માહિતી આપશો. તેની માંગ કરવામાં આવી છે. આજના કાર્યક્રમમાં અતુલ રાજાણી, વશરામભાઈ સાગઠીયા, સંજયભાઈ અજુડીયા, રાજદીપસિંહ જાડેજા, દીપ્તિબેન સોલંકી, ડી પી મકવાણા ,વિજયસિંહ જાડેજા, શાંતાબેન મકવાણા, નાગજીભાઈ વિરાણી, મનીષાબા વાળા, ભાવેશભાઈ બોરીચા, તુષારભાઈ નંદાણી, મીનાબેન જાદવ, યૂનુશભાઈ જુણેજા, ગજેન્દ્રસિંહ ઝાલા, અશોકભાઈ વાળા, અજીતભાઈ વાંક, કનુભાઈ રોજાસરા, દીપકભાઈ પરમાર, લાખાભાઈ ઊંઘાડ, જીતુભાઈ ઠાકર, ગોપાલભાઈ અનડકટ, જેન્તીભાઈ હિરપરા, જલ્પેશ વાઘેલા, જીગ્નેશ બોરડ, રવજીભાઈ ખીમસુરીયા, દિલીપભાઈ આસવાણી, ચિંતનભાઈ દવે, જીગ્નેશ પાટડીયા, રાજુ ઉમરાણીયા, મયુરસિંહ પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રીલેખ



# માર્ક કાર્નીની જીત બાદ કેનેડામાં ભારતીયોની સ્થિતિ સુધરશે

કેનેડામાં લિબરલ પાર્ટીએ સંસદની ચૂંટણીમાં સંસદની ૩૪૩માંથી ૧૬૯ બેઠક જીતતાં સ્પષ્ટ બહુમતી નથી મળી પણ ૧૭૨ બેઠકના બહુમતી આંકડાથી માત્ર ૩ બેઠક ઓછી મળી છે તેથી માર્ક કાર્નીની સરકાર આખી ટર્મ પૂરી કરશે એ નક્કી છે. લિબરલ પાર્ટીની મુખ્ય હરીફ કન્ઝર્વેટિવ પાર્ટી ફક્ત ૧૪૪ બેઠક જીતી શકી છે. કન્ઝર્વેટિવ પાર્ટી માટે ખરાબ વાત એ છે કે, પાર્ટીના નેતા પિયર પોઈલીવરે પોતે લિબરલ પાર્ટીના ઉમેદવાર સામે હારી ગયા છે તેથી લિબરલ પાર્ટી જોરમાં છે.

અમેરિકા અને કેનેડા વચ્ચે ચાલી રહેલી ટેરિફ વોર વચ્ચે કેનેડામાં લિબરલ પાર્ટીની જીત થતાં ડોનલ્ડ ટ્રમ્પને વધુ એક ફટકો પડયો છે કેમ કે ટ્રમ્પ વિરોધી માર્ક કાર્ની ફરી વડા પ્રધાન બનશે. લિબરલ પાર્ટી આ જીત સાથે ચોથી વખત સત્તામાં આવી છે.

આ પરિણામો અમેરિકા અને ખાસ તો ડોનલ્ડ ટ્રમ્પ માટે મોટા ફટકા સમાન છે કેમ કે માર્ક કાર્ની ઘોર અમેરિકા વિરોધી છે. અમેરિકાના પ્રમુખપદે ડોનલ્ડ ટ્રમ્પની એન્ટ્રી પછી કેનેડાના તત્કાલિન વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને વારંવાર અપમાનિત કરીને તેમને વિદાય થવાની ફરજ પાડી હતી. ટ્રુડોના સ્થાને ડોનલ્ડ ટ્રમ્પ પોતાની કઠપૂતળી જેવા કોઈને વડા પ્રધાન બનાવવા માગતા હતા પણ લિબરલ પાર્ટીએ માર્ક કાર્નીને પસંદ કરીને ટ્રમ્પને ફટકો મારી દીધેલો.

ટ્રુડોના સ્થાને આવેલી માર્ક કાર્ની પહેલેથી અમેરિકા વિરોધી છે તેથી ટ્રમ્પ ઈચ્છતા હતા કે, માર્ક કાર્ની ચૂંટણીમાં હારી જાય પણ ટ્રમ્પની આ મનસા ફળી નથી. કાર્ની વડા પ્રધાન બન્યા ત્યારે લિબરલ પાર્ટીની જીતની શક્યતાઓ ખૂબ ઓછી હતી. લોકપ્રિયતા રેટિંગમાં માત્ર ૨ ૫ ટકા પોઈન્ટ સાથે લિબરલ પાર્ટી ફરી સત્તામાં નહીં આવે એવું લાગતું હતું પણ માર્ક કાર્નીએ અમેરિકા સામે આકરુ વલણ અપનાવીને બાજી પલટી નાંખી.

ડોનલ્ડ ટ્રમ્પે કેનેડા પર ૨૫ ટકા ટેરિફ લાદ્યા તો કાર્નીએ વળતો જવાબ આપીને અમેરિકાના માલ પર ૨૫ ટકા ટેરિફ લાદી દીધા. કાર્નીએ અમેરિકા સામે જેવા સાથે તેવાની નીતિ અપનાવીને જોરદાર જવાબ આપ્યો તેના કારણે કેનેડાની પ્રજા

તેમના પર વારી ગઈ અને તેમને ફરી સત્તા સોંપી દીધી.

કાર્નીએ ચૂંટણી પ્રચાર દરમિયાન પણ સતત કહેલું કે, હું ફરી સત્તામાં આવીશ તો ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરીશ. કાર્નીએ અમેરિકા સાથેના સંબંધો મર્યાદિત કરવાનો સંકેત આપીને કહેલું કે, કેનેડા હવે પોતાના વ્યાપારી સંબંધોમાં વિવિધતા લાવવા માગે છે અને પોતાના જેવી માનસિકતા ધરાવતા દેશો સાથે પોતાના વ્યાપારી સંબંધો મજબૂત કરવા માગે છે. કાર્ની એ અમેરિકા ભારતને પોતાના માલ પર ટેરિફ ઓછો કરવા માટે દબાણ કર્યા કરે છે એ સંદર્ભમાં કાર્નીએ કહેલું કે, ભારત સાથેના સંબંધો ફરી મજબૂત કરવાની પુષ્કળ તકો છે.

કાર્ની ફરી પ્રમુખ બનતાં પોતાનું વચન પાળશે એવી આશા રાખી શકાય. કાર્ની એ વચન પાળી શકે તેમ પણ છે કેમ કે કાર્ની ભારતના અર્થતંત્રને સારી રીતે સમજે છે.

માર્ક કાર્નીએ એ જ આકરા તેવર ચાલુ રાખ્યા છે અને પોતાની જીત પછીના પોતાના પહેલા ભાષણમાં કાર્નીએ યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કેનેડાના સંબંધોનો અંત લાવવાની જાહેરાત કરી દીધી. કાર્નીએ એલાન કર્યું કે અમેરિકાએ દગો આપ્યો છે અને કેનેડા આ વાત ક્યારેય ભૂલશે નહીં. અમેરિકા સાથેના આપણા જૂના સંબંધો એકતા પર આધારિત હતા પણ હવે સમાપ્ત થઈ ગયા છે. બીજા વિશ્વયુદ્ધથી કેનેડા અમેરિકા પર આધાર રાખતું આવ્યું છે. અમેરિકાએ આપણા દેશને ઘણા વર્ષો સુધી સમૃદ્ધિ આપી હતી પણ હવે યુએસની વૈશ્વિક વેપાર નીતિ બદલાઈ રહી છે તેથી આપણી સામે નવી વાસ્તવિકતા છે. અમેરિકાના વિશ્વાસઘાતના આઘાતમાંથી આપણે બહાર આવી ગયા છીએ પણ આપણે આ પાઠ ક્યારેય ભૂલવો જોઈએ નહીં.

કાર્નીના પ્રવચન પરથી સ્પષ્ટ સંકેત મળે છે કે, કેનેડા હવે અમેરિકા પર નિર્ભર રહેવાની નીતિ છોડીને આગળ વધી રહ્યું છે. કેનેડા માટે તો આ સારો સંકેત છે જ પણ ભારત માટે પણ આ સારો સંકેત છે કેમ કે કાર્ની વડા પ્રધાન બન્યા પછી તેમણે ભારત સાથેના સંબંધો સારા રાખવાની તરફેણ કરી હતી.

કાર્ની પહેલાં બ્રુક્સફિલ્ડ એસેટ મેનેજમેન્ટમાં કામ કરી ચૂક્યા છે. બ્રુક્સફિલ્ડનું ભારતમાં રીયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રીન્યુએલ એનર્જી, પ્રાઈવેટ ઈક્વિટી વગેરે ક્ષેત્રોમાં લગભગ ૩૦ અબજ ડોલરનું રોકાણ છે અને બ્રુક્સફિલ્ડને ભારતમાંઃ અલગ અલગ સેક્ટરમાં મોટા ભાગનું રોકાણ કાર્ની એ : કરાવેલું. તેના કારણે ભારતમાં કરેલું રોકાણ ઉગી નિકળે છે . અને ભારતમાં કમાણીની પુષ્કળ તકો છે તેનો તેમને પાકોઃ અનુભવ છે. કેનેડા-ભારતના સંબંધો મજબૂત થાય તો કેનેડાને ભારે ફાયદો થશે તેની તેમને બરાબર ખબર છે તેથી કાર્નીઃ ભારતને માટે ફાયદાકારક સાબિત થશે તેમાં શંકા નથી.

ભારત માટે એક સારી વાત પાછી ખાલિસ્તાનવાદીઓને મળેલી પછડાટ છે. ખાલિસ્તાનવાદીઓને પંપાળતી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) ખરાબ રીતે હારી ગઈ છે. પાર્ટી પોતાનો રાષ્ટ્રીય પક્ષનો દરજજો પણ ગુમાવી શકે છે, કારણ કે રાષ્ટ્રીય પક્ષ બનવા માટે ઓછામાં ઓછી ૧૨ બેઠકો જીતવી જરૂરી છે. ખાલિસ્તાનવાદી નેતાઓ માટે આ કારમી પછડાટ છે.

વધારે મોટી પછડાટ એ છે કે, ખાલિસ્તાનની માગણીનો સમર્થક અને અગ્રણી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP)નો નેતા '' જગમીત સિંહ પોતે પોતાની બેઠક હારી ગયો છે. જગમીત : બ્રિટિશ કોલંબિયાના બર્નાબી સેન્ટ્રલની બેઠક પર લિબરલ ઉમેદવાર વેડ ચાંગ સામે હારી ગયો. હાર્યા પછી ધ્રૂસકે ધ્રૂસકે મેં રડી પડેલા જગમીતે બહુ નાટક કર્યાં પણ મતદારોએ તેને : પાઠ ભણાવી દીધો છે. જસ્ટિન ટ્રુડોએ હળાહળ ભારત વિરોધી વલણ અપનાવ્યું હતું કેમ કે ખાલિસ્તાનવાદીઓના ટેકાથી તેમની પાર્ટી ટકેલી હતી. ૨૦૨૧ની ફેડરલ ચૂંટણીમાં એનડીપીએએ ૨૫ બેઠકો . જીતી તેથી કેનેડાની લોકસભા જેવી હાઉસ ઓફ કોમન્સમાં : ચોથો સૌથી મોટો પક્ષ બન્યો હતો. લિબરલ પાર્ટીને બહુમતી ન મળતાં ટ્રુડોએ એનડીપીના ટેકાથી સરકાર ચલાવવી પડતી હતી તેથી ટ્રુડો તેમની સામે વારંવાર ઝૂક્યા કરતા હતા.

કાર્ની ખાલિસ્તાનવાદીઓના ઓશિયાળા નથી તેથી તેમણે ખાલિસ્તાનવાદીઓ નારાજ થઈ જશે તેની ચિંતા કરવાની : જરૂર નથી. આ કારણે ભારત સાથેના સંબંધો ફરી મજબૂત : કરીને ભારત અને કેનેડા બંનેને ફાયદો કરાવશે એવી આશા વધારે પડતી નથી.

બીજી તરફ ભારતથી કેનેડા અભ્યાસ માટે ગયેલા છાત્રોએ પણ માર્ક કાર્નીએ સત્તા સંભાળતા રાહતનો શ્વાસ લીધો છે. કેમ કે ભારતીય છાત્રો માટે કડક બનાવાયેલા નીયમોને કારણે અભ્યાસ કરતા યુવકો માટે અનેક પ્રતિબંધનાત્મક આદેશો જાહેર કરવામાં આવ્યા હતાં. કાર્ની તેને થોડા હળવા બનાવશે તેવો આશાવાદ જાગ્યો છે. મકાનોના રેન્ટ (ભાડા) ઘરી જવાની સ્થિતિને લઈને પણ હજારો લોકો વિદાય લીધેલી સરકારથી નારાજ હતી. જે તમામ છાત્રોને હવે રાહત રહેશે.

# ત્રણ દાયકા પહેલા જમ્મુ-કાશ્મીરમાં વિદેશી પ્રવાસીઓને બંધક બનાવી બાદમાં તેની હત્યા કરવામાં આવી હતી

## જૈશ-એ-મોહમદના સ્થાપક અઝહર મસુદને ભારતની કેદમાંથી છોડાવવા માટે આ વિદેશીઓના અપહરણ કરાયા હતા. આ એ જ અઝહર મસુદ છે જેને બાદમાં કંદહારકાંડ વખતે ભારતે મુક્ત કર્યો હતો

કાશ્મીરના પહલગામમાં પ્રવાસીઓ પર હુમલામાં ૨૬ લોકોનાં મૃત્યુ થયાં છે ત્યારે ત્રણ દાયકા પહેલાં જમ્મુ-કાશ્મીરની ધરતી પર ઘટેલી છ વિદેશી પ્રવાસીઓના અપહરણની એક ભેદી અને ખૌફનાક કહાણીની યાદ તાજા થઈ છે.

તાજેતરની પહલગામની હુમલાની ઘટના અને આજથી ત્રણ દાયકા પહેલાં- ૧૯૯૫માં બનેલી પ્રવાસીઓના અપહરણની ઘટના વચ્ચે સમાનતા છે. એક તો આ કહાણીના તાર પણ પહલગામ સાથે જોડાયેલા છે. ૧૯૯૫માં પણ ઉગ્રવાદીઓએ પ્રવાસીઓને ટાર્ગેટ કર્યા હતા. વધુ એક સામ્યતા એ જોવા મળે છે કે તાજેતરમાં થયેલા પહલગામ હુમલામાં મહિલાઓને બાકાત રાખવામાં આવી હતી. ૧૯૯૫ની ઘટનામાં પણ મહિલાઓને જીવિત રાખવામાં આવી હતી અને માત્ર પુરુષોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

૧૯૯૦ના દાયકામાં જમ્મુ-કાશ્મીરમાં અલગાવવાદ ચરમ પર પહોંચી રહ્યો હતો ત્યારે વિદેશી પ્રવાસીઓના અપહરણની ઘટના બની હતી જેણે આખા વિશ્વમાં ખળભળાટ મચાવી દીધો હતો. આ આખી ઘટના પરથી પત્રકારો એડ્રિયન લેવી અને કેથી સ્કોટ કલાર્કે 'ધ મેડોઃ કાશ્મીર ૧૯૯૫- વેર ધ ટેરર બિગેન' નામનું સંશોધન આધારિત એક પુસ્તક લખ્યું છે. આ પુસ્તક પરથી ૧૯૯૫ અપહરણની ઘટનાની અજાણી બાબતો તરફ પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. આ આખી કહાણીના કેન્દ્રમાં અમેરિકા, બ્રિટન, જર્મની અને નોર્વેના એમ કુલ મળીને છ વિદેશી નાગરિકો છે. એક અમેરિકન દંપતી, ૪૨ વર્ષીય ડોનાલ્ડ હચિંગ્સ અને તેમનાં પત્ની જેન શેલી, કાશ્મીર ખીણના ઉપરના ભાગોમાં ૧૨ દિવસના ટ્રેક માટે પોતાના સામાન પેક કરી રહ્યાં હતાં. હચિંગ્સ, એક ન્યુરોસાયકોલોજિસ્ટ હતા. દર ઉનાળામાં, હચિંગ્સ તેમની પ્રેક્ટિસમાંથી એક મહિનાની રજા લેતા અને તેમનાં પત્ની જેન શેલી સાથે સ્વિટ્ઝર્લેન્ડ, બોલિવિયા અને ભારતમાં ટ્રેકિંગ કરતા હતા.

**પ્રસંગ રંગ** - પી.એન.જાડેજા

બીજી તરફ, ઈંગ્લેન્ડના ઉત્તર-પૂર્વ ભાગમાં, જૂલી અને કેથ મંગન પણ ટ્રેકિંગ માટે થનગની રહ્યાં હતાં. તો લેન્કેશાયરમાં, ૨૪ વર્ષીય ફોટોગ્રાફી વિદ્યાર્થી પોલ વેલ્સ તેમનાં ગર્લફ્રેન્ડ કેથરિન મોસેલીને જમ્મુ-કાશ્મીરમાં તેમની સાથે પ્રવાસ કરવા માટે મનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતા. આખરે પોલ વેલ્સ સફળ પણ થાય હતા. ત્રીજી બાજુ એક અમેરિકન, જોન ચાઈલ્ડ્સ, એક જર્મન ટ્રેકર ડર્ક હેસર્ટ અને નોર્વેજીયન નાગરિક હેન્સ



ક્રિશ્ચિયન ઑસ્ટ્રો કે જે કથકના વિદ્યાર્થી અને અભિનેતા-કવિ હતા, તેઓ પણ જમ્મુ-કાશ્મીરના પ્રવાસના આયોજનમાં લાગેલા હતા. આખરે સૌ કોઈ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહેલગામના લિદ્દરવાટ વિસ્તારના એક કેમ્પસાઈટમાં એકઠા થાય છે. જોકે અનાયાસે ભેગા થયેલા આ વિદેશી પ્રવાસીઓની તકદીર હવે એમને એક અણધાર્યા અને ભયાવહ વળાંક તરફ દોરી જવાની હતી. 'ધ મેડો' પુસ્તકનાં લેખિકા એડ્રિયન લેવી અને કેથરિન સ્કોટ-ક્લાર્કે આ ઘટનામાંથી બચી ગયેલા લોકોના પણ ઈન્ટરવ્યૂ કર્યા હતા અને તેમની આપવીતી જાણી હતી. આ પુસ્તકમાં અપહરણમાં જીવિત રાખવામાં આવેલા લોકોના ઈન્ટરવ્યૂના આધારે લખવામાં આવ્યું છે એ પ્રમાણે પહલગામ નજીકના લિદ્દરવાટ વિસ્તારની એક કેમ્પસાઈટમાં રોકાયેલા વિદેશી પ્રવાસીઓ હરિયાળા ઘાસનાં મેદાનો અને સફેદ પહાડીઓના સૌંદર્યનો લુત્ફ લઈ રહ્યા હતા ત્યાં જ રંગમાં ભંગ પાડતી ઘટના ઘટી. તારીખ ૪ જુલાઈ,૧૯૯૫ની એ અંધારી રાતે કેટલાક હથિયારધારી અજાણ્યા શખ્સો આવી ચડ્યા અને જોન ચાઈલ્ડ્સ (અમેરિકન નાગરિક), ડર્ક હેસર્ટ (જર્મન નાગરિક), ડોનાલ્ડ હચિંગ્સ (અમેરિકન નાગરિક), કીથ મંગન (બ્રિટિશ નાગરિક), હેન્સ ક્રિશ્ચિયન ઑસ્ટ્રો (નોર્વેજીયન નાગરિક) અને પોલ વેલ્સ (બ્રિટિશ નાગરિક) એમ છ વિદેશી પ્રવાસીઓને એકે-૪૭ જેવી ઘાતક બંદૂકના નાળચે બંધક બનાવે છે.

'ધ મેડો' પુસ્તક અને અન્ય એક મુલાકાતમાં જેન શેલી એ રાતના બિહામણા અનુભવને યાદ કરતા કહે છે, ''અમે રાતનું ભોજન લેવાની તૈયારી કરી રહ્યા હતા એ સમયે એક ડઝન જેટલા બંદૂકધારીઓ ટેકરીઓમાંથી બહાર આવ્યા. જેમાંથી મોટાભાગે કિશોરાવસ્થામાં હતા. તેમની પાસે ઑટોમેટિક રાઈફલ્સ હતી.''

''બે જણે તેમના લોકલ ગાઈડ દ્વારા મને (જેન શેલી) અને હચિંગ્સને બેસવા અને અમારા પાસપોર્ટ બતાવવા કહ્યું. બંદૂકધારી માણસોએ હચિંગ્સને તંબુમાં જવા માટે અને ગરમ કપડાં પહેરીને આવવા માટે આદેશ આપવામાં આવ્યો. તંબુમાં, હચિંગ્સે પોતાનો પૈસાનો પટ્ટો કાઢીને ધાબળામાં લપેટીને મને આપી દીધો.'' જેન શેલી આગળ કહે છે, ''એ રાત્રે લગભગ ૮ વાગ્યે, મોટાભાગના પ્રવાસીઓને બીજી કેમ્પસાઈટ પર ખસેડવામાં આવ્યા હતા જ્યારે અમેરિકન અને બ્રિટિશ પુરુષોને હથિયારધારી માણસોએ બંદૂકના નાળચે પોતાની પાછળ ચાલવા આદેશ કર્યો હતો.'' ''બંદૂકધારીઓએ ગાઈડને કહ્યું હતું કે જો તેમના પાસપોર્ટ પરની બધી માહિતી તપાસવામાં આવે તો તેમને પહેલી જ રાતે ગામમાંથી છોડી દેવામાં આવશે.'' 'ધ મેડો' પુસ્તક પ્રમાણે બંદૂકધારીઓ બંધકોને પહાડીઓમાં લઈ ગયા હતા. બીજા દિવસે પણ હચિંગ્સ સહિતના અન્ય પુરુષો પાછા ન ફર્યા એટલે જેન શેલી અને અન્ય મહિલાઓને કશુંક અઘટિત બન્યાની ફાળ પડી. એ હથિયારધારીઓએ ગાઈડને છોડી મૂક્યો હતો અને એક ચિઠ્ઠી આપીને રવાના કર્યો હતો. આ ચિઠ્ઠીમાં ભારતીય જેલમાં બંધ હરકત અઝહર મસૂદ અને સજ્જાદ અફઘાની સહિતના ૨૧ ઉગ્રવાદીઓને છોડવા માટે માંગ કરવામાં આવી હતી. આ ચિઠ્ઠીમાં અલ-ફરાન દ્વારા સહી કરવામાં આવી હતી. ભારત પ્રવાસે આવેલા છ પશ્ચિમી પ્રવાસીઓના અપહરણની ઘટનાને કાશ્મીરી ચરમપંથી સંગઠન અલ-ફરાને અંજામ આપ્યો હતો.

સાઉથ એશિયા ટેરેરિઝમ પોર્ટલ પ્રમાણે જમ્મુ-કાશ્મીરના ચરમપંથી સંગઠન હરકત-ઉલ-જિહાદ-એ-ઈસ્લામી અને હરકત-ઉલ-મુઝાહિદ્દીન સંગઠન બંનેએ સંયુક્ત રીતે ભેગા મળીને હરકત-ઉલ-અંસાર નામનું ચરમપંથી સંગઠન બનાવ્યું હતું. અલ-ફરાન હરકત-ઉલ-અંસારનું એક ગુપ્ત સંગઠન હતું. અલ ફરાનનો અર્થ થાય છે 'ખુશી'.

પહલગામ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ હતી. ભારતીય પોલીસે બંધકોને મુક્ત કરાવવા માટે ઉગ્રવાદીઓ સાથે વાટાઘાટો કરવાનો પ્રયાસ કર્યો. એફબીઆઈ અને સ્કોટલેન્ડ યાર્ડના ટોચના અધિકારીઓ ભારત દોડી આવ્યા. અપહરણના પાંચ દિવસ પછી, અપહૃત અમેરિકન જોન ચાઈલ્ડસે મરડો થયો હોવાનું બહાનું ધરીને બહાર શૌચક્રિયા જવા માટે મંજૂરી લીધી હતી.

જોન ચાઈલ્ડસ અંધારી રાતે તકનો લાભ લઈને અપહરણકર્તાઓની ચુંગાલમાંથી છટકી ગયા હતા. ૪૨ વર્ષીય ચાઈલ્ડસ ઊંચા પર્વતો પર ચઢી ગયા હતા, આ દરમિયાન અમરનાથ યાત્રા સંદર્ભે હેલિકોપ્ટરમાં પેટ્રોલિંગ કરી રહેલા પોલીસ અધિકારીઓએ તેમને જોઈ લીધા હતા અને જોન ચાઈલ્ડસને બચાવી લીધા. જોકે, તે જ દિવસે, અલ-ફારાને જર્મન ટ્રેકર ડર્ક હેસર્ટ અને નોર્વેજીયન હેન્સ ક્રિશ્ચિયન ઑસ્ટ્રોને એ જ પર્વતીય પટ્ટામાંથી બંધક બનાવ્યા હતા. સમગ્ર વિશ્વમાં આ ઘટનાના પડઘા પડ્યા હતા અને વર્લ્ડ મીડિયા હવે જમ્મુ-કાશ્મીર અને ભારત સરકારની આગામી કાર્યવાહી પર મીટ માંડીને બેઠું હતું.

વિદેશી નાગરિકોના અપહરણ બાદ પહલગામમાં સન્નાટો છવાઈ ગયો હતો અને સુરક્ષાદળો સતત પહેરો દેતાં હતાં આ અપહરણની ઘટનાને અંજામ આપનારા મુખ્ય સૂત્રધારો અંગે 'ધ મેડો'માં લખવામાં આવ્યું છે એ પ્રમાણે ૧૯૮૦ના દાયકામાં અફઘાનિસ્તાનમાં લડનારા સિકંદર નામના કાશ્મીરી ઉગ્રવાદીના નેતૃત્વમાં ટીમ બની હતી. સિકંદરે અગાઉ એક ઑપરેશન લીડ કર્યું હતું. જેમાં જૂન ૧૯૯૪માં બે બ્રિટિશ નાગરિકો, કિમ હાઉસેગો અને ડેવિડ મેકીનું અપહરણ કર્યું હતું અને મસૂદ અઝહરને છોડવાનો પ્રયાસ કર્યો હતો પણ આ પ્રયાસમાં સફળતા મળી ન હતી. આ પછી અલ ફરાન જૂથની રચના થઈ હતી. ''કાશ્મીરમાં હરકત-ઉલ-મુજાહિદ્દીન સાથે જોડાયેલા કમાન્ડર સિકંદર તરીકે ઓળખાતા જાવેદ અહેમદે વિજ્ઞાન પ્રવાહમાં ગ્રેજ્યુએશન કર્યું હતું. સિકંદરના કાર્યકરો એને બાબા તરીકે સંબોધન કરતા હતા.''

''હરકત-ઉલ-મુજાહિદ્દીન સંગઠન જે પાછળથી હરકત-એ-જેહાદ એ ઈસ્લામી સાથે ભળી ગયું અને હરકત-ઉલ-અંસારની રચના કરવામાં આવી. સિકંદર આ વિસ્તારમાં એક પ્રભાવશાળી અને સક્રિય કમાન્ડર હતો. અને જિલ્લા ઈસ્લામાબાદના ઘણા ઉગ્રવાદી સંગઠનોની સંકલન સમિતિના વડા તરીકે પણ કામગીરી કરતો હતો.

પહેલાં તો ઉગ્રવાદીઓએ ઉરી સિવિલ અથવા કિશ્તવાડમાં દુલ હસ્તી જેવા ઘણા હાઈડ્રો-ઈલેક્ટ્રિકલ પ્રોજેક્ટ્સમાં કામ કરતા એન્જિનિયરોના અપહરણની યોજના બનાવી હતી. પરંતુ આ પછી પાકિસ્તાનમાં હરકત-ઉલ-અંસારના વડાઓએ કેટલાક મહત્ત્વપૂર્ણ વિદેશી બંધકોને લેવા માટે સારી રીતે તાલીમ પામેલા કમાન્ડોનું એક ખાસ મિશન તૈયાર કર્યું.

આ કમાન્ડોના જૂથને અલ-ફરાન નામ આપવામાં આવ્યું હતું. અલ-ફરાન લગભગ ૨૫ જેટલા ઉગ્રવાદીઓનું એક જૂથ હતું. વિદેશીઓનું અપહણ કરીને તેમને સુરક્ષિત સ્થળે ખસેડવાની, જંગલમાં એ લોકોને છુપાવવાની ખાસ તાલીમ આપવામાં આવી હતી.

'ધ મેડોઃ કાશ્મીર ૧૯૯૫ - વ્હેર ધ ટેરર બિગેન' પુસ્તકમાં, એડ્રિયન લેવી અને કેથી સ્કોટ-ક્લાર્કનો દાવો છે કે બંધકોને સુખનોઈ ગામના એક ગેસ્ટહાઉસમાં અને વરવાનની ખીણોમાં અઠવાડિયા સુધી રાખવામાં આવ્યા હતા. સરકાર સમર્થક ઉગ્રવાદી આઝાદ નબીએ અલ ફરાનમાંથી આ ચાર અપહરણકારોને ચાર લાખ રૂપિયામાં ખરીદ્યા અને અપહરણ કરાયેલા ચાર પશ્ચિમી નાગરિકોને ૨ ડિસેમ્બર, ૧૯૯૫ના રોજ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ શહેરથી પાંચ કલાકના અંતરે આવેલા માટી અને ગાવરન નામનાં દૂરનાં જોડિયા ગામોમાં મારી નાખવામાં આવ્યા હતા. જોકે આ અંગે મતમતાંતર છે. (મકબૂલ સાહિલે) કમાન્ડર સિકંદરનો ફરીવાર ટેલિફોનિક સંપર્ક કર્યો હતો અને બંધકોને છોડી દેવાનું અનેક રીતે લાભદાયી હોવાનું સમજાવ્યું હતું. ટેલિફોનિક વાતચીતમાં સિકંદરે ત્રણ બંધકો જીવિત હોવાનો નિર્દેશ કર્યો હતો. જોકે મકબૂલ સાહિલ સિકંદરને નિશ્ચિત થયેલી તારીખે મળે એ પહેલાં સિંકદરનું બોમ્બવિસ્ફોટમાં મોત થયું હતું.

સૂત્રધારો માર્યા ગયા હોવા છતાં ચરમપંથીઓ જેલમાં બંધ અઝહર મસૂદને છોડાવવાનો પ્રયાસ છોડ્યો ન હતો. બંદૂકના નાળચે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક અઝહર મસૂદને છોડાવવા માટેનો પ્રયાસ ૧૯૯૫ બાદ ભવિષ્યમાં(૧૯૯૯)માં કંદહારકાંડના રૂપમાં પુનરાવર્તન પામ્યો. આજે ત્રણ દાયકાના બાદ પણ અપહૃત થયેલા વિદેશી પ્રવાસીઓના મૃતદેહ આજદિન સુધી મળ્યા નથી.

# અંતિમ સંસ્કાર પછી નથી બળતો શરીરનો આ ભાગ, જાણો તે પાછળનું રહસ્ય

અંતિમ સંસ્કાર માત્ર એક રીતિ નથી, પણ જીવન અને મૃત્યુ વચ્ચેની ઊંડી કડી છે. આ પ્રક્રિયા માત્ર મૃતદેહને વિદાય આપે છે એવું નહીં, પણ જીવતા લોકોને પણ આ સમજાવે છે કે જીવન કેટલું અમૂલ્ય છે.ચલો જાણીએ અંતિમ સંસ્કાર સાથે જોડાયેલી રસપ્રદ વાતો.

મૃત્યુ પછી શું થાય છે, એ પ્રશ્ન દરેકના મનમાં ક્યારેક તો ઊભો થાય જ છે. જ્યારે કોઈનું અવસાન થાય છે, ત્યારે હિંદુ ધર્મમાં દાહ સંસ્કારની પરંપરાનું પાલન કરવામાં આવે છે. માનવામાં આવે છે કે આ પ્રક્રિયા આત્માની આગળની યાત્રાની શરૂઆત હોય છે. ચિત્તાની આગમાં શરીર બળી જાય છે અને રાખ બની જાય છે.

શું તમે જાણો છો કે શરીરમાં એક એવો ભાગ છે જે આગમાં પણ બળતો નથી? આ એક એવું રહસ્ય છે જે ખૂબ ઓછા લોકોને ખબર હોય છે. કયો છે એ અંગ? ચાલો



જાણીએ. મોટેભાગે એવું માનવામાં આવે છે કે આગ બધું બાળી શકે છે. પણ માનવ શરીરની વાત કરીએ તો એ પૂરી રીતે સાચું નથી. દાહ સંસ્કાર દરમિયાન શરીરના કેટલાક ભાગો એવા હોય છે કે જે ચિતાની તીવ્ર આગમાં પણ નથી બળતા. આ વાત થોડી વિચિત્ર લાગશે પણ એ સંપૂર્ણ રીતે સત્ય છે.

માનવ શરીરના હાડકા અને દાંત એવા અંગો છે જે દાહ સંસ્કાર પછી પણ સંપૂર્ણ રીતે બળતા નથી. ખાસ કરીને પીઠના હાડકાંનો સૌથી નીચેની જગ્યાએ આવેલો એક ભાગ, જેને ''અસ્થિ'' કે ''નાળ'' કહે છે, એ આગમાં નથી બળતો.

આ સાથે દાંતનું બાહ્ય આવરણ, જેને ઈનામેલ કહે છે, એ પણ ખૂબ જ મજબૂત હોય છે અને સામાન્ય તાપમાને બળતું નથી. ચિત્તાની આગમાં પહેલા શરીરનું માંસ બળે છે, પછી ધીમે ધીમે હાડકાં. પણ હાડકાંને સંપૂર્ણ રીતે બળવા માટે બહુ વધારે તાપમાન જોઈએ, જે સામાન્ય ચિતામાં મળી શકતું નથી.

આજ કારણ છે કે દાહ સંસ્કાર પછી જે રાખ બચી રહે છે તેમાં હાડકાંના નાના નાના ટુકડા જોવા મળે છે. આ જ ટુકડાઓને મૃતકના પરિવારજનો ગંગા નદીમાં પ્રવાહિત કરે છે. તેને ''અસ્થિ વિસર્જન'' કહેવામાં આવે છે. આ એક ધાર્મિક રીતિ છે જેનું પાલન દરેક હિંદુ પરિવાર કરે છે.


જો મૃત્યુ પામેલા વ્યક્તિએ શરીરે કોઈ ધાતુની વસ્તુ પહેરી હોય, જેમ કે અંગુઠી, ચેન કે બ્રેસલેટ, તો એ પણ દાહ સંસ્કાર પછી બચી રહે છે. તેને પછી રાખમાંથી અલગ કરવામાં આવે છે. ઘણી વખત શરીરમાં લગાવવામાં આવેલ મશીન કે કૃત્રિમ અંગ જેમ કે હિપ રિપ્લેસમેન્ટ કે પેસમેકર પણ આગમાં નથી બળતા. આ વસ્તુઓને ઓળખવા અને કાઢવા માટે ચુંબક કે અન્ય સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે.

હાડકાં અને ધાતુઓની રચના ખૂબ જ મજબૂત હોય છે. તેને બાળવા માટે ખૂબ ઊંચું તાપમાન જોઈએ, જે સામાન્ય ચિત્તામાં નથી મળતું. આ જ કારણ છે કે શરીરના બીજા બધા ભાગો બળીને રાખ બની જાય છે, પણ આ વસ્તુઓ સુરક્ષિત રહે છે.

# સવારના સમયે કરો આ કામ, ક્યારેય શરીરમાં નહીં થાય વિટામિન Dની કમી, હાડકાં થશે મજબૂત

શરીરને સ્વસ્થ અને હાડકાને મજબૂત બનાવવા છે તો વિટામિન ડીની કમીને પૂર્ણ કરવા માટે સવારના સમયે થોડો સમય આ કામ કરો. તેનાંથી નેચરલી વિટામિન ડી મળશે અને દાવાઓ ખાવાની જરૂર નહીં પડે.

ભારતમાં રહેતા લોકો ઉનાળો, વરસાદ અને શિયાળો જેવી ઋતુઓનો આનંદ માણે છે. અહીં રહેતા લોકોને અલગ અલગ ઋતુઓ અનુસાર ખોરાક અને જરૂરી પોષક તત્વો મળતા રહ્યા છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં જીવનશૈલીમાં જે પ્રકારના ફેરફારો થયા છે તેની સૌથી વધુ અસર સ્વાસ્થ્ય પર પડી રહી છે. ખરાબ ખાવાની આદતોને કારણે શરીરમાં પોષક તત્વોની ઉણપ થાય છે. શહેરોમાં રહેતા લોકોના શરીરમાં વિટામિન ડીની ઉણપ સૌથી વધુ જોવા મળે છે. આનું કારણ સૂર્યપ્રકાશથી દૂર રહેવું અને સૂર્યપ્રકાશ ઘરોમાં પ્રવેશતો નથી. આવી સ્થિતિમાં, જો તમે તમારા હાડકાં મજબૂત કરવા માંગતા હો, તો દરરોજ સવારે આ કામ કરો. આનાથી શરીરને કુદરતી રીતે વિટામિન ડી મળતું રહેશે.



દરરોજ સવારે અડધો કલાક તડકામાં બેસવાનું ભૂલશો નહીં. તડકામાં બેસવાથી શરીરને કુદરતી રીતે વિટામિન ડી મળશે. જ્યારે આપણે સૂર્યપ્રકાશમાં રહીએ છીએ ત્યારે આપણું શરીર પોતાની મેળે વિટામિન ડી ઉત્પન્ન કરવાનું શરૂ કરે છે. આનો અર્થ એ થયો કે માત્ર અડધો કલાક સૂર્યપ્રકાશ લેવાથી, તમારે જીવનભર વિટામિન ડીની ગોળીઓ લેવાની જરૂર રહેશે નહીં. જોકે, સૂર્યપ્રકાશમાંથી વિટામિન ડી મેળવવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે ઓછામાં ઓછા કપડાં પહેરવા એટલે કે ત્વચાને શક્ય તેટલો વધુ સૂર્યપ્રકાશના સંપર્કમાં આવવા દેવી. એવું નથી કે તમે ગમે ત્યારે તડકામાં બેસો અને તમારા શરીરને વિટામિન ડી મળશે. વિટામિન ડી માટે, તમારે ઉનાળામાં સવારે ૮ વાગ્યા સુધી સૂર્યપ્રકાશ લેવો પડે છે. શિયાળામાં સૂર્ય મોડો ઉગે છે તેથી તમે ૯ વાગ્યા સુધી સૂર્યસ્નાન કરી શકો છો. આનાથી શરીરને વિટામિન ડી મળશે. આ પછીનો સૂર્યપ્રકાશ શરીર માટે હાનિકારક હોઈ શકે છે.

સમય મિરર
સપ્તરંગ
જિંદગીના ઘૂઘવતા દરિયાની આરપાર

# જાણવાની ઝંખનાઃ પ્રાચીન ભારતીય શાણપણ આધુનિક આત્માને કેવી રીતે જાગૃત કરે છે?

અભિજ્ઞાન સરિતા
ડો. અર્જુન દવે

શું તમે ક્યારેય કોઈ પ્રશ્ન પૂછ્યો છે માત્ર જવાબ મેળવવા માટે જ નહીં, પરંતુ એટલા માટે કે તમારી અંદર કશુંક ઊંડે સુધી ખળભળી ઉઠ્યું હોય? કદાચ તમે આકાશમાં તારાઓ સામે જોયું હશે અને તમને લાગ્યું હશે કે તમે કેટલા પામર છો છતાં અવર્ણનીય રીતે તેની સાથે જોડાયેલા છો! અથવા તમે કોઈ બાળકને હસતાં સાંભળ્યું હશે અને વિચાર્યું હશે, ‘‘આ આનંદ ક્યાંથી આવે છે?‘‘ કદાચ, શાંતિની એક દુર્લભ ક્ષણમાં, તમે ક્યારે પૂછ્યું કે, ‘‘હું ખરેખર કોણ છું?‘‘ ભારતીય ફિલસૂફીની વિશાળ પરંપરામાં આવા પ્રશ્નો અવ્યવસ્થિત વિચાર-વિમર્શ નથી; તેમને એક ગહન આંતરિક યાત્રાના પ્રથમ તરંગ તરીકે જોવામાં આવે છે - સ્વ-જાગૃતિની શરૂઆત. આ યાત્રાનું સંસ્કૃતમાં નામ છેઃ જિજ્ઞાસા - માત્ર બુદ્ધિથી જ નહીં, પણ આત્માથી જાણવાની ઝંખના.

સામાન્ય કુતૂહલથી વિપરીત, જે હકીકતોને એકઠી કરવા માગે છે તે જિજ્ઞાસા એક પવિત્ર ઝંખના છે. તે ‘‘આ શું છે?‘‘ થી ‘‘મારા માટે આનો શો અર્થ થાય છે?‘‘ અને છેવટે સૌથી વધુ ઘનિષ્ઠ પૂછપરછ તરફ આગળ વધે છેઃ ‘‘જે જાણવા માંગે છે તે કોણ છે?‘‘ આ ઊંડી તપાસનું સન્માન ભગવદ્ ગીતામાં કરવામાં આવ્યું છે, જ્યાં ભગવાન શ્રીકૃષ્ણ ચાર પ્રકારના ઉમદા સાધકોની વાત કરે છે. તેમાંનો એક છે જિજ્ઞાસુ - એક આધ્યાત્મિક સાધક, જેનો પ્રશ્ન મૂંઝવણનો નથી, પરંતુ ડહાપણ તરફનું એક ઉમદા પગલું છે. ‘ આ શ્લોક એ વાત પર ભાર મૂકે છે કે આવી ઝંખના માત્ર યોગ્ય જ નહીં, આદરણીય પણ છે.

ચિંતનમાં આ ઝંખના સૃષ્ટિના સત્વથી અવિભાજ્ય છે. બ્રહ્માંડના સર્જક બ્રહ્મની આકૃતિ માત્ર દૈવી સત્તા કરતાં પણ વધુનું પ્રતીક છે. બ્રહ્મ વિચારની ઉત્પન્ન શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે - જાગૃતિની ઊર્જા જે માત્ર પદાર્થને જ નહીં પરંતુ અર્થને પણ જન્મ આપે છે. તૈત્તિરિય ઉપનિષદ આ સત્યની ઝાંખી આ શબ્દોથી કરાવે છે : સત્ય, જ્ઞાન અને અનંતતા એટલે કે બ્રહ્મ. આ બોધ સૂચવે છે કે તમામ અસ્તિત્વનો સ્ત્રોત શુદ્ધ ચેતના છે અને અંદરની તરફ વળવું એ જીવનમાંથી છટકી જવા જેવું નથી, પરંતુ તેના સૌથી ઊંડા મૂળ તરફનું પુનરાગમન છે.

જિજ્ઞાસાની ભાવના પ્રાચીન શાસ્ત્રોનું મૂળ હોવા છતાં તે ભૂતકાળ સુધી મર્યાદિત નથી. તે આધુનિક જીવનમાં પણ અભિવ્યક્તિ મેળવે છે. આપણા ઈતિહાસમાં કેટલાક લોકો પોતાના પ્રશ્નો દ્વારા અન્ય લોકો માટે પ્રકાશ બની ગયા છે. ઉદાહરણ તરીકે, સ્વામી વિવેકાનંદ ઉઘાડા પગે ભારતભરમાં એક સળગતા પ્રશ્ન સાથે ભટકતા હતા : ‘‘તમે



ઈશ્વરને જોયા છે?‘‘ તેમની અથાગ શોધ તેમને શ્રી રામકૃષ્ણ તરફ દોરી ગઈ. તે દ્વારા તેઓ વૈશ્વિક મંચ પર ભારતીય જ્ઞાનના મશાલચી બન્યા. એ જ રીતે ડો. એ. પી. જે. અબ્દુલ કલામ વૈજ્ઞાનિક, રાષ્ટ્રપતિ અને કવિ ટેક્નોલોજીને આધ્યાત્મિકતા સાથે એકીકૃત કરતા હતા. ભગવદ્ ગીતાના એક સમર્પિત વિદ્યાર્થી તરીકે તેઓ ઘણી વાર કહેતા, ‘‘જ્યારે શિક્ષણ હેતુપૂર્ણ હોય છે, ત્યારે સર્જનાત્મકતા ખીલે છે. જ્યારે સર્જનાત્મકતા ખીલે છે, ત્યારે વિચાર ઉત્પન્ન થાય છે.‘‘ વિજ્ઞાન અને માનવ નિયતિ વિશેની તેમની પૂછપરછ જિજ્ઞાસાના સારને પ્રતિબિંબિત કરે છે. બીજું એક ઝળહળતું ઉદાહરણ છે ભારતના તત્ત્વજ્ઞાની રાષ્ટ્રપતિ ડો. એસ. રાધાકૃષ્ણન. જેમણે લખ્યું છે કે ‘‘ઉપનિષદો એમ નથી કહેતા કે મનુષ્ય પાપમાં જન્મે છે. પરંતુ તે કહે છે કે, મનુષ્ય અજ્ઞાનમાં જન્મે છે; અને જીવનનું ધ્યેય અજ્ઞાનમાંથી પ્રકાશ તરફ આગળ વધવાનું છે આ દરેક વ્યક્તિએ મહત્ત્વાકાંક્ષામાં નહીં, પણ પૂછવાના શાંત, હિંમતવાન કાર્યમાં તેમની યાત્રા શરૂ કરી હતી.

આજે પણ, પ્રતિબિંબની એક ક્ષણમાં પૂછવામાં આવેલો એક નિષ્ઠાવાન પ્રશ્ન વ્યક્તિના જીવનની દિશા બદલી શકે છે. આ સત્સંગનો સાર છે - સત્યની સંગત. વાર્તાલાપ, વિચારશીલ આદાનપ્રદાન, કોઈ પુસ્તક અથવા અર્થપૂર્ણ ઓડિયો - વિડિઓ સાથેની શાંત ક્ષણમાં પણ સત્સંગ મળી શકે છે. કઠોપનિષદ જેવા પ્રાચીન ગ્રંથોમાં યુવાન નચિકેતાએ મૃત્યુના સ્વામી યમને કરેલા બહાદુરીભર્યા પ્રશ્નોએ કાલાતીત શાણપણના દ્વાર ખોલ્યા હતા. એ જ રીતે મહાભારતમાં યુદ્ધની સ્થિતિમાં અર્જુનને જે શંકા હતી તે ખુદ ભગવદ્ ગીતાનું જ પ્રારંભિક બિંદુ બની ગયું હતું. જેમ કૃષ્ણ ગીતા ૪.૩૯માં આશ્વાસન આપે છે તેમ, શ્રદ્ધા અને ઝંખના ધરાવનાર જ્ઞાન મેળવે છે.

ભારતીય કેળવણીનો ઊંડો હેતુ હંમેશાં ‘‘સ્વ’ને જગાડવાનો હતો, માત્ર મનને જ માહિતગાર કરવાનો નહિં. ઈશા ઉપનિષદ આ બાબતને સુંદર રીતે રજૂ કરે છેઃ જે વ્યક્તિ આત્મામાં બધા જીવોને જુએ છે, અને આત્માને બધા જ જીવોમાં જુએ છે, તેના માટે ભ્રાંતિ કે દુઃખ કેવી રીતે હોઈ શકે? આ માત્ર કવિતા કે ફિલસૂફી જ નથી- તે અસ્તિત્વને જોવાની એક રીત છે. આવી જાગૃતિ સાથે જીવવું એટલે જીવનને એક સ્પર્ધા તરીકે નહીં, પણ એક નિરંતર સાક્ષી તરીકે જોવું. અને તેથી, જો તમે ક્યારેય એવું વિચારવા માટે થોભ્યા હોવ કે, ‘‘શું જીવન આના કરતાં પણ વધારે છે?‘‘ - તો પછી તમે પહેલેથી જ જિજ્ઞાસાના પવિત્ર માર્ગ પર છો. તમારા પ્રશ્નો બોજારૂપ કે નબળાઈના સંકેતો નથી, પરંતુ પાંખડીઓ પ્રગટ થઈ રહી છે, જે ઊંડાણમાં રહેલા ડહાપણના સંકેતો છે. જેમ કે છાંદોગ્ય ઉપનિષદ કહે છે, - તમે તે છો. પૂછપરછ કરતા રહો. કારણ કે ઝંખના પોતે જ પ્રકાશ છે.

(લેખક વેદાંત નોલેજ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર છે અને ભારતીય જ્ઞાન પ્રણાલી, સનાતન સંસ્કૃતિ, શિક્ષણ, પેરેન્ટિંગ માટે લેખક અને વક્તા તરીકે સેવા આપે છે.)



# આજનો દરેક માણસ આત્મકેન્દ્રી બની ગયો છે

દુઃખને એકલા-અટૂલા આવવાનું ગમતું નથી એ પોતાની ફોજ કે પલટન લઈને જ આવે છે. દુઃખનું કેલેન્ડર નથી હોતું એ તિથિ કે તારીખ જોયા વગર જ ત્રાટકે છે. દુઃખ આક્રમક છે એ ભલભલાનાં હાજા ગગડાવી મૂકે છે. દુઃખ માણસની ધીરજ અને સહનશીલતાની કસોટી કરે છે. માણસને હચમચાવી મૂકે છે. એની આશાઓ છીનવી લેવાની દુઃખને આદત છે. દરેક માણસને લાગે છે કે એનું દુઃખ મોટું છે.

એક દ્રષ્ટાંત કથા મુજબ લોકોએ ભગવાનને પ્રાર્થના કરી કે પ્રભુ ! અમને ભાગ્ય પરિવર્તનની તક આપો. ભગવાને કહ્યું : કાલે સવારે તમારા દુઃખનું પોટલું અમુક ઠેકાણેના ઢગલામાં મૂકી આવજો. અને સાંજે એ ઢગલામાંથી મન ગમતું સુખનું પોટલું લઈ આવજો. માણસો હરખમાં આવી ગયા પોતાના દુઃખનું પોટલું તૈયાર કરી પેલા ઢગલામાં મૂકી આવ્યાં.

સાંજે પેલા ઢગલામાંથી પોતાને ગમતાં સુખનાં પોટલાં ફેંદવા લાગ્યાં. દરેક પોટલામાં સુખ-દુઃખો હતાં. બધાં પોટલાં ફંકોસ્યા બાદ માણસને લાગ્યું કે બીજા કરતાં પોતાનું દુઃખ ઓછું છે અને તેઓ પોતાના નશીબનું પોટલું જ પાછું લઈ આવ્યાં. દુઃખ એ અભિશાપ નથી. દુઃખ માણસને જીવવાની દ્રષ્ટિ આપે છે. કસોટીમાં ટકી રહેવાનું આત્મબળ જાગૃત કરે છે. દુઃખ એ માણસની માણસાઈ જગાડી શકે છે. માણસ અનાસકત રહે તો પરમાત્માની કૃપા વહેલા મોડા તેની પર ઉતરે જ. સુખ માટે ભિખારી ન બનાય, એ માટેની લાયકાત વિકસાવવી પડે.

વેદ વ્યાસના મતાનુસાર ''નિરોગી રહેવું, ઋણી ન હોવું, પરદેશમાં રહેવાનો વારો ન આવવો પોતાની વૃત્તિથી જીવિકા ચલાવવી અને નિર્ભયતા પૂર્વક જીવવું - આ છ બાબતો મનુષ્યલોક માટે સુખનો વિષય છે. આસક્તિહીન માટે બે બાબતો સુખદાયકઃ પૂર્ણ આસક્તિહીનતા અને ધનનો નિયમિત સ્રોત. કુલીન વ્યક્તિઓ સાથેનો સંબંધ, બુદ્ધિશાળી લોકો સાથેની મિત્રતા અને સ્વજાતીય મનુષ્યો સાથેનો મેળ રાખનાર દુઃખી થતો નથી. દુઃખી માણસ સુખની ઈચ્છા કરે છે અને સુખી માણસ વધુ સુખની અપેક્ષા રાખે છે હકીકતમાં દુઃખો પ્રત્યેનો ઉપેક્ષાભાવ જ માનસિક શાન્તિનો કીમિયો છે.'' 'સુબોધ કથાસાગર'માં 'મારે કાંઈ ન જોઈએ' શીર્ષકથી એક દ્રષ્ટાન્ત-કથા આલેખવામાં આવી છે.

એક સન્યાસી મહાત્મા હતા. તેઓ એટલા બધા પવિત્ર હતા કે દેવો વિસ્મય પામીને વિચારવા લાગ્યા કે, 'આપણે આવી અવસ્થા ક્યારે પામીશું ?' દેવોએ ઈશ્વર પાસે જઈને કહ્યું કે આ મહાત્માને વરદાન આપવું જોઈએ. ઈશ્વરે કહ્યું : 'ભલે, તેને શું જોઈએ છે તે પૂછો.' આથી દેવોએ મહાત્માને પૂછ્યું : ''તમારા સ્પર્શથી રોગીઓના રોગ મટી જાય એવી સિદ્ધિ જોઈએ છે ?''

મહાત્માનો જવાબ : ''ના એ કામ ઈશ્વરનું છે.''

'તો પછી પાપીઓનો ઉધ્ધાર કરવાનું અને કમાર્ગે જનારને સન્માર્ગે ચડાવવાની સિધ્ધિની જરૂર છે.' દેવોનો પ્રશ્ન.

મહાત્માએ કહ્યું : ''ના, ના. હું લોકોને આકર્ષી લઉં તો લોકો ઈશ્વરથી વિમુખ થઈ જાય.''

દેવાએ પૂછ્યું : ''વારુ, તમારે શાની જરૂર છે ?''

''કશું જ નહીં ઈશ્વરની કૃપા મારા પર રહેવા દો.'' મહાત્માનો ઉત્તર.

દેવોએ ભારપૂર્વક કહ્યું : ''અમારો ફેરો નિષ્ફળ ન જાય એ માટે અમે વગર માગ્યે પરાણે તમને કાંઈક આપીશું.''

મહાત્માએ કહ્યું : ''ભલે, હું માગું છું કે, મને ખબર ન પડે એ રીતે મારા હાથથી સુકૃત્યો થાય.''

દેવોએ કહ્યું : ''તથાસ્તુ'' આ મહાત્માની અનાસક્તિ એ જ સૌથી મોટો સદ્ગુણ છે. કોની સાથે રહેવું અને કોની સાથે ન રહેવું એ માણસના મનની વાત છે. પણ સામાન્ય રીતે લોકો દુઃખમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહભાગી બને છે પરંતુ સુખની બાબતમાં માણસ આત્મકેન્દ્રી બને છે. સ્વાર્થી બને છે અને માત્ર ને માત્ર પોતાનો જ વિચાર કરે છે તેથી તેના જીવનમાં ભોગેષણા વધુ હોય છે અને ત્યાગની ભાવના અલ્પ. આજના જમાનામાં માણસનું આખું મન અને જીવન બદલાઈ ગયું છે. તેના જીવનમાં અંગત સુખની એષણા વધારે છે. આવી મનોવૃત્તિમાં માણસ બીજાની પરવા કરતો નથી. સગાં-વહાલાંને પણ ત્યજી દે છે. આ છે આજના જીવનની તાસીર અને તસ્વીર.

# ગાઢ નિંદ્રાવસ્થા દરમિયાન મગજની ક્ષતિનું નિવારણ-મગજની વૃદ્ધિની પ્રક્રિયા સારી રીતે થાય છે

શરીર વિજ્ઞાનીઓ જણાવે છે કે સ્વપનોથી વંચિત રહેનારમાં શારીરિક માનસિક ક્ષતિ ઉદ્ભવે છે. તેની કાર્યશક્તિમાં ઘટાડો થઇ જાય છે. તે માનસિક રીતે અવિકસિત અને રૂગ્ણ બની જાય છે. તેનું વર્તન-વ્યવહાર વિચિત્ર બની જાય છે અને અનિયંત્રિત થઇ જાય છે. સ્વપનોવાળી નિદ્રા રોગોને આપમેળે સારા થવામાં મદદરૂપ બને છે. સમજૂતી આપી છે. સ્વપ્નાઓ શરીર મનને વધુ સ્વસ્થ રાખે છે. સ્વપનોવાળી નિદ્રા આયુષ્યને વધારે છે.

નિદ્રા વિશે સંશોધન કરવા નેશનલ સ્લીપ ફાઉન્ડેશન દ્વારા પ્રથમ લાઇફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પ્રાપ્ત કરનારા ડો. વિલમય ડીમેન્ટ દ્વારા ન્યૂયોર્કની માઉન્ટ સિનાઇ હોસ્પિટલ ખાતે નિદ્રાપહરણ નિદ્રાના અભાવને લગતા પ્રયોગો કરાયા હતા. આ પ્રયોગોમાં પ્રયોગપાત્રને નિદ્રાથી વંચિત રાખવામાં આવે છે અને તે વખતે તેના મગજમાં કેવા તરંગો ઉત્પન્ન થાય છે તેનો આલેખ તૈયાર કરાય છે. ડો. ડીમેન્ટે આવો એક પ્રયોગ બિલાડી પર પણ કર્યો હતો. નિદ્રા સંશોધન માટે બિલાડી સારું પ્રયોગ પાત્ર ગણાય છે કેમ કે તે કોઈપણ સ્થાને નિદ્રાધીન થઇ શકે છે. કેટલીક બિલાડીઓને ૭૦ દિવસ સુધી નિદ્રાથી વંચિત રાખવામાં આવી હતી તેનાથી તેમનું વર્તન બદલાઈ ગયું હતું. જે બિલાડીઓને સ્વપનાવસ્થાવાળી નિદ્રાથી વધારે સમય માટે વંચિત રાખવામાં આવી તેમનું મરણ થઈ ગયું હતું. આના પરથી સાબિત થયું હતું કે પ્રાણીઓ માટે સ્વપન અવસ્થાવાળી રેમ સ્લીપ કેટલી મહત્વની છે. ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામનારા રેન્ડી ગાર્ડનર નામના સત્તર વર્ષના અમેરિકન યુવકે ડિસેમ્બર ૧૯૬૩ના છેલ્લા દિવસોથી જાન્યુઆરી ૧૯૬૪ના શરૂઆતના દિવસો સુધી ૧૧ દિવસ અને ૨૪ મિનિટ (૨૬૪.૪ કલાક સુધી વિલિયમ ડીમેન્ટની પ્રયોગશાળામાં જાગતા રહેવાનો પ્રયોગ કર્યો હતો. તે વખતે ડો. ડીમેન્ટે જોયું હતું કે રાત્રિ દરમિયાન REM Sleep ના મળવાને કારણે તેનું મન ભારે ભ્રમ, વિભ્રમ અનુભવતું હતું અને તેની યાદ શક્તિ એકદમ ઓછી થઇ ગઈ હતી. પ્રયોગ બાદ તેણે ૧૪ કલાક ૪૬ મિનિટની સળંગ ઊંઘ લીધી હતી અને તેમાં REM Sleep નો ગાળો સૌથી વધુ પ્રમાણમાં હતો.

સ્વ પન માનવ મનની અત્યંત રહસ્યમય પ્રક્રિયા છે. સ્વપનોને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજવાનો પ્રયત્ન કરનારા અગ્રગણ્ય





વિજ્ઞાનીઓ સિગ્મંડ ફ્રોઇડ, કાર્લજુંગ, નાતાનિઅલ ક્લિટમેન યુજેન આસેરિન્સ્કી, ઈયાન ઓસવાલ્ડ અને ક્રિસ્ટોફર ઈવાન્સ જેવા અનેક સંશોધકોએ સ્વપનોનો અર્વાચીન ટેકનોલોજી દ્વારા વૈજ્ઞાનિક અભ્યાસ કરી તેમના વિશે ઘણા નવા સંશોધનો કર્યો છે. સ્વપનોનો હેતુ સમજવા અને સ્વપન દરમિયાન થતી મસ્તિષ્કીય પ્રવૃત્તિઓને જાણવા નવી નવી પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે. પ્રાણીઓમાં સ્વપન અવસ્થાવાળી નિદ્રા અને સ્વપન અવસ્થા વિનાની નિદ્રાના ચક્રાવા કેમ બદલાયા કરે છે તે વિશે મનોવિજ્ઞાનીઓ અને શરીર વિજ્ઞાનિઓએ ઘણા પ્રાયોગિક સંશોધનો કર્યા છે. આ બધા પરથી સૌથી પહેલાં તો એ જાણવા મળ્યું કે સ્વપનાવસ્થાવાળી નિદ્રા અને સ્વપનાવસ્થા વિનાની નિદ્રા બન્ને જુદા જુદા હેતુઓ સિદ્ધ કરનારી છે.

નિદ્રા સંશોધક અને અને સાઇકિયાટ્રિસ્ટ ઈયાન ઓસ્વાલ્ડની રિસર્ચ દર્શાવે છે કે સ્વપનાવસ્થા વિનાની ઊંઘ વૃદ્ધિ અને માંસપેશીઓના પુનરૂત્પાદનની પ્રક્રિયામાં સહાયભૂત થાય છે, જ્યારે સ્વપનાવસ્થાવાળી ઊંઘ મગજમાં થતી આવી જ પ્રક્રિયાને સરળ બનાવે છે અને તેમાં વૃદ્ધિ કરવા સહાયભૂત થાય છે. નિદ્રાના ચક્રાવાના ત્રીજા અને ચોથા તબક્કા દરમિયાન શરીરની ગ્રંથિઓ લોહીમાં હોર્મોન રેડવાનું કામ કરે છે અને તેમના પુનરૂત્પાદનનું કાર્ય થાય છે. સ્વપનાવસ્થા વિનાની ઊંઘ શરૂ થાય છે ત્યારે આ પ્રક્રિયા અચાનક અટકી જાય છે.

ઈયાન ઓસ્વાલ્ડ કહે છે કે દવાના ઓવરડોઝવાળા દર્દીઓના સારા થવાની સ્થિતિ અને પ્રિમેચ્યોર જન્મેલા બાળકોના સારા થવાની પ્રક્રિયા દરમિયાન સ્વપનાવસ્થાવાળી ઊંઘના ગાળાઓનું પ્રમાણ વધારે જોવામાં આવે છે. આ હકીકત એમ સૂચવે છે કે સ્વપનાવસ્થાવાળી ઊંઘ દરમિયાન મગજની ક્ષતિનું નિવારણ અને મગજની વૃદ્ધિ એ બન્ને પ્રક્રિયાઓ સારી રીતે થાય છે. આ વાતનું સમર્થન એક બીજી બાબતથી પણ થાય છે. અનેક પ્રયોગો દરમિયાન એવું જોવામાં આવ્યું છે કે વૃદ્ધાવસ્થાને કારણે મનોદૌર્બલ્ય અનુભવતા અને માનસિક ક્ષતિવાળી લોકો જેમનામાં મગજની કાર્યવાહી મંદ કે ક્ષીણ થઇ ગઈ હોય તેવા લોકોને સ્વપનાવસ્થાવાળી ઊંઘ બહુ જ ઓછી આવતી હોય છે.

એ ઉપરાંત પ્રયોગો દરમિયાન એ પણ જોવામાં આવ્યું છે કે વ્યક્તિ સમક્ષ કંઈક શિખવાની યોગ્યતા કેળવવાના સંજોગો ઊભા થાય ત્યારે સ્વપનાવસ્થાવાળી નિદ્રાનું પ્રમાણ વધી જાય છે. એક દેશના જાસૂસને કોઈ બીજા દેશમાં તાત્કાલિક જવાનું થાય અને તેને તે દેશની ભાષા ઝડપથી શિખવી પડે એવું હોય ત્યારે તેને નિદ્રા શિક્ષણ (Sleep teaching) થકી એ ભાષા શિખવવામાં આવે છે. આ ગાળા દરમિયાન તેની રેમ સ્લિપનું પ્રમાણ વધેલું જોવા મળે છે. એક જૂથની વ્યક્તિઓને એવા ચશ્મા પહેરાવવામાં આવ્યા જેમાં ઉપરની વસ્તુ નીચે દેખાય ત્યારે બરાબર જોવાનું શિખવા માટે તેમનામાં સ્વપનાવસ્થાવાળી નિદ્રાનું પ્રમાણ વધી ગયું હતું.

રેમ સ્લીપની શોધ કરનારા યુજેન આસિરિન્સ્કી અને નાતાનિઅલ ક્લિટમેન દ્વારા આવી નિદ્રાવસ્થા અંગે અનેક પ્રયોગો કરાયા હતા. પાછળથી એમાં વિલિયમ ડીમેન્ટ પણ જોડાયા હતા. ન્યૂયોર્ક મેડિકલ હોસ્પિટલમાં કરાયેલા પ્રયોગ દરમિયાન ડો. ક્લિટમેને એવું નોંધ્યું હતું કે નિર્ધારિત સમય કરતાં વહેલાં જન્મેલાં પ્રિમેચ્યોર બાળકો તેમનો માનસિક વિકાસ સાધવા તેમની ઊંઘનો ૮૦% ભાગ સ્વપનાવસ્થાવાળી ઊંઘમાં પસાર કરતા હતા.

# સલામત સુવિધા : ઉનાળામાં એસટી વધારાની ૧૪૦૦ બસ દોડાવશે

**દ્વારકા, સોમનાથ, ડાકોર, પાવાગઢ, અંબાજી, સાસણગીર, સાપુતારા, SOU, આબુ, સુન્ધામાતા, શિરડી, નાશિક, ધૂલિયા સહિતના સ્થળોએ સંચાલનનું આયોજન**

**સમય મિરર । રાજકોટ**

ઉનાળા વેકેશનમાં એસ.ટી નિગમ દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર તરફ અંદાજે ૫૦૦ ટ્રીપો, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજિત ૩૦૦ તેમજ દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્ર તરફ અંદાજે ૩૦૦ ટ્રીપોનું સફળ આયોજન કરાયું છે.

રાજ્યના નાગરીકો ઉનાળાના વેકેશનમાં ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં પ્રવાસ કરી શકે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત એસ.ટી દ્વારા વધુ સેવાઓ આપવાનું સફળ આયોજન કરાયું છે. જે અંતર્ગત એસ.ટી નિગમ દ્વારા મુસાફરોની માંગણીનુસાર રાજ્યના જુદા જુદા અને મોટા શહેરોને જોડતી દૈનિક ૧૪૦૦થી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવાનું સફળ આયોજન કરવામાં આવી રહ્યું છે એમ ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર નિગમના દરેક વિભાગો ખાતે વેકેશન સમયે મુસાફરોને સલામત અને સમયબદ્ધ મુસાફરીની પુરતી સુવિધા મળી રહે તે માટે આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઉનાળા વેકેશન સમયગાળા દરમિયાન એસ.ટી નિગમ દ્વારા સુરતથી સૌરાષ્ટ્ર- તરફ અંદાજે ૫૦૦ ટ્રીપો, સૌરાષ્ટ્રથી ઉત્તર ગુજરાત તરફ અંદાજે ૨૧૦, દક્ષિણ ગુજરાતથી ઉત્તર ગુજરાત તરફ અંદાજિત ૩૦૦ અને સૌરાષ્ટ્ર તરફ ૩૦૦ ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત એસ.ટી નિગમ દ્વારા ગુજરાતમાંથી પાડોશી રાજ્ય મહારાષ્ટ્ર તથા રાજસ્થાનમાં પણ આંતરરાજ્ય સેવાઓ સંચાલિત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.





રાજ્યના નાગરીકો ઉનાળા વેકેશન દરમિયાન વિવિધ પ્રવાસન સ્થળોની સાથે સાથે ધાર્મિક સ્થળોના દર્શને પણ જઈ શકે તે માટે નવી ટ્રીપોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમદાવાદથી અંબાજી, સોમનાથ, દ્વારકા માટે



રોજની ૧૦ ટ્રીપ અને ડાકોર, પાવાગઢ, ગીરનાર માટે રોજની ૫ ટ્રીપ તથા પ્રવાસન સ્થળો જેવા કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાસણગીર, સાપુતારા માટે અમદાવાદથી રોજની ૫ ટ્રીપ તેમજ દીવ અને કચ્છનાં પ્રવાસ માટે અમદાવાદથી રોજની ૧૦ બસોની ટ્રીપોનો આયોજન એસ,ટી નિગમ દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત આંતરરાજ્ય પ્રવાસ માટે રાજસ્થાનના માઉન્ટ આબુ અને સુન્ધામાતા જવા માટે અમદાવાદથી રોજની બે ટ્રીપ તેમજ મહારાષ્ટ્રના શિરડી, નાશિક, ધુલીયા જેવા આંતરરાજ્ય સ્થળોએ મુસાફરી માટે અમદાવાદના ગીતા મંદિરેથી રોજની બે ટ્રીપોનું આયોજન કરવામાં આવે છે.

## સોમનાથ દાદાને ભસ્મત્રિપુંડ શૃંગાર



દ્વાદ્દશ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવ મંદિરના વૈશાખ સુદ પાંચમ તીથી મુજબ ૭૫મા સ્થાપના દિવસની ભક્તિભાવપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી. આ તકે જ્યોતિર્લિંગને પોણી સદી પૂર્વે કરાયેલો પ્રથમ એવો ભસ્મ ત્રિપુંડ શૃંગાર કરાયો હતો. આ સાથે પ્રથમ સ્થાપના દિનની સ્મૃતિમાં સરદાર વંદના અને પુષ્પાંજલિ, ધ્વજાપૂજા, મહાપૂજન, સાયં આરતી પૂર્વે વિશેષ શ્રૂંગાર અને દીપમાળા યોજાઇ હતી.

# ધોરાજીના પોક્સો કેસમાં આરોપીને ૧૦ વર્ષની સજાનો હુકમ ફરમાવતી અદાલત

**અલગ અલગ સ્થળે લઈ જઈ સગીરા પર દુષ્કર્મ આચરતા ચૂકાદો**

**સમય મિરર । ધોરાજી**

વર્ષ ૨૦૧૫ ના જાન્યુઆરી માસમાં ધોરાજી તાલુકાના ગામમાં ભોગ બનનારને પ્રેમ જાળમાં ફસાવી અને લખમણ જીવણ સોલંકી જે તે વખતની ઉંમર વર્ષ ૨૧ રહેવાસી બાટવા તાલુકો માણાવદર જિલ્લો રાજકોટ વાળો ભગાડી ગયો હતો. જે અંગે ઉપલેટા પોલીસ સ્ટેશનમાં તારીખ ૩૧ ૧ ૨૦૧૫ ના ફરિયાદ નોંધાયેલી હતી. ત્યારબાદ આરોપી જામીનમુક્ત થઈ અને ક્યાંય નાસી ભાગી ગયેલો હતો.

હાલમાં ધોરાજી સત્ર અદાલતે તેનું જાહેરનામું બહાર પાડવા છતાં આરોપી હાજર ન થતા, તેમની સામે એક તરફી કેસ ચાલી ગયો. જે કેસમાં ભોગ બનનાર એ જુબાની આપેલી હતી કે તેના બાપુજી શેરડીમાં પાણી વાર્તા હતા ત્યારે લક્ષ્મણ જીવણ સોલંકી આવેલો અને તેણીને ધમકી આપેલી કે તું મારી સાથે ચાલ નહીંતર તારા ભાઈને મારી નાખીશ. અને પછી આ લક્ષ્મણ જીવણ સોલંકી ભોગ બનનારને પ્રથમ બાટવા ત્યાંથી ચોટીલા લઈ ગયેલો ત્યાં ધરાથી મંદિરમાં મંગળસૂત્ર પહેરાવીને લગ્ન કરેલા અને ત્યાંથી આદિત્યાણા મુકામે કારખાનામાં કામ કરતો અને ઓરડીમાં ભોગ બનનાર સાથે પતિ પત્નીની જેમ શરીર સંબંધ બાંધતો. આવા સંજોગોમાં ભોગ બનનાર ના પિતાએ ફરિયાદ કરતા પોલીસે બંને જણને પકડી પાડેલ અને તે વખતે ભોગ બનનાર ની ઉંમર ૧૫ વર્ષ હતી.

આ તમામ સંજોગો પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય મ પારેખની દલીલ અને ડોક્ટર તથા એફ એસ એલ અધિકારીએ પ્રોસિટ્યુશન તરફે જુબાની આપેલી હતી? ભોગ બનનારના યુરેથલ સ્વોબ પર માનવ વીર્યની હાજરી મળેલી હતી. આ વખતે ભોગ બનનાર આરોપીના કબજામાં હતી. આ તમામ સંજોગો અને દલીલોને ધ્યાને લીધેલા, ગાયનેકોલોજિસ્ટ ડોક્ટર કીર્તન મનોજકુમાર વ્યાસ ની જુબાની ને ધ્યાને લઈ અને ધોરાજીના સ્પેશિયલ પોક્ષો જજ અલી હુસેન મોહીબુલ્લા શેખે આરોપીને તકસીરવાન ઠરાવેલ, પોકસો ના કાયદામાં સજાની જોગવાઈ વધેલી છે તે સુધારો આવ્યો તે પહેલાનો ગુનો હોય આરોપીને રૂપિયા ૫૦૦૦ દંડ તથા દસ વર્ષની સજા નો હુકમ ફરમાવેલો હતો. તત્કાલીન પીએસઆઇ (હાલ નિવૃત્ત) શ્રી શશીકાંત અમૃતલાલ જોશી એ કરેલી હતી.

# ઉનાના દેલવાડામાં મુસ્લિમ સમાજ દ્વારા પહેલગામ હુમલાનો વિરોધ કરાયો

**મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, કાર્યવાહીની માંગ**



**સમય મિરર । ઉના**

જમ્મુ કાશ્મીર નાં પહલગામ માં ગત તા. ૨૨ એપ્રિલ નાં ૨૮ નિર્દોષ લોકો પર નિર્દય રીતે અંધાધૂંધ ફાયરીંગ કરી મોત ને ઘાટ ઉતારેલ તે સંદર્ભે ઉના તાલુકાના નાં દેલવાડા ગામે સમસ્ત મુસ્લિમ સમાજ ના આગેવાનો પટેલો અને વિશાળ સંખ્યામાં લોકો એ શાહી જામા મસ્જિદ નાં ચોક માં હાથ ઉપર કાળી પટ્ટી બાંધી, બે મિનિટ નું મૌન પાળી પહલગામ હુમલા માં નિર્દોષ માર્યા ગયેલા નાગરિકો ને શ્રધ્ધાંજલિ અર્પણ કરી આતંકવાદી ઘટના ને શખત શબ્દો માં વખોડી કાઢી પ્રદર્શન કરી સરકાર પાસે પાકિસ્તાન નાં આતંકીઓ નો સફાયો કરવા માંગણી કરી નિર્દોષ ભોગ બનેલા પર્યટકો લોકો ના પરીવારજનો ને ન્યાય અપાવવા માંગણી કરી હતી.

# જેતપુરના દેસાઈવાડી વિસ્તારમાં આવેલ બંધ મકાનમાં આગ, ઘરવખરી બળીને ખાખ

**માતાજીના દીવાના કારણે બનાવ બન્યાનું પરિવારજનોનું અનુમાન**

**સમય મિરર । જેતપુર**

જેતપુરના દેસાઈવાડી વિસ્તારમાં આવેલ શાક માર્કેટ પાસે બંધ મકાનમાં આગ લાગી હતી, આગ લાગતા ઘરનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો,આગના પગલે ફાયર ટીમ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી, આગ લાગવાનું કારણ છે તે અકબંધ આજરોજ જેતપુર શહેરના દેસાઈવાડી વિસ્તારમાં રહેતા અને સોની બજારમાં દુકાન ચલાવતા હાર્દિકભાઈ ગેરીયા જેમના ઘરના તમામ સભ્યો ધંધાર્થે અને મહિલા શાક માર્કેટમાં શાક લેવા ગયા હોય ત્યારે અચાનક ઘરમાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા જોવા મળતા આજુબાજુના રહીશોએ જાણ કરતાં તાત્કાલિક નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબુમાં લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા



હતા, આગ લાગતા મકાનમાં રહેલ ઘરનો ફ્રીઝ ટીવી સહિતની વસ્તુઓ છે તે બળીને ભષ્મિભૂત થઈ ગઈ હતી.

પરિવારના જણાવ્યા અનુસાર માતાજીનો દીવો કરી અને બહાર નીકળ્યા હોય ત્યારે અનુમાન લગાડવામાં આવી રહ્યું છે કે તેમના જ કારણે આગ છે તે વધુ પ્રસરી હોય અને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી અને સમગ્ર મકાનને લીધું હોય તેવું જણાવ્યું હતું આ આજ્ઞા કારણે લાખો રૂપિયાની નુકસાની છે તે મકાન માલિકને થવા પામી છે.

# સોમનાથ મંદિર સુરક્ષાના ડીસીપી સી.સી.ખટાણાનો આજે જન્મદિન

**સમય મિરર । વેરાવળ**



ગીર-સોમનાથ હેડ ક્વાર્ટર અને સોમનાથ મંદિર સુરક્ષાના યશસ્વી નાયબ પોલીસ અધિક્ષક સી. સી. ખટાણા નો ૪ મે જન્મદિવસ તારીખ ૪-૫-૧૯૭૪ ના રોજ બનાસકાંઠાના વડગામ તાલુકાના જલોત્રા ગામે જન્મેલા તેઓ એમ. એ. બી. એડ એલ. એલ. બીનો તેજસ્વી અભ્યાસ કરી ૨૦૦૪ થી ગુજરાત પોલીસમાં જોડાયા. પોલીસમાં યશસ્વી કામગીરી સાથે બળતી મેળવી અને પોલીસ તંત્રે તેઓને ૩૧૧ જેટલા સન્માન જનક ઇનામો અને ઇનામ રૂપે રૂપિયા૧,૩૪,૨૭૬ રકમ રોકડ એનાયત કરેલ છે. તેઓએ મહેસાણા,સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, દ્વારકા, પોરબંદર અને ગીર-સોમનાથમાં અલગ અલગ જગ્યાઓએ સફળ અને તંત્રને ગૌરવ રૂપ કામગીરી બજાવેલ છે. તેઓના જન્મદિવસે ઠેર-ઠેરથી અભિનંદન શુભેચ્છાઓ નો વરસાદ મોબાઈલ નંબર ૮૯૮૦૦ ૪૬૦૯૨ ઉપર થઈ રહ્યો છે.

# સુત્રાપાડાના ગામો-દરિયાઈ પટ્ટીમાં આરોગ્ય સેવા બદલ પ્રાંસલીને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ અર્પણ

**કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ કવોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડથી સન્માન કરાયું**

**સમય મિરર । વેરાવળ**

ગીર સોમનાથ આરોગ્ય વિભાગ સમગ્ર જિલ્લાના છેવાડાના ગામોમાં અવિરત આરોગ્ય સેવાઓ આપે છે. સુત્રાપાડા તાલુકાના છેવાડાના ગામોમાં અને દરિયા પટ્ટી વિસ્તારમાં આરોગ્ય સેવા આપતા પ્રાંસલીને રાષ્ટ્રીય કક્ષાનો NQAS (નેશનલ ક્વોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ) એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ગુણવત્તા, જ્ઞાન કૌશલ્ય ઈન્ફેકશન કંટ્રોલ અને સ્વચ્છતાલક્ષી સ્વાસ્થ્ય સુવિધાઓ દર્દીઓમાં જાગૃતિ લાવવાની કામગીરી તથા આરોગ્યને લગતી વિવિધ સુવિધાઓ પ્રદાન કરવા સબબ પ્રાંસલી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા



ગુણવત્તાયુક્ત કામગીરી કરનારા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પ્રાંસલીને ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધોરણ (NQAS) પ્રોગ્રામ હેઠળ તજજ્ઞો દ્વારા આરોગ્ય કેન્દ્રની કામગીરીના મૂલ્યાંકન બાદ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.

સરકારના તજજ્ઞો દ્વારા પ્રાંસલી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના વિવિધ વિભાગો દ્વારા થતી કામગીરી આરોગ્ય સુવિધાઓ સહિત ગુણવત્તાયુક્ત કામગીરી બદલ પસંદગી થઈ છે. આરોગ્યલક્ષી સેવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન કરી તેનો અહેવાલ ભારત સરકારમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં ૮૬.૪૬% ટકા સ્કોર મેળવી પ્રાંસલી હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને નેશનલ લેવલનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે.

હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને રાજ્ય કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ગૌરવ અપાવવામાં ગીર સોમનાથ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પી. એન બરુઆ, RCHO ડો.અરુણ રોય, ક્વોલિટી એશ્યોરન્સ મેડિકલ ઓફિસર ડો. એચ.ટી.કણસાગરા, એપેડેમિક મેડીકલ ઓફિસર ડો.દિવ્યેશ ગૌસ્વામી, જિલ્લા ક્ષય અધિકારી ડો. શીતલ રામ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.મહેશ પઢિયાર, જિલ્લા નોડલ પારૂલબેન ખાણિયા, જયસુખ ભાઈ ગોરડ અને આયુષ્માન આરોગ્ય મંદિર પ્રાસલીના હેલ્થ ઓફિસર શ્રી વિજ્યા ચાવડા તથા મલ્ટી મલ્ટિપર્પઝ હેલ્થ વર્કર ફિમેલ હેલ્થ આશા બહેનો તમામ સ્ટાફે બહુમૂલ્ય યોગદાન આપ્યું હતું.

# ઉનાના માણેકપુરની પ્રાથમિક શાળાના નવા બનનાર ૮ ક્લાસરૂમનું ખાતમુહૂર્ત

**રૂા. ૧.૨૮ કરોડના ખર્ચે છાત્રોને સુવિધા મળશે**

**સમય મિરર । ઉના**

ઊના તાલુકાના છેવાડાના દરિયા કાંઠા વિસ્તારના માણેકપુર ગામે સૌ ટકા બક્ષીપંચ વસ્તી ધરાવતા ગામ નાં શ્રમિક વર્ગ નાં લોકો નાં બાળકો નું શિક્ષણ વ્યાપ વધારી ને છાત્રો ને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવાં પ્રયાસ ઊના તાલુકાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા કરી ને ગામ ને આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ ધરાવતી શાળાઓ માટે નાં આઠ નવા રૂમો નું ખાતમુહૂર્ત કરાતાં ગ્રામજનો માં ખુશી ની લહેર ફેલાઈ ગઈ હતી

અંદાજીત રકમ રૂ. ૧ કરોડ ૨૮ લાખથી ના ખર્ચે બનનાર પ્રાથમિક શાળાના ૮ ઓરડા ધરાવતી અત્યંત આધુનિક ટેકનોલોજી સાથે શાળા નાં ઓરડા નું વિશાળ ઉપસ્થિત ગ્રામજનો વચ્ચે ખાતમુહૂર્ત કરેલ હતું

આ પ્રસંગે કાર્યક્રમમાં જીલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી,



જીલ્લા પંચાયતનાં સભ્ય ચીનાભાઈ રાઠોડ, બાબુભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના ભરતભાઈ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, તાલુકા ભાજપ મહામંત્રી ગંભીરસિંહ ગોહિલ, માણેકપુર ગ્રામ પંચાયતના સરપંચ ભાવુબેન લાખાભાઈ રાઠોડ, લાખાભાઈ રાઠોડ, ઉપસરપંચ અરજણભાઈ રાઠોડ, ગાંગડા ગ્રામ પંચાયતના સરપંચ ઉદયસિંહ ગોહિલ, આચાર્ય મનસુખભાઈ બાંભણીયા ગ્રામ પંચાયતના સદસ્ય એસ એમ સી ના સભ્ય તેમજ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

# વિરમગામના પંચમુખી હનુમાનજી સર્કલ વિસ્તારમાં કરોડોના કામનું ખાતમુહૂર્ત

**સ્થાનિકોને હવે મળશે રસ્તા અને પેવર બ્લોકની સુવિધા**

**સમય મિરર । વિરમગામ**

વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં વિકસીત પંચમુખી હનુમાનજી સર્કલ જે ન્યુ વિરમગામ તરીકે ની ઓળખ પ્રસ્થાપિત કરી વિકાસ ની હરણફાળ ભરી રહ્યું છે ત્યારે આ વિસ્તારમાં આવેલ જુદી જુદી સોસાયટી ઓ માં છેલ્લા ત્રણ દિવસમાં કરોડ રૂપિયા ઉપરાંત નાં રસ્તા અને પેવર બ્લોક ના કામો નું વિરમગામ ના ધારાસભ્ય હાર્દિક પટેલ ધ્વારા ભૂમિપૂજન કરાયું છે.

વિરમગામ ના વોર્ડ નં.૨ માં પંચમુખી હનુમાનજી સર્કલ -માર્ગ પર આવેલી જીગર સોસાયટી માં રૂ.૪૩.૪૧ લાખ ના ખર્ચે RCC રોડ, ગુરુકૃપા સોસાયટીમાં રૂ.૩૭.૩૬ લાખ ના ખર્ચે પેવર બ્લોક -RCC રોડ અને મંગલમૂર્તિ સોસાયટી માં રૂ.૩૯.૪૫ લાખ ના ખર્ચે પેવર બ્લોક




-RCC રોડ ના કામો નું સ્થાનિક ધારાસભ્ય હાર્દિક પટેલ ના વરદહસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ તમામ કાર્યક્રમો માં પાલિકા ના પ્રમુખ કામિનીબેન મુનસરા, ઉપપ્રમુખ રઘુભાઈ અલગોતર, કારોબારી ચેરમેન અમિતભાઈ પટેલ, સ્થાનિક કાઉન્સિલરો, શહેર ભાજપ પ્રમુખ દેવાભાઇ ઠાકોર, મહામંત્રી હર્ષદભાઇ ઠક્કર અને મિતેષભાઈ આચાર્ય, ઉપપ્રમુખ પુલકિતભાઈ વ્યાસ, ચીફ ઓફિસર જયેશભાઈ પટેલ સહિત ભાજપના કાર્યકરો અને લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

# ડાલામથ્થાની ગણતરી : પ્રથમ વખત સમગ્ર સૌરાષ્ટ્રનો સમાવેશ

**રાજકોટ, જામનગર, દીવમાં પણ થશે ગણતરી : ૯૦૦થી વધારે હોવાનો તંત્રને અંદાજો**

**સમય મિરર । અમદાવાદ**

એશિયાઈ સિંહોની વસતી ધરાવતાં એકમાત્ર ગીર અભ્યારણ્યમાં આગામી ૧૦ થી ૧૩ મેના ચાર દિવસ સાવજોની વસતી ગણતરી થવાની છે ત્યારે પ્રથમ વખત તેમાં સમગ્ર સૌરાષ્ટ્ર તથા કેન્દ્ર શાસીત પ્રદેશ દીવને પણ આવરી લેવામાં આવનાર છે.વન વિભાગે સૌરાષ્ટ્રનાં અર્ધોઅર્ધ વિસ્તારોને સિંહોને રહેઠાણ વિસ્તાર ઘોષિત કર્યો છે. ત્યારે વસતી ગણતરીમાં તમામ ૧૧ જીલ્લાને સામેલ કરાયા છે.

ગીર અભ્યારણ્યમાં છેલ્લે ૨૦૨૦ માં સિંહોની વસતી ગણતરી થઈ હતી. ૬૭૪ સિંહો હોવાનું જાહેર થયુ હતું. ૨૦૧૫ માં ૫૨૩ ની સરખામણીએ સંખ્યામાં ૨૮.૮૭ ટકાનો વધારો માલુમ પડયો હતો. આ કવાયતમાં સૌરાષ્ટ્રનાં ૯ જીલ્લાનાં ૩૦,૦૦૦ ચોરસ કીમીનાં વિસ્તારને આવરી લેવાયો હતો.



વન વિભાગના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે વસતી ગણતરીમાં માત્ર સિંહોની સંખ્યાની જ ગણના થતી નથી પરંતુ તેઓની મુવીમેન્ટ પેટર્ન, નર છે કે માદા, તેમની ઉંમર, ઓળખચિન્હ જેવા પાસાઓને પણ ગણતરીમાં લેવાય છે ૩૦૦૦ જેટલા વેલેન્ટીયર્સ તથા અધિકારીઓ તેમાં સામેલ થશે.હાઈ રિવોલ્યુશન કેમેરા, રેડીયો કોલર્સ, મોબાઈલ એપ સહિતની અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ થશે.

અધિકારીઓનાં કહેવા પ્રમાણે માત્ર બે દાયકામાં સિંહોનો વસવાટ વિસ્તાર ૧૩૦૦૦ ચોરસ કીમીથી વધીને, ૩૫૦૦ ની ચોરસ કીમીનો થયો છે.સિંહોની વસ્તી ૩૫૯ થી વધીને ૬૭૪ થઈ છે. ૨૦૨૦ પછીનાં છેલ્લા પાંચ વર્ષમાં સિંહો રાજકોટ શહેરની ભાગોળે તથા જામનગર જીલ્લામાં પણ જોવા મળ્યા છે.

આ સિવાય પોરબંદરનાં માધવપુરા વિસ્તારમાં પણ દેખાયા છે તેનાં આધારે સિંહોએ અભ્યારણ સિવાયનાં ભાગોમાં પણ કબ્જો મેળવવાનું શરૂ કર્યાના સંકેત છે.

માર્ગમાં આવતા પૂલ પણ સિહો પાર કરી લેતા હોવાનું માલુમ પડયુ હતું. બરડા અભ્યારણ્ય પણ શરૂ કરાયું છે. એકપણ સિંહ ગણતરીમાંથી બહાર ન રહી જાય તે માટે દેવભૂમિ દ્વારકાનો પણ સમાવેશ કરાયો છે.

ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન નેચરે એક તબકકે વિશ્વ સ્તરે સિંહો નામશેષ થવાનો ખતરો દર્શાવ્યો હતો. પરંતુ ગીર અભ્યારણ્યમાં વધતી વસતી આશાનું કિરણ છે. આ વખતની વસ્તી ગણતરીમાં સિંહોની સંખ્યા ૯૦૦ થી વધુ રહેવાનો આશાવાદ છે.

# જેતપુરમાંથી બાંગ્લાદેશી મહિલા-પુરુષ ઝડપાયા

## સરકારની મંજુરી વગર રહેતા અને આધારપુરાવા નહી મળતા ધરપકડ : કાયદાકીય કાર્યવાહી હાથ ધરતી પોલીસ : સાહિત્ય જપ્ત

**સમય મિરર । જેતપુર**

કાશ્મીર પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ રાજ્યમાં ગેરકાયદે રહેતાં બાંગ્લાદેશીઓને શોધી કાઢવા ખાસ તપાસ શરૂ કરાઈ છે. છેલ્લાં ત્રણ દિવસમાં પોલીસે ૫ર જેટલા નાગરિકોની શંકાસ્પદની તપાસ શરૂ કરી હતી. શહેરના અનેક વિસ્તારમાં ચેકિંગ કરાયું હતું. ત્યારે શહેરના ગુજરાતી વાડી વિસ્તારમાંથી એક બાંગ્લાદેશી મહિલા અને ઉદ્યોગનગર નજીકથી એક પુરુષ ઝડપાયો હતો.





પોલીસ સુત્રો પાસેથી મળેલી વિગતો મુજબ શહેરના ગુજરાતી વાડીના જુમખાના મેદાન પાછળ આવેલ દિનેશભાઈ ખોડાભાઈ પાઘડાર સાથે રુકસાના બેન નામની મહિલા કોઈ પણ પ્રકારના વિઝા કે સરકારની મંજૂરી વગર ગેરકાયદેસર રીતે રહેશે તેવી હકીકત મળતા પોલીસે ખાનગી રહે તપાસ કરતા રુકસાનાબેન ડો/ઓફ મહંમદ સદરૂદિન મોહમ્મદ ગુલામમિયાં રહે. મોહલા હરિશંકરપુર વિસ્તાર થાણા, જિંનદેહ બાંગ્લાદેશ નામની મહિલા ભારતમાં ઘૂસણખોરી કર્યાનું ખુલાસો થયો હતો.

તપાસમાં મહિલા ગેરકાયદેસર રીતે ઘૂસણખોરી કરી રહેતી હતી,મહિલા પાસેથી ભારતીય રહેવાસી ના પુરાવા મળી ન આવેલું હોય તેમ જ મહિલા પાસેથી બાંગ્લાદેશનું ચૂંટણી પંચ નું મતદાર ઓળખ મળી આવતા શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકની નજરે નજર કેદ કરી કાર્યવાહી છે તે આરંભી છે.

મળતી માહિતી મુજબ, રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં ઘુસણખોરી કરનારા અન્ય દેશોના લોકોને સામે ગંભીરતાપુર્વક કામગીરી કરી, શોધી કાઢવાની આપેલ સુચનાથી જેતપુર નવાગઢમાં એસબીઆઈ રોડ રૂબી પ્રોવીઝન સ્ટોર પાસે મહમદઅકરમ રસુલ શેખ નામનો વ્યક્તી કોઈપણ પ્રકારના સરકારની મંજુરી વગર ગેરકાયદે વિઝા કે રીતે રહે છે, તેની ચોક્કસ બાતમી મળતાની સાથે જ એલસીબીની ટીમ જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ. ઠાકોર અને ટીમ સાથે બાતમીના સ્થળે દોડી ગયાં હતાં. પોલીસ ટીમે તપાસ કરતાં અકરમ સરદાર ગુલામ રસુલ શેખ (રહે. મૌહિજદિયા, ઘાણા દિગોલિયા, ખૂલના, બાંગ્લાદેશ) નામના શખ્સ પાસે ભારતીય ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ કે અન્ય કોઈ બીજા પુરાવા મળી આવેલ નહીં. જેથી તે શખ્સની પુછપરછ કરતા, પોતે બાંગ્લાદેશી નાગરીક હોવાની અને કોઈ પણ વિઝા કે ભારત સરકારની મંજુરી વગર અહીં રહેતા હોવાનું જણાવેલ હતું.

બાદમાં પોલીસની ટીમે વધું સઘન તપાસ કરતાં તે શખ્સ પાસેથી બાંગ્લાદેશનું આઇડી કાર્ડ મળેલ હતું, જેથી શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરીકને નજર કેદ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# કેશોદના ધાર વિસ્તારમાં રોડમાં પથ્થરો આડા મુકતા પડોશીઓ વચ્ચે મારામારી

## મહિલા અને યુવાનને ઈજા થતાં સારવારમાં ખસેડાયા : દંપતી વિરુદ્ધ ફરિયાદ

**સમય મિરર । કેશોદ**

કેશોદના એરપોર્ટ રોડ પર આવેલાં રહેણાંક ના ધાર વિસ્તારમાં પાડોશી દ્વારા પથ્થરો મુકી આડશ કરતાં બોલાચાલી ઉગ્ર બનતાં મારામારી સુધી પહોંચી હતી અને ઈજાગ્રસ્તોને કેશોદ સરકારી દવાખાને ખસેડવામાં આવતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.



કેશોદના ધારેશ્વર સોસાયટી વિસ્તારમાં રહેતાં રમેશભાઈ ઘનશ્યામભાઈ મેસવાણીયા સોડા ઠંડા પીણાં ની રીક્ષા મારફતે ગ્રામીણ વિસ્તારોમાં વેપાર કરી ગુજરાન ચલાવે છે પાડોશમાં રહેતાં અરવિંદભાઈ ભગવાનદાસ ગોંડલીયા અને ચંદ્રિકાબેન ભગવાનદાસ ગોંડલીયા પથ્થરો મુકવા બાબતે રમાબેન મેસવાણીયા ને મનફાવે એવી ભુંડી ગાળો આપતાં હોય ત્યારે રમેશભાઈ ઘનશ્યામભાઈ મેસવાણીયા સમજાવવા જતાં ઉશ્કેરાઈને હાથમાં રહેલા ધોકા વડે હુમલો કરતાં રમેશભાઈ ને માથામાં વાગતાં લોહીલુહાણ હાલતમાં પડી ગયેલાં ત્યારે રમાબેન મેસવાણીયા સાથે મારામારી કરતાં રાડારાડ થતાં જતાં રહ્યાં હતાં અને ખાનગી વાહનમાં રમેશભાઈ અને રમાબેન ને કેશોદ સબ ડિસ્ટ્રિક્ટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં સારવાર આપવામાં આવી હતી. કેશોદ પોલીસ સ્ટેશન ના એએસઆઈ વિરાભાઈ દાદાભાઈ ગીયડ દ્વારા નિવેદન નોંધી ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૧૧૫(૨), ૨૯૬(બી), ૫૪ હેઠળ અરવિંદભાઈ ભગવાનદાસ ગોંડલીયા અને ચંદ્રિકાબેન ભગવાનદાસ ગોંડલીયા વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

# વેરાવળમાં સાધુ સમાજના ૩૦ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા, ભાજપને રામ-રામ

## સંગઠનને મજબુત કરવા બેઠકમાં માર્ગદર્શન અપાયું

**સમય મિરર । વેરાવળ**

ગુજરાત પ્રદેશ કોગ્રેસ દ્વારા સુજન અભિયાન અતર્ગત નિમાયેલા ગીર સોમનાથ જિલ્લાના પ્રભારી બાબુલાલજી નાગર ની આગેવાની હેઠળ વેરાવળ તાલુકાની બેઠક મળેલ જેમાં ૩૦ જેટલા સાધુ સમાજના લોકો ભાજપ છોડી કોંગ્રેસમાં જોડાયા તથા બ્હોળી સંખ્યામાં કોગ્રેસના હોદેદારો ઉપસ્થિત રહીને કોગ્રેસનું સંગઠન મજબૂત કરેલ છે.



વેરાવળમાં અઢીયા હોલ ખાતે ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિ દ્વારા નિમાયેલા ગીર સોમનાથ જિલ્લા પ્રભારી બાબુલાલજી નાગર ની આગેવાની હેઠળ સુજન અભિયાન અંતર્ગત વેરાવળ શહેર કોગ્રેસની બેઠક મળેલ જેમાં મુખ્ય પ્રભારી બાબુલાલજી નાગોર, પીસીસી ના પ્રભારી ગીતાબેન પટેલ, ચંદ્રકાંતભાઈ વાઘેલા, ધવલભાઈ નંદા, ઓબ્જર્વર તરીકે કેતનભાઈ ખાચર ની નિમણૂક કરવામાં આવેલ ત્યારે ગીર સોમનાથ જિલ્લાના કોંગ્રેસના હોદેદારો, કાર્યકરોમાં અને પ્રજાજનોમાં ખુશીની લાગણી જોવા મળેલ છે. સોમનાથના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાના હસ્તે સાધુ સમાજ અને કોળી સમાજના ૩૦ જેટલા અગ્રણીઓ ભાજપ છોડી કોગ્રેસની વિચારધારા સાથે ખેશ પહેરાવીને બિરદાવેલ હતાં.

## અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ : ભંગ કરનાર સામે કાર્યવાહીના આદેશ

# ગીર સોમનાથ જિલ્લામાં હથિયાર, સભા-સરઘસ, ધરણાં અને વિરોધ પ્રદર્શન પર તંત્રનો પ્રતિબંધ

**સમય મિરર । વેરાવળ**

સુપ્રસિધ્ધ ભગવાન સોમનાથ મહાદેવનું મંદિર આવેલું છે. જેથી સવિશેષ તકેદારી રાખવી જરૂરી છે. વિવિધ સમુદાયના લોકોના ધાર્મિક તહેવાર દરમિયાન ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો, વગેરે સ્થળોએ મોટી સંખ્યામાં લોકો એકઠા થતા હોવાથી કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે તેમજ વિવિધ કાર્યક્રમો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ તકેદારી રાખવી ખૂબ જ આવશ્યક છે. ગીર સોમનાથ જિલ્લામાં કાયદો વ્યવસ્થા તથા જાહેર સુલેહશાંતિ જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામાં અનુસાર કોઈ પણ વ્યક્તિએ શસ્ત્ર, તલવાર, ભાલા, ચપ્પુ અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવી નહીં.

પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવા અથવા નાખવામાં ઉપયોગી હોય તેવા યંત્ર અથવા સાધનો લઈ જવાં, એકઠા કરવા તથા તૈયાર કરવા નહી. વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી. અપમાન કરવા અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બિભત્સ સૂત્રો પોકારવા નહી, અશ્લીલ ગીતો ગાવા નહી. જેનાથી સુરૂચિનો અને શાંતિનો ભંગ થાય તેવું કરવું નહી, તેવા હાવભાવ કરવા નહી, તેવી ચેષ્ટા કરવી નહી તથા ચિત્રો, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ કરવી નહી.


આ જાહેરનામું સરકારની નોકરીમાં કામ કરતી કોઈ વ્યક્તિ કે જેની હથિયાર લઈ જવાની ફરજ હોય, જિલ્લા પોલીસ અધિક્ષકએ અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીશ્રીઓએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની અથવા શુભ હેતુથી ધંધો કરવાની પરવાનગી આપી હોય તે વ્યકિત, ખેતીના ઓજારો લઈ જવામાં હાડમારી ન થાય તેમજ રોજીંદા કામ કરી શકે તે આશયથી ખેડૂતો પોતાના ઓજારો ખેતીકામ માટે લઈ જતા હોય તેવા લોકોને આ જાહેરનામું લાગુ પડશે નહીં. ઉપરાંત ગીર સોમનાથ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં પરવાનગી વગર કોઈપણ સભા, સરઘસ, ધરણા અને વિરોધ પ્રદર્શન માટે મનાઈ હુકમ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમ ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષણ મંડળીઓને, સરકારી નોકરીએ અવર-જવર કરતી હોય તેવી વ્યકિતઓને, કોઈ લગ્નના વરઘોડાને, સ્મશાન યાત્રામાં જોડાનાર વ્યકિતઓને, સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી મેળવનારને લાગુ પડશે નહી. આ જાહેરનામું તા.૦૧/૦૫/૨૦૨૫થી ૩૦ દિવસ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

# વીરપુર નજીક ઈજાગ્રસ્ત દંપતીને પોલીસ વાનમાં હોસ્પિટલ ખસેડાયા

## બાઈક સ્લીપ થતાં સર્જાયેલા અકસ્માતમાં પોલીસ હમદર્દ બની

**સમય મિરર । ગોંડલ**

રાજકોટ જિલ્લા ટ્રાફિકના PSI તથા ટ્રાફિક શાખાના કર્મચારીઓ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ગોમટા ચોકડી થી વીરપુર રોડ પર બોમ્બે એગ્રી સીડ કારખાના સામે એક બાઈક પર સવાર રાજકોટના દંપતિ કેતનભાઈ પરમાર અને પૂનમબેન પરમાર બાઈક સ્લિપ થતા અને નીચે પટકાતા ગંભીર ઈજાઓ પોહચી હતી. બાઈક પર સવાર દંપતિને પગમાં અને માથાના ભાગમાં ગંભીર ઈજાઓ થતા અને માથા માંથી લોહી નીકળતા ત્યાંથી પસાર થતા રાજકોટ જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ ૧૦૮ એમ્બ્યુલન્સની રાહ જોયા વગર ઈજાગ્રસ્ત દંપતીને તત્કાલિક સારવાર મળે જેને લઈને ટ્રાફિક શાખાના સરકારી વાહન બોલેરોમાં નજીકની વિરપુરની સરકારી હોસ્પિટલમાં પોહચડવામાં આવ્યા હતા જ્યાં દંપતિને ગંભીર ઈજાઓ હોય વધુ સારવાર માટે જુનાગઢ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા માનવતાનું ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું. આ સરાહનીય કામગીરીમાં રાજકોટ જિલ્લા ટ્રાફિક પોલીસના PSI એસ.વી.ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા, વિરભદ્રસિંહ ઝાલા, ધમભા પરમાર અને રાહુલ રાઘવાણી સહિતની ટીમ જોડાઈ હતી. પોલીસની ત્વરિત કાર્યવાહીથી દંપતીનો જીવ બચી શક્યો હતો.



## રાજકોટ–પોરબંદર હાઈ–વે પર ચાલતી મનમાની

# ઉપલેટાના ડુમિયાણી ટોલ બૂથ પર વિનાયક ટ્રાવેલ્સની દાદાગીરી, કર નહી ચૂકવ્યાની રાવ

## ફુલ સ્પીડથી નિકળી બૂમ બેરિયરને નુક્સાન પહોંચાડી કર્મચારીઓના જીવ જોખમમાં મુક્યાની ફરિયાદ : વીડિયો વાયરલ થયો

**સમય મિરર । જેતપુર**

ઉપલેટાના ડુમિયાણીનું ટોલનાકુ ફરી વિવાદમાં આવ્યું છે. જેમાં વિનાયક ટ્રાવેલ્સની દાદાગીરી સામે આવી છે જે ટોલટેક્સ ચુકવ્યાવગર જ સ્પીડની નિકળી અને બુમ બેરિયર તોડી નિકળતા હોવાના રાવ ઉઠી છે. અને ટોલટેક્સના કર્મચારીઓ સાથે ઉગ્ર બોલાચાલી કરતા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.








ઉપલેટા ટોલ સંચાલકો દ્વારા લેખિતમાં પણ ફરિયાદ કરવામાં આવી છે. જેમાં ટોલ પ્લાઝા સંચાલકનું કહેવું છે કે, ટોલ પ્લાઝા જે પબ્લિક પ્રોપર્ટી હોય પરંતુ તેને નુકસાન પહોંચાડવી તે ગુનો છે. ફુલ સ્પીડે ટ્રાવેલ્સ નીકળતા કર્મચારીઓના પણ જીવના જોખમ છે. આ અંગે ટોલ પ્લાઝા સંચાલકો દ્વારા ઈ-મેલ દ્વારા પોલીસને ફરિયાદ કરવામાં આવી છે. ટોલ પ્લાઝા સંચાલકો દ્વારા આ મામલે કાર્યવાહીની માંગ કરવામા આવી છે.

ડુમયાણી ટોલ પ્લાઝાના સંચાલક મયુર સોલંકીએ જણાવ્યું હતુ કે, અહીં જે કોમર્શિયલ વાહનો ટેક્સ નથી ભરતા તેમની પાસેથી ટેક્સ ઉઘરાવવાની કામગીરી કરી રહ્યા છે ત્યારે વિનાયક ટ્રાવેલ્સ છેલ્લા ૧૦ દિવસથી ઓવર સ્પીડમાં ટોલના બૂમ બેરિયર તોડીને જાય છે. જેમાં ઘણુ નુકસાન થયું છે. ત્યારે ઉપલેટા પોલીસને મેલ કર્યો , બેથી ત્રણ વખત તેમનો સંપર્ક કર્યો પરંતુ તેમને મારી અરજી પણ સ્વીકારી ન હતી. ટોલ પ્લાઝા જાહેર સંપતિ છે. તો પોલીસ જાહેર સંપત્તિને નુકસાન કરવાની કલમ લગાવી શકે છે. આવી ટ્રાવેલ્સના કારણે અમારા બે ત્રણ માણસો મરતા મરતા બચ્યા છે. ત્યારે આમા કોઈ ને કંઈ નુકસાન થાય તો જવાબદાર કોણ ?



સંચાલકોએ માંગ કરી છે કે, પોલીસ એવું કહે છે કે, અમે ટોલ ટેક્સ ઉઘરાવવા માટે નથી. ત્યારે અમારુ કહવું છે કે જ્યારે ટોલ ટેક્સની ઉઘરાવવાની કામગીરી અમે કરીએ છીએ ત્યારે કાયદો અને વ્યવસ્થા ન કથળે અને જાહેર સંપત્તિને નુકસાન ન થાય તે માટે પોલીસ કાર્યવાહી કરે તે જરૂરી છે.

### પોલીસ ફરિયાદ નહીં લેતી હોવાના આક્ષેપ

ટોલ સંચાલકો દ્વારા લેખિતમાં ફરિયાદ કરવામાં આવતા ઉપલેટા પોલીસ ફરિયાદના લેતી હોવાના આક્ષેપ કરવામા આવી રહ્યા છે. તેમજ ઉપલેટા પોલીસ દ્વારા ટોલ સંચાલકોની અરજી પણ ના સ્વીકારવામાં આવી તેવા આક્ષેપો કરવામા આવ્યા છે. ટોલ પ્લાઝા સંચાલકનું કહેવું છે કે, ટોલ પ્લાઝા જે પબ્લિક પ્રોપર્ટી હોય પરંતુ તેને નુકસાન પહોંચાડવી તે ગુનો છે . તેમજ ફુલ સ્પીડે ટ્રાવેલ્સ નીકળતા કર્મચારીઓના પણ જીવના જોખમ છે ત્યારે આ મામલે ટોલ પ્લાઝા સંચાલકો દ્વારા ઇમેલ દ્વારા પોલીસને ફરિયાદ કરવામાં આવી છે. અને ટોલ પ્લાઝા સંચાલકો દ્વારા આ મામલે કાર્યવાહીની માંગ કરવામા આવી છે.

# ઉનાના ખાપટમાં ૫૭ વિઘા જમીન દબાણમુક્ત કરાઈ

## ગૌચરની જમીનમાં ઉભા કરાયેલા ગોડાઉન, મકાનો, દુકાનો તોડી પાડતું તંત્ર : બંધ કરાયેલા રસ્તા ખુલ્લા થયા

**સમય મિરર । ઉના**

ઊના તાલુકાના ખાપટ ગામે વર્ષો થી સરકારી જમીન અને ગૌચરની જમીનમાં મોટાં પાયે દબાણો કરીને મોટાં ગોડાઉન,ડેલા તેમજ ગેરકાનૂની દુકાનો મકાનો બનાવી કરોડો રૂપિયા ની જમીન પર કબજો જમાવી બેઠેલાં જમીન માફિયા અને માથાભારે લોકો ઉપર તંત્ર નું બુલડોજર બે દિવસ સુધી સતત ચાલ્યું હતું અને ૪ કરોડ કરતાં વધું રકમ ની કિંમતી જમીન ખુલ્લી કરાવી નાખતા દેકારો મચી ગયો છે હજુપણ એક દિવસ આ દબાણો દુર કરવાં વધું કાર્યવાહી ચાલું રખાશે તેવું તંત્ર એ જણાવ્યું હતુ




ગીર સોમનાથ જિલ્લા કલેકટર દ્વારા સમગ્ર જીલ્લામાં ગેરકાયદેસર દબાણો કરી સરકારી ગૌચર તેમજ ગામતળ અને પડતર જમીન નું દબાણ કરી બેઠેલાં ભુમાફિયા અને મોટાં રાજકિય સામાજિક અને માથાભારે લોકો સામે લાલ આંખ બતાવી અબજો રૂપિયા જમીન ખુલ્લી કરાવી રહ્યા છે તે અંતર્ગત આ કામગીરી ચાલું રાખવાં સ્થાનિક અધિકારીઓ ને જિલ્લા કલેકટર અને જીલ્લા પંચાયત નાં વિકાસ અધિકારી દ્વારા છુટો દોર આપતાં ઊના નજીક પાંચ કિ દૂર આવેલ ખાપટ ગામે તાલુકા પંચાયત નાં એ ટી પી ઓ કિશોરભાઈ અગ્રવત, વસંતભાઈ ગઢીયા, દિનેશ બાપુ ગૌસ્વામી, તુષારભાઈ જોષી તલાટી મંત્રી ભાવસિંહજી ગોહિલ, ધીરૂભાઈ સોલંકી,કાળાપાણ નાં તલાટી મંત્રી સહિત નો વિશાળ કાફલો મોટાં પોલીસ બંદોબસ્ત સાથે બે દિવસ થી સતત પાંચ જેટલાં જેસીબી મશીન ટ્રેક્ટરો સાથે રાખી સરકારી ગૌચર જમીન પર ખડકાયેલાં ફળદ્રુપ બગીચા મોટાં ગોડાઉન તેમજ પાકી બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલી દુકાનો અને સરકાર પંચાયત ની જમીન પડતર ખરાબાની જમીન માં ગેરકાનૂની મકાનો બનાવી બંધ રાખીને લાખો રૂપિયા ની ઉપજ મેળવતાં મોટાં માથાં ઓ પર તવાઈ ઉતારી દીધી હતી અને બે દિવસ દરમિયાન ૫૭ વિઘા જમીન એટલે ૯૧૨૦૦ ચો મી જમીન જેનાં એક મીટર નાં રૂ ૪૯૫ લેખે અંદાજીત ચાર કરોડ થી વધું રકમ ની સરકારી જમીન પર ખડકાયેલાં ગેરકાનૂની દુકાનો, ગોડાઉન અને મકાનો ડેલા અને બાગ બગીચા ફાર્મ હાઉસ ને તોડી નાખી પંચાયત ની જમીન ખુલ્લી કરાવી હતી

હજું પણ આ કામગીરી આજે પણ સતત ચાલું રાખીને ત્રણ દિવસ દરમિયાન સંપૂર્ણપણે દબાણો હટાવી આ જમીનો નાં કબ્જા તાત્કાલિક ધોરણે પંચાયત હવાલે કરી ને ફરી વખત ખુલ્લી કરાવેલ જમીન પર દબાણો ન થાઈ તેની કાળજી રાખવા સુચનાઓ આપી હતી લાંબા સમયથી ખાપટ ગામે દબાણો ગીરગઢડા ઉના હાઈવે પર આવેલ બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાકી દુકાનો ખડકી ટ્રાફિક ને અડચણ ઉભી કરતાં હોય તેવી દુકાનો છાપરાં ઓટલા ને પણ અધિકારી દ્વારા દુર કરાવ્યા હતા આ દબાણ ઝુંબેશ દરમિયાન કોઈ અનિચ્છનિય ઘટના ન બને તેને ધ્યાને રાખીને તાલુકા પંચાયત તેમજ સ્થાનિક ગ્રામપંચાયત દ્વારા ઉના ગીરગઢડા અને જીલ્લા ની પોલીસ અધિકારી સહિત નો મોટો કાફલો કાયદો વ્યવસ્થા જાળવવા સતત તંત્ર ને મદદરૂપ બનેલ હોય આજે પણ હજું બાકી રહેલાં દબાણો દૂર કરવાની કાર્યવાહી શરૂ રખાશે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે

# સાવરકુંડલા સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા આયોજીત નેત્ર કેમ્પમાં ૧૧ દર્દીના ઓપરેશન

## નિષ્ણાંત તબીબો દ્વારા ૭૦થી વધુનું નિદાન

**સમય મિરર । સાવરકુંડલા**

શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા સ્વામીનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા મોતિયાના દર્દથી પીડાતા દર્દીઓને ધ્યાનમાં રાખી તા- ૨-૫-૨૫ ને શુક્રવારના રોજ શાસ્ત્રીસ્વામીજ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિ માં ૩૩૫ માં નેત્રકેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં વિરનગર હોસ્પિટલના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોકટરો દ્વારા ૭૦ જેટલા મોતિયાના દર્દીઓની તપાસ કરવામાં આવી, જેમાંથી કુલ ૧૧ જેટલા દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર હોય એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ઓપરેશન તેમજ સારવાર આપવામાં આવી હતી અને જે દર્દીઓને ચશ્મા અને દવાઓની જરૂર હતી એમને સંસ્થા દ્વારા વિનામૂલ્યે ચશ્મા તેમજ દવાઓ પૂરી પાડવામાં આવી હતી આ ૩૩૫ માં વિના મૂલ્યે મહા નેત્રયજ્ઞનું દિપ પ્રાગટ્ય સંસ્થાના વડા પરમ પૂજ્ય શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી તથા વીરનગર હોસ્પિટલના ડોક્ટર સાથે કરવામાં આવેલ.




નેત્રકેમ્પના યજમાન પદે - સ્વ . નાનજીભાઈ રૂડાભાઈ લાછાનીનાં સ્મરણાર્થે . હસ્તક . શામજીભાઈ પ્રેમજીભાઈ હિરાણી તથા પરિવાર- માધાપર - કચ્છ રહ્યા હતા. નેત્રયજ્ઞને સફળ બનાવવા સંસ્થાનાં કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીના વડપણ હેઠળ સંસ્થાના કર્મચારીઓએ જેહમત ઉઠાવી હતી.

# ધોરાજીમાં પોક્સો કેસના આરોપીના જામીન રદ કરવાની કરાયેલી અરજી અદાલતે ફગાવી

## પોલીસ દ્વારા કરાયેલી અરજીને સેશન્સ કોર્ટ રદ કરી : ૨૦૨૪માં કેસ નોંધાયો' તો

**સમય મિરર । ધોરાજી**

ધોરાજી સિટી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૪ ના વર્ષમાં નોંધાયેલ પોકસો કેસનાં આરોપી વિશાલ ખીમજીભાઈ પરમારનાં જામીન રદ કરવા ધોરાજી સિટી પોલીસ દ્વારા ધોરાજીની સેશન્સ કોર્ટમાં અન્ય ઉપલેટા તાલુકા વિસ્તારમાં આવેલ ભાયાદવર પોલીસ સ્ટેશનની હકુમતનાં બનાવ સબબ ધોરાજી સેશન્સ કોર્ટમાં ચાલતા કેસમાં આરોપીનાં જામીન રદ કરવા અરજી દાખલ કરેલ હતી જે જામીન રદ કરવાની અરજી અને દલીલોનાં અંતે ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.એમ. શેખ દ્વારા મિ કરેલ.



એડવોકેટ

આ કેસની હકીકત એવી છે કે, વર્ષ ૨૦૨૪ માં વિશાલ ખીમજીભાઈ પરમાર નામનાં વ્યકિત સામે ધોરાજી સિટી પોલીસ સ્ટેશનમાં પોકસો તથા ઈ.પી. કો. કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ વિગેરે અન્વયે સગીરા સાથે દુષ્કર્મ કરવા બાબતે ફરીયાદ નોંધાયેલ હતી જેમાં આરોપીને ધોરાજી સેશન્સ કોર્ટ દ્વારા શરતોને આધીન જામીન ઉપર મુક્ત કારયેલ હતો ત્યાર બાદ ૨૦૨૫ માં વિશાલ ખીમજીભાઈ પરમારે ઉપરોકત કેસનાં ભોગ બનનાર ઉપર દબાણ લાવવા ફરિયાદી ભોગ બનનારનાં લગ્ન થયા તે ગામે જઈ પીછો કરી અને તેનાં ઘર પાસેથી વારંવાર મોટર સાયકલ લઈને નિકળતો હોય જેનો ડર ફરીયાદીને લાગતો હોય તેવી ફરીયાદી ધોરાજી સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી વિશાલ ખીમજી પરમાર વિરૂધ્ધ ફરીયાદ ભોગ બનનારે આપેલ હતી.


આ પ્રકરણમાં થયેલ ફરીયાદને ટારગેટ બનાવીને ધોરાજી સિટી પોલીસ સ્ટેશનનાં પી.આઈ. દ્વારા વર્ષ ૨૦૨૪ નાં પોકસો કેસમાં આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે કોર્ટ દ્વારા ફરમાવાયેલ શરતનો ભંગ થતો હોય અને આરોપીનાં પોકસો કેસનાં જામીન રદ કરવા ધોરાજી સેશન્સ કોર્ટમાં અરજી કરેલી હતી જે અરજીનો વિરોધ આરોપીનાં એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર દ્વારા કરાયેલ હતો ત્યારે બન્ને પક્ષોની દલીલ થયા બાદ ધોરાજી સેશન્સ અદાલત એવુ પ્રસ્થાપિત થયેલ કે, ધોરાજી પોલીસ સ્ટેશનમાં નંબર વાઈઝ નોંધેલ હોય જેથી હાલની અરજીમાં જણાવ્યા પ્રમાણે આરોપીનાં પોકસો કેસનાં જામીન રદ કરવા ઉચીત જણાતું ના હોય ત્યારે ધોરાજીનાં એડિશનલ ડિસ્ટ્રકટ એન્ડ સેશન્સ જજ એ. એમ. શેખ દ્વારા આરોપીનાં જામીન રદ કરવાની અરજી રદ કરતો હુકમ ફરમાવેલ છે ત્યારે આ કામમાં સામાવાળા મુળ આરોપી વિશાલ ખીમજીભાઈ પરમાર વતી ધોરાજીનાં યુવા એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર રોકાયેલ હતા.

# રાજપૂત સમાજના હેત્વીબાના દીક્ષા મહોત્સવનો પ્રારંભ

## આજે ભવ્યાતિભવ્ય વરઘોડો, સાંજે કલાકારો ડાયરામાં રમઝટ બોલાવશે : પાંચ દિવસ વિવિધ કાર્યક્રમો યોજાશે

**સમય મિરર | રાજકોટ**

પૂ. ગુરૂભગવંતોના પાવન સત્સંગ અને સંસર્ગથી રાજકોટના રજપૂત પરિવારનાં વિમલભાઈ મનુભાઈ પરમારની સુપુત્રી ચિ.હેત્વી (ઉ.વ.૨૦) સંસારના સ્વરૂપને જાણ્યા પછી યુવા વયે પ્રવ્રજયાનો માર્ગ ગ્રહણ કરીને આત્મકલ્યાણના પંથે પગલા માંડશે.



રાજવૈભવી ઉત્સવ છે રજપૂતાણીનાં રાજપથ પ્રયાણમાં આવતિકાલ તા.૪-૫-૨૦૨૫ રવિવાર સવારે ૭.૦૦ કલાકે આચાર્ય ભગવંત પ.પૂ. તીર્થભદ્રસુરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠાણાઓનો નગર પ્રવેશ નિમિતે ભવ્યાતિ ભવ્ય સ્વાગત વરઘોડો નિકળશે જેમાં વિશાળ સંખ્યામાં જૈન સમાજ તેમજ રજપૂત સમાજનાં ભાઈ-બહેનો ઉપરાંત કાર તેમજ ટુ વ્હીલર ધારકો તેમજ જૈન સમાજનાં સાધુ-સંતો જોડાશે, આ વરઘોડામાં ડેકોરેટવી બગી, સાફાધારી અને બેડાધારી બહેનો, વેશભુષામાં સજ્જ બાળકો, ઢોલ નગારા સાથે આ વરઘોડો શ્રી આશાપુરા મંદિર પાસે થી પ્રારંભ થઈ, સંતોષ ડેરી ફાર્મ, કરણપરા ચબુતરા ચોક, મઢુલી ચોક, જિનાજ્ઞા, ડો.કેશુભાઈ દવાખાનું, કોર્પોરેશન ચોક, જી.ટી. ગર્લ્સ સ્કુલ, ગેસ્ફોર્ડ સિનેમા, માલવીયા ચોક, મહાવીરભુવન જૈન બોર્ડીંગ ખાતે પૂર્ણાહુતિ થશે. સવારે ૮.૩૦ સકલ સંઘની નવકારશી ત્યારબાદ સવારે ૯.૦૦ કલાકે વસ્ત્ર રંગોત્સ્વ તથા પૂ.ગુરુભગવંતોનું મનનીય પ્રવચન જેમાં સંગીત અંકુરભાઈ શાહ-સુરત, બપોરે ૨.૩૦ કલાકે ડીયર હેત્વી નામક કાર્યક્રમ પ્રહલાદ પ્લોટનાં બહેનો પ્રસ્તુત કરશે,

સાંજે ૭.૦૦ કલાકે શ્રી પ્રહલાદ પ્લોટ દેરાસર ખાતે કુમારી હેત્વી પરમારની અદભુત અને ભવ્યાતિ ભવ્ય મહાપુજા શ્રીસંઘનાં યુવક મંડળ દ્વારા શ્રી પ્રહલાદ પ્લોટ જૈન મુર્તિપૂજક સંઘ, ૨૭/૩૭ પ્રહલાદ પ્લોટ, રાજકોટ ખાતે કરવામાં આવશે. રજપૂત કન્યા હેત્વીબેન ખોવાવા જઈ રહેલા પ્રભુનાં રાજવૈભવી રાજપથને માણવા, જૈન-જૈનેતરોને પરમાર પરિવાર ભાવભર્યુ આમંત્રણ પાઠવે છે.

મહાપુજા એટલે અસંખ્ય દિવાઓના કનક ઓજસ દ્વારા રંગીલા રાજકોટની ધરાને દેવેન્દ્રભૂમિ આલેખવાનો... રાગ દ્વારા વિતરાગને પમાડતા અનેક કલાપૂર્ણ વાજિત્રોની આછેરી ઝલક સાથે સાચા ફુલોની ભદ્ર ભકિતથી તીર્થ સ્વરૂપે ઓળખાવાનો... રતિના અંધકારને રૂચિ કર બનાવવાનો અવસર... આ તીર્થ ને હંસ રૂપી પુષ્પોના શણગારથી સુવાસિત કરવામાં આવશે... પ્રભુજીને સોનાનાં વરખની અંગરચના થશે... અનેક વિવિધ નયનરમ્ય રંગોળીઓ અને ઉપકરણોથી દેરાસરજીને સુશોભીત કરવામાં આવશે, આ પ્રસંગે પ્રભુ ભકિતમાં ઉપયોગી પુષ્પો અને ઉપકરણોની મહતત્તાનું આલેખન થશે.. પુજામાં થતી વિધિ અવધી ગુણ અવગુણ પર સચોટ જાણકારી શ્રી પ્રહલાદ પ્લોટ યુવક મંડળ દ્વારા આપવામાં આવશે. રંગીલા રાજકોટની જનતાને આ દિવ્ય અવસર માણવા જાહેર આમંત્રણ આપવામાં આવે છે.

આવતિકાલે કરણપરા ચોક ખાતે રાત્રે ૮.૦૦ કલાકે : રજપૂતની ડેલી એ એટલે કે કરણપરા ચોક ખાતે લોકસાહિત્ય ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા અને ડાયરા પ્રેમીઓનો મનપસંદ એવા લોક સાહિત્યકાર શ્રી હરદેવભાઈ આહિર અને તેમના સાથી કલાકારોનો કસુંબલ લોકડાયરો પ્રસ્તુત કરશે, આ કસુંબલ લોકડાયરામાં પધારવા પરમાર પરિવાર દ્વારા જાહેર જનતાને હાદિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

## રાજકોટની એવી આંગણવાડીઓ..

# જ્યાં ભૂલકાંને પાણી પીવાનું રીમાઈન્ડર આપવા વાગે છે વોટર બેલ!





**સમય મિરર | રાજકોટ**

પીરિયડ પતે, રીસેસ પડે કે છૂટવાનો સમય થાય ત્યારે શાળા કે કોલેજમાં બેલ વાગે છે. પરંતુ રાજકોટની આંગણવાડીમાં ભૂલકાઓને પાણી પીવાનું યાદ કરાવવા માટે બેલ વાગે છે! છે ને નવતર પ્રયોગ..! ઉનાળામાં શરીરને સનસ્ટ્રોકથી બચાવવા પાણી વધુ પીવું જરૂરી છે. આથી, આંગણવાડીમાં બેલ વગાડીને બાળકોને પાણી પીવાનું યાદ કરાવવામાં આવે છે.

રાજકોટ મહાનગરપાલિકાના ઘટક - ૩માં પ્રિ-સ્કૂલ ઈન્સ્ટ્રક્ટરશ્રી માનસીબેન કરગથરાએ નવતર પ્રયોગ આદર્યો છે. સખત ગરમીમાં પાણીની ઉણપના કારણે શરીરમાં ડિહાઈડ્રેશન થઇ જાય છે. જેના લીધે બેભાન થવું, ચક્કર આવવા, લૂ લાગવી જેવી બીમારીઓ જોવા મળે છે. આ સમસ્યા બાળકોમાં ન થાય, તે માટે પાણી પીવાનું પ્રમાણ વધારવું આવશ્યક છે.

જેથી, બાળકોને પાણી પીવાનું યાદ કરાવવાના આશયથી આંગણવાડી કેન્દ્ર પર દર એક કલાકે આંગણવાડી કાર્યકર બહેનો, તેડાગર બહેનો થાળી-ચમચી વગાડી અવાજ કરે છે. ત્યારે તમામ બાળકો અને આંગણવાડી બહેનો એકસાથે સામુહિક રીતે પાણી પીવે છે. આમ, બાળકોને સમયાંતરે પાણી પીવાની ટેવ પાડવા વોટર બેલ વગાડવાની પહેલ કરવામાં આવી છે.

## સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત

# વિશ્વમાં દર આઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વી : વિશ્વ આરોગ્ય સંસ્થાનો અહેવાલ

### ■'ઈટ રાઈટ' અને 'ફીટ ઈન્ડિયા' મુવમેન્ટ થકી સંતુલિત આહાર તથા આરોગ્યપ્રદ જીવનશૈલી માટે સરકાર પ્રયાસશીલ

### ■મેદસ્વિતા-જાડાપણાંને દૂર કરવાની ચળવળમાં રાજકોટ જિલ્લાના નાગરીકો અને સંસ્થાઓની ભાગીદારી જરૂરી

**સમય મિરર | રાજકોટ**

વર્તમાનમાં વધુ પડતો સ્ક્રીન ટાઈમ, આહાર-નિંદ્રાના સમયમાં ફેરફાર, શારીરિક કસરતની પ્રવૃત્તિઓમાં ઘટાડો વગેરેને કારણે સમગ્ર વિશ્વમાં મેદસ્વિતા ધરાવતા અને સરેરાશ વજન કરતા વધારે વજન ધરાવતા લોકોની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે; જેને કારણે ડાયાબિટીસ, કાર્ડિયોવેસ્ક્યુલાર ડિસિઝ, પાચન તંત્રના રોગો જેવા બિનચેપી રોગ (Non Communicable Diseases)ના દર્દીઓ વધી રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના અહેવાલ મુજબ વિશ્વમાં દર આઠ વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ મેદસ્વિતા ધરાવે છે. વિશ્વમાં ૧૮ વર્ષથી વધુ વયના લોકો પૈકીના ૪૩% લોકો સરેરાશ વજન કરતા વધુ વજન ધરાવે છે અને ૧૬% લોકો મેદસ્વિતા ધરાવે છે.

World Health Organization (W.H.O.) વૈશ્વિક મેદસ્વિતાના સંકટ તરફ ધ્યાન આપી રહ્યું છે. વર્લ્ડ હેલ્થ એસેમ્બલી ગ્લોબલ ન્યુટ્રિશન ટાર્ગેટ્સ એટલે કે બાળપણમાં મેદસ્વિતામાં વધારો ન થાય તેની ખાતરી કરવા અને વર્ષ ૨૦૨૫ સુધીમાં ડાયાબિટીસ અને મેદસ્વિતામાં વધારો અટકાવવા પ્રયાસશીલ છે. વર્ષ ૨૦૨૨માં ૭૫મી વર્લ્ડ હેલ્થ એસેમ્બલી દરમિયાન સભ્ય રાષ્ટ્રોએ મેદસ્વિતાની અટકાયત માટે ભલામણો સ્વીકારીને મેદસ્વિતા રોકવા W.H.O.ના એક્સિલરેશન પ્લાનને મંજૂરી આપી હતી. ત્યારબાદ W.H.O.એ મેદસ્વિતા માટે વૈશ્વિકસ્તરે જવાબદારી મજબૂત કરવાની પહેલ કરી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના લોકપ્રિય રેડિયો વાર્તાલાપ 'મન કી બાત'ના એપિસોડમાં મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત થવાની અપીલ કરી હતી. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાર્યવાહી પર પણ સંબોધનમાં ભાર મૂક્યો હતો. વડાપ્રધાનશ્રીના જનહિતકારી કાર્યક્રમો અને આહ્વાનોને ગુજરાતે હંમેશા પ્રતિસાદ આપ્યો છે. તેમણે વધતી જતી મેદસ્વિતા અંગે જે ચિંતા વ્યક્ત કરી હતી, તે વિષયને ગુજરાત સરકારે ગંભીરતાથી લીધી છે.

આથી, તંદુરસ્તી પ્રત્યેક વ્યક્તિ માટે પાયારૂપ અને આવશ્યક બાબત બને, મેદસ્વિતા પ્રત્યે લોકોમાં જાગૃતિ આવે, સ્વસ્થતાનો વિચાર અંતિમ વ્યક્તિ સુધી પહોંચે અને લોકો બિનચેપી રોગોથી મુક્ત થાય, તેવા આશયથી સમગ્ર ગુજરાત રાજ્યમાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન' કાર્યરત કરાયું છે. જેમાં પહેલું સુખ તે જાતે નર્યા એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજ્ય સરકાર વિવિધ કાર્યક્રમોના આયોજનથી નાગરિકોને સ્વાસ્થ્યની જાગૃતિ તથા મેદસ્વિતાના નિયંત્રણ માટે પ્રેરિત કરી રહી છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર મેદસ્વિતાના રોગ સામે ઈટ રાઈટ મુવમેન્ટ અને ફીટ ઈન્ડિયા મુવમેન્ટ થકી સંતુલિત આહાર તથા આરોગ્યપ્રદ જીવનશૈલી માટે લોકજાગૃતિ ફેલાવી રહી છે. રાજ્યભરમાં એન.સી.ડી. અંતર્ગત ૩૦ વર્ષ કે તેથી વધુ વયનાં લોકો માટે સમુદાય આધારિત સ્ક્રીનીંગ કરાઈ છે. જેમાં કમરનો ઘેરાવો અને બોડી માસ ઈન્ડેક્ષની તપાસ કરાઈ છે અને વધુ વજન તથા સ્થુળતા જણાય તેવા વ્યક્તિઓને જરૂરી સલાહ-સૂચન અને સંદર્ભ સેવાઓ પૂરી પાડવામાં આવે છે. તેમજ હાઇ બ્લડપ્રેશર અને ડાયાબિટીસ જેવા સ્થૂળતાને કારણે થતાં રોગોની ચકાસણી કરીને દર્દીઓને નિઃશુલ્ક સારવાર અપાઈ છે.આમ, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વડાપ્રધાનશ્રીનાં સર્વાંગી વિકાસના ધ્યેયને પ્રાપ્ત કરવા અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી છે. ત્યારે રાજકોટ જિલ્લાના નાગરીકો અને સંસ્થાઓ મેદસ્વિતા-જાડાપણાને દૂર કરવાની ચળવળમાં યોગદાન આપીને જનભાગીદારીથી ગુજરાતને આરોગ્ય સુખાકારી માટે મોડેલ સ્ટેટ બનાવે, તે જરૂરી છે.

# રાજકોટમાં ગંગાસ્વરૂપાને સાસરીયા પાસેથી ડોક્યુમેન્ટ્સ મેળવવામાં સહાયરૂપ બનતું મહિલા સહાયતા કેન્દ્ર

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત સરકાર પીડિત મહિલાઓમાં આત્મસન્માન અને આત્મવિશ્વાસ નિર્માણ કરવાનો સતત પ્રયાસ કરી રહી છે. જેના ભાગરૂપે મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ અભયમ્, સખી વન સ્ટોપ સેન્ટર, મહિલા સહાયતા કેન્દ્ર સહિત સંસ્થાઓ ઉપરાંત મહિલાલક્ષી વિવિધ યોજનાઓ કાર્યરત છે. ત્યારે રાજકોટ શહેરમાં આવેલા મહિલા પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર દ્વારા સસરા પક્ષ પાસેથી ગંગાસ્વરૂપ પીડિતાને જરૂરી ડોક્યુમેન્ટ્સ પરત અપાવી સહાય કરવામાં આવી હતી.




અરજદાર મહિલાના લગ્નને ૧૮ વર્ષ પૂર્ણ થયેલા છે. એક પતિ, પત્ની, દીકરી, દીકરાના હર્યાભર્યા પરિવાર પર અચાનક કાળનું ચક્ર ફર્યું અને પતિ-દીકરો પાણીમાં ડૂબવાથી મૃત્યુ પામ્યા. આથી, પત્ની પોતાની દીકરી સાથે સાસરામાં માનસિક રીતે સેટ ન થઈ શકતી હોવાથી છેલ્લા છ-સાત વર્ષથી પિયરમાં રહેતા હતાં. તેઓ પિયરમાં રહેવા આવ્યા ત્યારથી સાસરી પક્ષના સભ્યો સાથે પતિ અને દીકરાના મૃત્યુનો દાખલો તથા અન્ય ઓરીજીનલ ડોક્યુમેન્ટ બાબતે અવારનવાર માંગણી કરી હતી. સામાજિક તથા જ્ઞાતિગત રીતે પણ જરૂરી કાગળિયાં મેળવવા પ્રયત્નો કર્યા હતાં. પરંતુ સાસરી પક્ષેથી યોગ્ય પ્રતિસાદ મળતો ન હતો. આથી, તેમણે મહિલા પોલીસ સ્ટેશન બેઈઝ્ડ સપોર્ટ સેન્ટર ખાતે મદદ માટે અરજી કરી હતી.

મહિલા સહાયતા કેન્દ્રની ટીમે પીડિતાના પિયર અને સાસરી પક્ષને બોલાવી, તેઓનું કાઉન્સેલિંગ કર્યું હતું. તેમજ મહિલાને ડોક્યુમેન્ટ આપી દેવા માટે સાસરીયાને સમજાવ્યા અને કાયદાકીય સલાહ-સૂચનો આપ્યા હતાં. પતિ અને દીકરાના મૃત્યુના દાખલા સહિત તમામ ડોક્યુમેન્ટ્સ મળી જતા મહિલાને સાંત્વના મળી હતી. એટલું જ નહીં, મહિલા સહાયતા કેન્દ્રની ટીમે મહિલાને ગંગાસ્વરૂપા સહાય યોજનાનું ફોર્મ ભરવામાં પણ સહાય કરી હતી. આ તકે અરજદાર મહિલાએ મહિલા સહાયતા કેન્દ્રની ટીમનો આભાર માન્યો હતો.


# કોકલીયરનું ૯ લાખનું ઓપરેશન આર.બી.એસ.કે.માં વિનામૂલ્યે થતાં 'શ્રી'ની મુક-બધિરતાની ક્ષતિ દૂર થઈ

## લોધિકાના કાંગશીયાળીના પરિવારમાં દીકરીની બોલી સાંભળીને બેવડો આનંદ છવાયો

**સમય મિરર | રાજકોટ**

એનું નામ 'શ્રી'... કાંગશીયાળીના સામાન્ય પરિવારમાં 'વ્હાલી દીકરી' જન્મી ત્યારે આનંદ નહોતો સમાતો. બાળકી થોડી મોટી થતાં મુક-બધિરતાની ક્ષતિ ધ્યાનમાં આવતા પરિવારના પગ નીચેથી ધરતી સરકી ગઈ. 'શ્રી'ની કાલી-ઘેલી બોલી સાંભળવા પરિવાર તલસતો. આખરે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (R.B.S.K.) હેઠળ રૂપિયા આઠ-નવ લાખનું કોકલીયર ઈમ્પ્લાન્ટનું ઓપરેશન વિનામૂલ્યે થતાં પરિવાર ગદગદ થઈ ગયો. આજે 'શ્રી'ની સ્પીચ-હિયરિંગ થેરાપી ચાલી રહી છે અને તેની કાલીઘેલી બોલી સાંભળી પરિવારમાં ખુશીઓ છલકાઈ ઊઠે છે.

આ વાત છે લોધિકા તાલુકાના કાંગશીયાળી ગામના બારડ પરિવારની. માનસિંઘભાઈ બારડ સામાન્ય નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના ઘરે બે વર્ષ પહેલાં ૨૧મી નવેમ્બર ૨૦૨૩ના રોજ સુંદર દીકરીનો જન્મ થયો. પરિવારે હરખભેર 'શ્રી' નામ પાડ્યું. આડોશી-પાડોશી તથા સગા-વ્હાલાં સૌ કોઈ શ્રીને રમાડવા ખૂબ જ વ્હાલથી ઊંચકી લેતા. ધીમે ધીમે શ્રી એક વર્ષની થઈ ત્યારે તેના હાવભાવ, પ્રતિક્રિયા, હલનચલન વગેરેના અવલોકનમાં તેને બોલવા-સાંભળવામાં તકલીફ હોવાનું પરિવારના ધ્યાનમાં આવ્યું. દરમિયાન ૨૨મી નવેમ્બર ૨૦૨૪ના રોજ ગામના આશાવર્કર સર્વે માટે આવ્યા. તેમના ધ્યાને આ વાત આવી. એ પછી તેમણે તુરંત જ આર.બી.એસ.કે. ટીમને જાણ કરી.



ત્યારબાદ આર.બી.એસ.કે ટીમે માનસિંઘભાઈના ઘરની મુલાકાત લઈને બાળકીનું સ્ક્રિનિંગ કર્યું. જેમાં બાળકી જન્મથી જ મૂક-બધિરતાની ક્ષતિ ધરાવતી હોવાનું સામે આવ્યું. આ જાણીને શ્રીના પરિવારજનો દુઃખી થઈ ગયા. દરમિયાન આર.બી.એસ.કે. ટીમના ડો. મોહિતસિંહ જાડેજા અને ડો.શાહેન અઘામે સહાનુભૂતિપૂર્વક આ પરિવારનું કાઉન્સેલિંગ કર્યું અને અનેક બાળકો આવી તકલીફમાંથી સ્વસ્થ બન્યા હોવાના કિસ્સા સંભળાવ્યા. બાળકીના માતા-પિતાને આશ્વાસન અપાયું કે, યોગ્ય સારવાર થકી બાળકી ખૂબ જ ઝડપથી સાંભળતી અને બોલતી થઈ જશે. પરંતુ સારવાર-ઓપરેશન માટે સરેરાશ આઠ-નવ લાખ રૂપિયાની વ્યવસ્થા કેવી રીતે કરવી? નોકરીમાંથી થતી નાની આવકમાંથી ઘરનું પૂરું થતું હોય ત્યાં આટલા મોટા ખર્ચને કેમ પહોંચવું? તેની ચિંતા પરિવારને સતાવવા લાગી. જો કે આર.બી.એસ.કે.ની ટીમે સમજાવ્યું કે, શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ દ્વારા આ પ્રકારની ખામીવાળા બાળકોની સારવાર વિનામૂલ્યે કરવામાં આવે છે, જેથી તમે કોઈપણ જાતની ચિંતા કરશો નહીં.

એ પછી બાળકીને ૨૫મી નવેમ્બર ૨૦૨૪ના રોજ રાજકોટ પીડીયુ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવી. અહીં ઈએનટી વિભાગના નિષ્ણાત તબીબો અને સ્ટાફની મદદથી તેનું નિદાન કરવામાં આવ્યું. એ પછી ૨૮ જાન્યુઆરી,૨૦૨૫ રોજ GMERS (ગુજરાત મેડિકલ એન્ડ રીસર્ચ સોસાયટી) મેડિકલ કોલેજ સોલા-અમદાવાદ ખાતે બાળકીનું કાનનું કોકલીયર ઈમ્પ્લાન્ટનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું. હાલ બાળકીને સ્પીચ અને હિયરિંગ થેરાપી આપવામાં આવી રહી છે. આ જોઈને તેના પરિવારમાં આનંદ છવાઈ ગયો છે.

# ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫'ની ઉજવણી રૂપે રાજ્યના વિવિધ ધાર્મિક સ્થળોએ સહકાર વિભાગ અને સહકારી સંસ્થાઓ દ્વારા હાથ ધરાયું 'સ્વચ્છતા મેં સહકાર' અભિયાન

## ગુજરાતના ૨૫૨ તાલુકાઓના ૧૩,૦૦૦ ગામડાંઓમાં આવેલા ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન થયું

## ૫ લાખ જેટલા સફાઈ સંશાધનોના ઉપયોગ થકી ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો

**સમય મિરર | રાજકોટ**

મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'. તેમણે એક સ્વચ્છ ભારતનું નિર્માણ કરવાનું સ્વપન સેવ્યું હતું, અને તેમના આ જ સ્વપનને સાકાર કરવા તેમજ જનભાગીદારી સાથે એક સાફ-સુથરા ભારતનું નિર્માણ કરવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ ગાંધીજયંતી નિમિત્તે સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરી હતી. આ રાષ્ટ્રવ્યાપી મિશન આજે જન આંદોલન બની ગયું છે, ત્યારે ગુજરાત પણ સ્વચ્છ ગુજરાત થકી સ્વચ્છ ભારતના નિર્માણમાં પોતાનું સક્રિય યોગદાન આપી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ગુજરાતને સ્વચ્છ રાજ્ય બનાવવા માટે વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

તાજેતરમાં જ, 'ગુજરાત સ્થાપના દિવસ' નિમિત્તે એટલે કે ૧ મે, ૨૦૨૫ના રોજ 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫'ની ઉજવણીરૂપે રાજ્યના વિવિધ ધાર્મિક સ્થળોએ ભારત સરકારના 'સ્વચ્છતા મેં સહકાર' વિઝનને સાકાર કરતું વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. ગુજરાતના સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ રાજ્યના સહકાર વિભાગ અને સહકારી સંસ્થાઓ દ્વારા વિવિધ ધાર્મિક સ્થળોએ સફાઈલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૫ને યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ' જાહેર કરવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫ માટેની થીમ છે, 'કોઓપરેટિવ્સ બિલ્ડ અ બેટર વર્લ્ડ' એટલે કે સહકારિતા એક સારા વિશ્વનું નિર્માણ કરે છે. આ થીમ, સામાજિક-આર્થિક વિકાસ, ગરીબી ઘટાડા અને રોજગાર નિર્માણમાં સહકારી સંસ્થાઓના નોંધપાત્ર યોગદાનને દર્શાવે છે.

'સ્વચ્છતા મેં સહકાર' અભિયાન હેઠળ ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન





રાજ્યવ્યાપી 'સ્વચ્છતા મેં સહકાર' અભિયાન હેઠળ ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે રાજ્યના ૨૫૨ તાલુકાઓના ૧૩,૦૦૦ ગામડાઓમાં આવેલા ૨૫,૦૦૦ ધાર્મિક સ્થળોએ વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાઓના શિક્ષકો, આચાર્યશ્રીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સરપંચ અને ઉપસરપંચો તેમજ અન્ય સભ્યો સહિત ૧,૫૦,૦૦૦ ગ્રામ્યજનોએ સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત, આ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે ૧૫,૦૦૦ જેટલી સહકારી સંસ્થાઓ આગળ આવી અને મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ કાર્યક્રમમાં ટ્રેક્ટર, પાવડો, સાવરણો, ડોલ, કચરાપેટી, સૂપડા સહિત ૫ લાખ સફાઈ સંસાધનોનો ઉપયોગ કરીને ૫૦,૦૦૦ કિલોગ્રામ કચરો એકત્રિત કરવામાં આવ્યો હતો.

સહકારના માધ્યમથી સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ

સહકાર ક્ષેત્રે એકતાના સંદેશ સાથે લોકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને ધર્મિક સ્થળોની પવિત્રતા જાળવવાની ભાવના ઉત્પન્ન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધાર્મિક આગેવાનો, સ્થાનિક પ્રતિનિધિઓ અને સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા અને સહકારના માધ્યમથી સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવાનો સંકલ્પ લીધો. આ ભવ્ય અભિયાનમાં રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર શ્રી નીલેશ ઉપાધ્યાય, તમામ જિલ્લા રજિસ્ટ્રારો, સહકારી સંસ્થાઓ (જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાની), સહકારી આગેવાનો, હિતધારકો તેમજ ગુજરાત રાજ્ય મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ), ગુજરાત રાજ્ય સહકારી બેંક, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, દૂધ સંઘો, દૂધ મંડળીઓ અને પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓના સભ્યો તથા કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

વધુમાં, આ સમગ્ર સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે સાંસદ (રાજ્યસભા) શ્રી નરહરિભાઈ અમીન તેમજ ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, અન્ય ઉચ્ચ પદાધિકારીઓ ઉપરાંત, ૩૦૦૦થી વધુ સહકારી અગ્રણીઓ અને આશરે ૨૦૦થી વધુ એપીએમસીના ચેરમેન અને અન્ય આગેવાનો પણ આ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. આમ, 'સ્વચ્છતા મેં સહકાર' અભિયાન હેઠળ રાજ્યમાં વિવિધ ધાર્મિક સ્થળોએ સફાઈકાર્યો કરવામાં આવ્યા. ગ્રામ્ય અને શહેરી સહકારી સંસ્થાઓના સભ્યો, યુવાનો અને મહિલાઓએ સક્રિય ભાગ લઈને આ સામૂહિક સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો. સ્વચ્છતાના કાર્યક્રમ થકી ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી અને લોકોને સ્વચ્છતાનો સંદેશ આપવામાં આવ્યો.

# પ્રેમીને પામવા માટે સરહદ ક્રોસ કરી જામનગર પહોંચેલી બાંગ્લાદેશી યુવતી ઝડપાઇ

## કોલકોતાથી સુરત અને ત્યાંથી ટ્રેનમાં જામનગર પ્રેમી પાસે પહોંચી હતી : ૭ હજાર રૂપિયામાં બોર્ડર ક્રોસ કરી હતી

**સમય મિરર | રાજકોટ**

કહેવાય છે કે પ્રેમની વેદી પર બલીદાન આપવા આશીક હર હંમેશ તૈયાર હોય છે, પ્રેમને નથી કોઇ બંધનો નડતા કે નથી કોઇ બોર્ડરો નડતી તાજેતરમાં પાકિસ્તાની મહિલા સીમા હૈદાર પ્રેમીને પામવવા માટે શરહદ ઓળંગીને ભારતમાં આવી ગઇ હતી અને પ્રેમી સાથે રહેવા તૈયાર થઇ ગઇ હતી. ત્યારે આ પ્રકારનો જ એક કિસ્સો સામે આવ્યો છે જેમાં સોશ્યલ મીડિયા થકી બાંગ્લાદેશી યુવતીને જામનગરના યુવકનો પરિચય થયો હતો. જે પરિચય પ્રેમમાં પરિણમ્યો હતો. પ્રેમીને પામવા રઘવાઇ બનેલી બાંગ્લાદેશી યુવતી શરહદ ક્રોસ કરી ગેરકાયદેસર ભારતમાં ઘુસી હતી. કોલકોતાથી સુરત અને ત્યાંથી જામનગર પ્રેમી પાસે પહોંચી હતી. ત્યારે આ યુવતીને પડધરી પોલીસે ઝડપી



લેતાં ફરિ વખત તેને તેના દેશ જવાનો વારો આવે તેવી શક્યતાઓ દેખાઇ રહી છે.

જાણવા મળતી વિગત મુજબ, પડધરી પાસેથી પોલીસ દ્વારા એક શંકાસ્પદ યુવતીને ઝડપી લેવાઇ હતી. પુછપરછમાં તે જામનગર રહેતી હોવાનું જણાવ્યું હતું. પરંતુ વધુ પુછપરછમાં ભાંગી પડેલી યુવતીએ પોતે બાંગ્લાદેશી હોવાનું અને ગેરકાયદેસર રીતે ભારતમાં ઘુસી હોવાનું જણાવ્યું હતું. ઝડપાયેલી બાંગ્લાદેશી નાગરીક શાહીદા જામનગરના યુવાન સાથે લગ્ન કરવા માટે બોર્ડર ક્રોસ કરી ભારત આવી હતી, પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે શાહીદા છેલ્લા દોઢેક વર્ષથી જામનગર રહેતી હતી બારેક વર્ષ પહેલા તેના બાંગ્લાદેશમાં લગ્ન થયા હતા, લગ્નજીવન દરમ્યાન પુત્રીની પ્રાપ્તી થઇ હતી. ત્યાર પછી તેના છુટાછેડા થઇ ગયા હતા, બાદમાં તે ઇન્સ્ટાગ્રામ થકી જામનગરના સમીર નામના યુવક સાથે પરિચયમાં આવી હતી બંનેએ ઘણા સમય સુધી ચેટ કરી હતી, શાહીદાને સમીર સાથે લગ્ન કરવા હોવાથી બાંગ્લાદેશમાં તેના ગામના હબીબનો સંપર્ક કર્યો હતો, જે તે વખતે સુરતમાં રહેતો હતો, બે વર્ષ પહેલા શાહીદા, હબીબ સાથે તેના ગામથી બોર્ડર ક્રોસ કરી પગપાળા કોલકાતા આવી હતી. બોર્ડર ક્રોસ કરાવવા બદલ તેણે હબીબને રૂ.૭ હજાર આપ્યા હતા, બદલામાં હબીબે તેને સીમકાર્ડ કઢાવી આપ્યુ હતું સાથો સાથ તેને સુરત લઇ આવ્યો હતો જયાં તેની સાથે છ મહીના સુધી રહી હતી, બાદમાં ટ્રેનમાં જામનગર આવી હતી, જયાથી દ્વારકા ગઇ હતી, જયાં સમીર મળ્યો હતો દ્વારકામાં એકાદ વર્ષ તેની સાથે રહી હતી. છેલ્લા છ મહીનાથી બંને જામનગરમાં ભાડાના મકાનમાં રહેતા હતા, શાહીદાની પુત્રી હાલ તેની માતા સાથે રહે છે તેના પિતાનું અવસાન થઇ ગયું છે પડધરી પોલીસે તેનું નિવેદન નોંધી જામનગર પોલીસને પણ ઘટના મામલાની જાણ કરી હતી. હાલ વધુ પુછપરછ હાથ ધરવામાં આવી છે.

# રાજકોટમાં મોબાઇલની દુકાન ધરાવતા વેપારીએ પાંચ વ્યાજખોરોના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી લીધી

## બે મિત્રો અને પોતે સહિત ત્રણના નામે ૮.૧૦ લાખ વ્યાજે લીધા હતા જેની પઠાણી ઉઘરાણી કરી ધમકી અપાતા પગલું ભર્યું

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના પરસાણાનગર વિસ્તારમાં રહેતા અને ત્યાં જ મોબાઇલની દુકાન ધરાવતા ૨૩ વર્ષિય વેપારી યુવકે વ્યાજખોરોના ત્રાસ અને ધમકીથી ડરી જઇ પોતાની દુકાનમાં ઝેરી દવા પી લેતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો છે. જે અંગે પોલીસને જાણ થતા હોસ્પિટલે ખાતે દોડી જઇ પુછપરછ કરતા પાંચ શખ્સોના નામ આપ્યા હતા. જેથી પોલીસે પાંચેય વ્યાજખોર શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટના પરસાણાનગર શેરી નં.૨માં રહેતા અને તે જ વિસ્તારમાં મોબાઇલની દુકાન ધરાવતા ભાવીન ઘનશ્યામભાઇ ધરમાણી (ઉ.વ.૨૩)નામના યુવકે પેતાની દુકાનમાં ઝેરી દવા પી લેતા ગંભીર હાલતમાં સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. જેની ફરિયાદ પરથી પ્રદ્યુમનગર પોલીસે ગેરકાયદેસર વ્યાજે નાણાધીરધારનો વ્યવસાય કરતા ધર્મેશ ગોસ્વામી, સદામ દલવાણી, કીર્તીરાજ, હરેશ પારવાણી અને સલમાન વીકિયાણી સામે ગુનો દાખલ કર્યો છે. ફરિયાદમાં ભાવિન ધરમાણીએ જણાવ્યું હતુ કે, તેણે ૪૦ દિવસ પૂર્વે તેના મિત્રો વરૂણ, મોહિત અને પોતાના નામે ત્રણ ડાયરી કરાવી હતી અને તે ડાયરી પેટે ધર્મેશ ગોસ્વામી પાસેથી ૧.૯૦ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા. તેવી જ રીતે સદામ દલવાણી પાસેથી ૧.૭૦ લાખ, કીર્તિરાજ પાસેથી ૨ લાખ, હરેશ પારવાણી પાસેથી ૧.૫૦ લાખ અને સલમાન વિકીયાણી પાસેથી ૧ લાખ ૧૦ ટકા વ્યાજે લીધા હતા. આ નાણા પૈકી તમામને સમયસર વ્યાજ આપતો હતો. આ ઉપરાંત સલમાનને ૬૦ હજાર અને હરેશ પારવાણીને ૫૦ હજાર પરત કરી દીધા છે. છતાં તમામ શખ્સો તેમના નાણાની પઠાણી ઉઘરાણી કરતા હતા.

સમયસર વ્યાજ આપ્યું પરંતુ છેલ્લા થોડા સમયથી વ્યાજ ન ચુકવી શકતા માથાભારે શખ્સોએ ત્રાસ દેવાનું શરૂ કર્યું હતું. ગમે તે ભોગે તારે પૈસા દેવા પડશે નહીંતર તારી જીંદગી ખોઇ બેસીશ તેવી ધમકી આપી ૮ દિવસનો ટાઇમ આપ્યો હતો. ૮ દિવસ બાદ જોવા જેવી થશે તેમ કહેતા ડરી જઇને આ પગલું ભરી લીધાનું પોલીસને જણાવ્યું હતું. જેથી ગુનો દાખલ કરી વધુ તપાસ પીએસઆઇ આર.કે.ગોહિલે હાથ ધરી છે.

# રાજકોટમાં જાહેરમાં ગોલ્ડન એક્સચેન્જ આઈડી પર ક્રિકેટ સટ્ટો રમતો શખ્સ ઝડપાયો

## આઈડી આપનાર શખ્સનું નામ ખુલતાં ક્રાઈમ બ્રાન્ચે શરૂ કરી શોધખોળ

**સમય મિરર | રાજકોટ**

આઇપીએલ મેચની શરૂઆત થતા ની સાથે જ બુકીઓ અને પન્ટરો પોત પોતાના સ્થાન ઉપર ગોઠવાઈ ગયા છે. ત્યારે આવા સટ્ટાખોરોને ઝડપી લેવા પોલીસે પણ જાળ બીછાવી છે. તેવા સમયે વાણિયાવાડી મેઈન રોડ પર આવેલા જલારામ ડાઈનિંગ હોલ નજીક એક શખ્સ જાહેરમાં ક્રિકેટ મેચ પર સટો રમતો હોય તેવી માહિતી પરથી ક્રાઈમ બ્રાન્ચે દરોડો પાડી આ શખ્સને ઝડપી લીધો હતો અને તેના કબજા માંથી મોબાઇલ ફોન લઈ તપાસ કરતા ગોલ્ડન એક્સચેન્જ નામની આઈડી પર સટો રમતો હોવાનું બહાર આવ્યું હતું.



જાણવા મળતી વિગત મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર. ગોંડલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોઠારીયા ગામ બસ સ્ટેશનની બાજુમાં રહેતો અશ્વિન જીવરાજ કિયાડા નામનો ભક્તિનગર વિસ્તારમાં આવેલ વાણીયાવાડી મેઈન રોડ જલારામ ડાઈનિંગ હોલ પાસે મોબાઈલમાં ગુજરાત અને હૈદરાબાદ વચ્ચે ક્રિકેટ મેચ પર રનફેરના સોદા કરી જુગાર રમાડતો હોવાની હેડ કોન્સ્ટેબલ દિપકભાઈ ડાંગરને મળેલી બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ કનકસિંહ સોલંકી ,ઉમેશભાઈ ચાવડા સહિતના સ્ટાફે દરોડો પાડી અશ્વિન કીયાડાને મોબાઈલમાં સોદા કરતો રંગે હાથે ઝડપી લીધો હતો પોલીસે મોબાઈલ ચેક કરતા જેમાં ગોલ્ડન એક્સચેન્જ નામની આઈડી માં સોદા કરતા હોવાનું ખુલ્યું હતું. પોલીસે અશ્વિન જીવરાજ કિયાડાની પૂછપરછ કરતા આઈડી જયેશ ઉર્ફે ચીકો સિદપરાની નામના શખ્સ પાસેથી મેળવી અને ક્રિકેટના સોદા કરતા હોવાની કબુલાત આપતા પોલીસે ૮૦ હજારનો મુદ્દામાલ કબજે કરી નાસી ફૂટેલા જયેશ ઉર્ફે ચીકો સિદપરાની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટમાં સિટી બસ સંચાલન કરતી વિશ્વમ એજન્સીના સુપરવાઇઝરની ધરપકડ

## બસ ચાલકનું લાયસન્સ એક્સપાયર થઇ ગયેલ હોવા છતાં કંપની દ્વારા ગંભીર બેદરકારી રખાઇ હતી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના ઇન્દિરા સર્કલ ખાતે થોડા દિવસ પૂર્વે બેકાબુ બનેલી સીટી બસના ચાલકે અસંખ્ય વાહનોને હડફેટે લઇ ચાર નિર્દોષ વ્યક્તિઓને કચડી નાખી મોતના મુખમાં ધકેલી દીધા હતા. આ ઘટના બાદ શહેરભરમાં રોષ ફાટી નીકળ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા આ ગુનામાં સિટી બસના ચાલકની ધરપકડ કરવામાં આવી હતી. એજન્સી સામે ચાલી રહેલી તપાસના અંતે ગઇકાલે રાત્રે ગાંધીગ્રામ પોલીસે સિટી સંચાલન મુદ્દે ગંભીર બેદરકારી દાખવનાર વિશ્વમ એજન્સીના સુપરવાઇઝરની ધરપકડ કરવામાં આવી છે.

ઘટના હક્કિત મુજબ, થોડા દિવસ પૂર્વે ઇન્દિરા સર્કલે સાઇડ બંધ હોવાથી એક તરફનું ટ્રાફિક સ્થિર હતું. ત્યારે ત્યાંથી યમરાજ બનીને ધસી આવેલી સિટી બસે ૮થી ૧૦ વાહનોને હડફેટે લઇ ચારને કચડી નાખ્યા હતા. જે પ્રકરણમાં ટોળાએ બસના ચાલકને પણ ઢોર માર મારતા તેને હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યો હતો. તબીયત સુધારા પર આવતા પોલીસ દ્વારા સિટી બસના ચાલક શિશુપાલ રાણાની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે ડ્રાઇવર શિશુપાલ રાણાનું ડ્રાઇવિંગ લાયસન્સ ફેબ્રુઆરી ૨૦૨૫માં જ નિષ્ક્રિય થઈ ગયું હતું. આમ છતાં, એજન્સીના સુપરવાઇઝર નિલેશ ચાવડાએ લાયસન્સની ચકાસણી કર્યા વિના ડ્રાઇવરને બસ ચલાવવા દીધી, જે આ દુર્ઘટનાનું એક મુખ્ય કારણ બન્યું. ડ્રાઇવર શિશુપાલ રાણાએ પોલીસ



સમક્ષ દાવો કર્યો કે બસનું સ્ટિયરિંગ લોક થઈ ગયું હતુ અને બ્રેક ન લાગવાને કારણે અકસ્માત થયો. તેણે એમ પણ જણાવ્યું કે બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ભૂલથી તેનો પગ એક્સિલરેટર પર પડી ગયો, જેના કારણે બસ આગળ વધી અને અન્ય વાહનોને ટક્કર મારી. જોકે, પોલીસે આ નિવેદનોને ગોળગોળ અને અસંગત ગણાવ્યા છે અને બસની ટેકનિકલ તપાસ શરૂ કરી હતી. તેમાં પ્રાથમિક દ્રષ્ટિએ કોઇ ખામી સામે આવી ન હતી. આ ઘટનાએ શહેરની જાહેર પરિવહન વ્યવસ્થામાં સલામતીના ધોરણો અને એજન્સીઓની જવાબદારી પર ગંભીર સવાલો ઉભા થયા હતા. જેથી એજન્સી સામે પણ તપાસ શરૂ કરાઇ હતી. જેના અંતે પોલીસે સુપરવાઇઝર નિલેશ ચાવડા સામે બેદરકારીના આરોપ હેઠળ ધરપકડ કરી કાર્યવાહી આગળ વધારી છે, જ્યારે ડ્રાઇવર શિશુપાલ વિરુદ્ધ પણ તપાસ ચાલુ છે. આ કેસમાં આગળની કાર્યવાહી બસના ટેકનિકલ રિપોર્ટ અને વધુ પુરાવાઓ પર આધારિત રહેશે. તેવું પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

# સોખડા ચોકડી નજીક રોંગ સાઇડમાં ધસી આવેલી બોલેરોએ કારને હડફેટે લેતાં દવાના વેપારીનું મોત

## બોલેરો ચાલક નશામાં ધુત હોવાની શંકાઃ ચાલક સીટની બાજુમાં દેશી દારૂની કોથળીઓ જોવા મળી

**સમય મિરર | રાજકોટ**

શહેરના મોરબી બાયપાસ રોડ પર સોખડા ચોકડી નજીક મહેશ્વરી સોસાયટીમાં રહેતા જંતુનાશક દવાના વેપારી તેમની કાર લઇ જતા હતા ત્યારે રોંગ સાઇડમાં ધસી આવેલા બોલેરોએ તેમની કારને હડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક દવાના વેપારીનું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી બોલેરોનો ચાલક ભાગી છુટ્યો હતો. સ્થળ પર જોવા મળ્યા મુજબ બોલેરો ચાલક નશામાં ધુત હોવાનું મનાઇ રહ્યું છે. જેથી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રાજકોટમાં મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે નાગબાઈ મંદિર પાસે નવ જ્યોત સ્કૂલ નજીક મહેશ્વરી પાર્ક શેરી નંબર-૩ માં રહેતા મુકેશભાઈ ધનજીભાઈ ડોબરીયા (ઉ.વ ૪૫) નામના પટેલ આધેડ ગઈકાલ રાત્રિના કાર નંબર જીજે ૩ કેસી ૧૫૦૭ લઇ બેડી ચોકડીથી સોખડા ચોકડી તરફ જતા હતા ત્યારે રાઘવ હોટલ પાસે પહોંચતા સામેથી રોંગ સાઇડમાં મહિન્દ્રા બોલેરો પીકપ વાહન નંબર જીજે ૦૯ વાય ૮૪૭૧ ના ચાલકે પુરપાટ ઝડપે પોતાનું વાહન ચલાવી કાર સાથે અકસ્માત સર્જ્યો હતો.

આ અકસ્માતની ઘટનામાં મુકેશભાઈ ડોબરીયાને ગંભીર ઇજા પહોંચી હતી. દરમિયાન ૧૦૮ ને જાણ કરી દેવામાં આવતા ૧૦૮ ના ઈએમટીએ અહીં આવી જોઈ તપાસી આધેડને મૃત જાહેર કર્યા હતા.



બનાવની જાણ થતા મૃતકના પરિવારજનો ઘટના સ્થળે પહોંચ્યા હતા. બીજી તરફ કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ પણ આવી પહોંચ્યો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ, મુકેશભાઈ ડોબરીયા ત્રણ ભાઈના પરિવારમાં સૌથી નાના હતા અને તેઓ છૂટક ઈલેક્ટ્રીક કામ તથા એગ્રીકલ્ચરની છુટક દવાનું વેચાણ કરતા હતા તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ગઈકાલે તેઓ એગ્રોની દવા લેવા માટે ઘરેથી નીકળ્યા હતા દરમિયાન અકસ્માતની આ ઘટના બની હતી. બનાવ અંગે મૃતકના મોટાભાઈ અરવિંદભાઈ ધનજીભાઈ ડોબરીયા (ઉ.વ ૪૮ રહે. તિરૂપતિ બાલાજી સોસાયટી શેરી નંબર-૩, કોઠારીયા રિંગ રોડ, ગોંડલ ચોકડી પાસે રાજકોટ, મૂળ ભાડલા તા. જસદણ) ની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે બોલેરો નંબર જીજે ૦૯ વાય ૮૪૭૧ ના ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત કારની ચકાસણી કરાતા બોલેરો જીપના ચાલકે બેફામ દારૂ પીધો હોય તેવું જણાઇ રહ્યું છે. કારણ કે, ચાલક સીટની બાજુની સીટમાં દેશી દારૂની કોથળીઓ પણ મળી આવી છે. જે સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં પાંચ મિત્રોએ દારૂની પાર્ટી કર્યા બાદ એક યુવકનો સવારે પાર્કિંગમાં લોહીથી લથબથ મૃતદેહ મળ્યો

## દારૂ પીધા બાદ તમામ મિત્રો રૂમમાં સુવા ગયા હતા, સવારે ઘટના સામે આવી : મૃતકના શંકાસ્પદ મોત મામલે તપાસ હાથ ધરાઈ

**સમય મિરર | રાજકોટ**

મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ૧ ની અંદર આવેલા અંજલિ પાર્ક સ્થિત એક કારખાનાના ચોથા માળે રહેતા પાંચ થી છ મિત્રોએ ગતરાત્રિના દારૂની પાર્ટી કરી હતી. બાદમાં તમામ સુવા નીકળી ગયા હતા સવારે એક મિત્ર રૂમમાં જોવા મળ્યો ન હતો. જેની પાર્કિંગમાં લોહીથી લથબથ લાશ મળી આવી હતી. જેથી યુવકના શંકાસ્પદ મોત મામલે મેટોડા પોલીસે સ્થળ પર દોડી જઇ પૂછપરછ શરૂ કરી હતી. . મૃતક યુવક અકસ્માતે નીચે પડ્યો છે કે પછી તેને ઉપરથી નીચે ફેંકી હત્યા નીપજાવવામાં આવી છે તે તમામ મુદ્દાઓ પર તપાસ કરવામાં આવી રહી છે.

જાણવા મળતી વિગત મુજબ અંકુર રામચંદ્ર શર્મા (ઉં. વ.૨૩, રહે.



મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ૧, અંજલી પાર્ક)ને આજે સવારે બેભાન લોહી લુહાણ હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યારે ઇમશર્જન્સી વિભાગમાં ફરજ પરના ડોક્ટરે અંકુલને જોઈ તપાસી મૃત જાહેર કર્યો હતો. તેમના સાથી શ્રમિકોએ જણાવ્યું હતુ કે, રાત્રે અંકુલ અને તેની સાથેના ચાર પાંચ શ્રમિકોએ દારૂની પાર્ટી કરી હતી.

દારૂ પીધા બાદ અંજલિ પાર્કમાં જ્યાં ચોથા માળે રૂમ આવેલી છે ત્યાં તમામ જતા રહ્યા હતા. સવારે અન્ય શ્રમિકોએ ઊઠીને જોયું તો પાર્કિંગના ભાગમાં અંકુર બેભાન લોહી લુહાણ હાલતમાં પડ્યો હતો. બનાવવાની જાણ મેટોડા પોલીસને થતા પોલીસ સ્ટાફ રાજકોટ સિવિલ હોસ્પિટલની દોડી આવ્યો હતો. મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ ખાતે ખસેડ્યો હતો. શ્રમિકોએ જણાવ્યું કે અંકુર મૂળ ઉત્તર પ્રદેશના કનોજનો વતની છે તે અહીં સાતેક વર્ષથી મજૂરી કામ કરે છે. ડોક્ટરોના મતે અંકુરને દાઢીના ભાગે ઇજાના બે ઊંડા નિશાન છે. મોત શંકાસ્પદ જણાતા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે જોકે પ્રાથમિક તબક્કે દારૂના નશામાં અંકુલ ચોથા માળેથી નીચે પટકાયો હોવાની શક્યતા પણ છે જે તમામ દિશામાં હાલ પોલીસ તપાસ કરી રહી છે.

# રીક્ષાચાલકને નામચીન બુટલેગર હર્ષદ મહાજન અને તેના પુત્રએ આપી જાનથી મારી નાખવાની ધમકી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટના નટરાજ નગર વિસ્તારમાં રહેતા રિક્ષાચાલકને એક મહિલા સાથે પ્રેમ થઈ જતા તે મહિલા અને તેની પુત્રી તેની સાથે રહે છે. તાજેતરમાં પ્રેમિકાની પુત્રીના છૂટાછેડા થયા છે. છતાં પણ તેનો પતિ એટલે કે નામચીન બુટલેગર હર્ષદ મહાજનનો પુત્ર ઘરે આવીને માથાકૂટ કરતો હોય ત્યારે રીક્ષા ચાલકને હર્ષદ મહાજન અને તેના પુત્રનો ફોન આવ્યો હતો કે, તું કેમ મળવા આવતો નથી, તારી સાથે વાતચીત કરવી છે. તેમ કહી મારી નાખવાની ધમકી આપતા પિતા પુત્ર વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

જાણવા મળતી વિગત મુજબ નટરાજનગરમાં આવેલ પટેલ કન્યા છાત્રાલય પાસે રહેતાં પ્રિયાંક વિનોદભાઇ મહેતા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે કમલેશ હર્ષદ માંડલીયા અને હર્ષદ ઉર્ફે મહાજન માંડલિયાનું નામ આપતાં યુની. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ફરીયાદી પ્રિયાંકે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે પ્રેમીકા મીનાબેન તથા પિતા અને પ્રેમીકાની દીકરી સાથે રહી રીક્ષા ડ્રાઇવીંગનું કામ કરે છે. ગઇ તા.૦૧ ના રાત્રીના બારેક વાગ્યે તે ઘરે હતો ત્યારે પ્રેમીકાની દીકરી પ્રિયાનો પતિ કમલેશ માંડલીયા ઘરે આવેલ અને ગાળો બોલી પ્રિયાને કેમ મોકલતા નથી તેમ કહી દેકારો કરી જતો રહેલ હતો.


ત્યારબાદ ફરીથી વોટ્સએપ કોલ આવેલ અને તેના મિત્ર કમલેશના પપ્પા હર્ષદ માંડલીયા વાત કરેલ અને ગાળો આપી કહેવા લાગેલ કે, તું મને કેમ મળવા આવતો નથી, હું તને શોધી લઇશ, હું રાતે અથવા વહેલી સવારે તારા ઘરે આવીશ કેટલા દિવસ બહાર રખડે રાખીશ, આજ નહીં તો કાલે તું ભેગો થાઇશ તો તને અને પરીવારને જાનથી મારી નાખીશ તેમ કહી ખોટા કેશ ફીટ કરાવી દેવાની ધમકી આપવા લાગેલ અને ત્યારે ગાળો બોલવાની ના પાડતા ફરીવાર ધમકી આપી હતી.

## રાજકોટમાં રહી મોડેલિંગ કરતી

# સગીરાને ઘેની પીણું પીવડાવી રીબડાના શખ્સે કારમાં દુષ્કર્મ આચર્યું

## ઇન્સ્ટાગ્રામથી સંપર્કમાં આવેલા શખ્સ સાથે બહાર નીકળી હતી બાદમાં બેભાન કરી તેના પર કુકર્મ આચરી અવાવરું જગ્યાએ અર્ધબેભાન હાલતમાં છોડી દીધી

**સમય મિરર | રાજકોટ**



મુળ સાવરકુંડલાની વતની અને હાલ રાજકોટમાં મોટી બહેન સાથે રહીને અભ્યાસ કરતી ૧૭ વર્ષિય સગીરાને ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝમાં પહેલેથી રુચિ હોવાથી અભ્યાસની સાથે મોડલિંગ પણ કરતી હતી. થોડા સમય પૂર્વે આ સગીરાને ઇન્સ્ટાગ્રામ થકી રીબડાના શખ્સનો પરિચય થયો હતો. તેની સાથે ગઇકાલે બહાર નીકળ્યા બાદ આ શખ્સે ઘેની પદાર્થ ભેળવેલું પીણું પીવડાવી બેભાન કરી કારમાં જ દુષ્કર્મ આચર્યું હતું. અર્ધબેભાન અવસ્થામાં ભટકતી સગીરાએ તેની મોટી બહેનને ફોન કરી જાણ કરતા તે તેને લઇને હોસ્પિટલે પહોંચી હતી. જ્યાં સમગ્ર ઘટના બહાર આવ્યા બાદ પોલીસે હોસ્પિટલે પહોંચી નિવેદન લીધું હતું. ત્યારે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આનાકાની થતી હોય મોટી બહેનને જણાવ્યું હતુ કે, ન્યાય નહીં મળે તો બન્ને બહેનો આપઘાત કરી લેશું. જેની નિવેદનથી માહોલ ગરમાયો છે.

જાણવા મળતી વિગત મુજબ સાવરકુંડલા પંથકની ૧૭ વર્ષની સગીરા છેલ્લા બે મહિનાથી રાજકોટની એક હોટલમાં તેની મોટી બહેન સાથે રહેતી હતી અને અભ્સાયની સાથે મોડલિંગ કરતી હતી. આ સમય દરમિયાન ઇન્સ્ટાગ્રામ થકી રીબડા ગામના અમીત દામજી ખુંટ નામના પટેલ શખ્સ સાથે સપ્તાહ પહેલા જ પરીચય થયો હતો. બન્ને મોડી રાત સુધી મોબાઇલ ફોનમાં ચેટીંગ કરતા હતા. જેથી પરિચય ગાઢ બન્યો હતો બન્ને અવાર-નવાર બહાર મળતા પણ હતા. તે દરમિયાન શુક્રવારે મોડી સાંજના સમયે અમીત ખુંટનો સગીરાને ફોન આવ્યો હતો અને બહાર જવું છે તેમ કહેતા સગીરાએ હા પાડતા અમીત તેને લેવા આવ્યો હતો. બાદમાં બંને યાજ્ઞીક રોડ પર આવેલી જ્યુસની દુકાને ગયા હતા જ્યાં બન્નેએ સાથે જ્યુસ પીધું હતું. ત્યારબાદ સગીરા બેભાન થઇ ગઇ હતી. અને જ્યારે તે ભાનમાં આવી ત્યારે ગોંડલ રોડ ચોકડીએ અવાવરુ સ્થળે હતી. જેમ તેમ કરી વિરાણી ચોક સુધી પહોંચી હતી. બાદમાં સગીરાએ તેના મોટા બહેનને ફોન કરીને બોલાવતા મોટા બહેન તેને લેવા પહોંચ્યા હતા. ત્યાં તેની નાની બહેન અર્ધબેભાન હાલતમાં જોવા મળી હતી. સાથે રડી પણ રહી હતી જેથી શું થયું તેમ કહેતા નાની બહેને અમીત ખુંટે તેના પર દગો કરી દુષ્કર્મ આચર્યું હોવાની તમામ વિગતો વર્ણવતા તુરંત નાની બહેનને સરકારી હોસ્પિટલે લઇ ગઇ હતી. ત્યાંથી ઇમરજન્સી વિભાગના સ્ટાફે બન્ને બહેનોને ઝનાના હોસ્પિટલે મોકલી હતી. ત્યાં પણ ડોક્ટરો સમક્ષ તમામ હક્કિત વર્ણવતા મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. બાદમાં પોલીસને જાણ કરાતા પોલીસ કાફલો હોસ્પિટલે દોડી આવ્યો હતો.

પોલીસ દ્વારા સગીરાની પુછપરછ કરી તમામ હકીક્ત મેળવી હતી અને સગીરાનું નિવેદન નોંધ્યું હતું. કહેવાય છે કે, પોલીસને જાણ કર્યા બાદ લાંબા સમય સુધી કોઇ આવ્યું ન હતું. આ ઉપરાંત મહિલા પોલીસ અધિકારી આ ઘટના બની હોય તે સ્વીકારવા પણ તૈયાર ન હતા. જેથી ભોગ બનનાર સગીરાની મોટી બહેને જણાવ્યું છે કે, પોલીસ દ્વારા ગુનો દાખલ કરવામાં નહીં આવે તો બન્ને બહેનો ઝેરી દવા પી આપઘાત કરી લેશે તો બીજી તરફ પોલીસે ગુનો દાખલ કરવાની તજવીજ ચાલુ હોવાનું જણાવ્યું છે. પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે, સીગરાના પરિવારના સભ્યો સુરત રહે છે. જેના પર દુષ્કર્મ થયું તે સગીરાએ તેની એક ફ્રેન્ડને પણ આ ઘટનાથી વાકેફ કરી હોવાનું પોલીસ જણાવી રહી છે. જેના પર દુષ્કર્મનો આરોપ મુકવામાં આવ્યો છે તે અમીત ખુંટને ઝડપી લેવા પોલીસે પ્રયાસો શરૂ કર્યા છે.

# અંબાજી રોડ પર ત્રિપલ અકસ્માત : પાંચના મોત

## હિંગટિયા પાસે ST બસ, જીપ અને બાઈક વચ્ચે સર્જાયો ગમખ્વાર અકસ્માત

## એક વર્ષની બાળકી પણ મોતને ભેટી : આઠ ઈજાગ્રસ્તોને હોસ્પિટલે ખસેડાયા

**સમય મિરર । અંબાજી**

રાજ્યધોરી માર્ગો પર અકસસ્માતોનો સીલસીલો યથાવત જ છે. દરોજ ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં ગમખ્વાર અકસ્મત સર્જાય છે. ત્યારે આજે બપોરે ત્રણ વાગ્યાના અરસામાં સાબરકાંઠા વિસ્તારમાં ખેડબ્રહ્મા અંબાજી રોડ પર હિંગટિયા પાસે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. એસટી બસ, જીપ અને બાઈક વચ્ચે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતમાં એકવર્ષની બાળકી સહિત પાંચના મોત નિપજ્યા છે. જ્યારે આઠ લોકોને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભયંકર હતો કે, જીપના ખુરચે ખુરચા નિકળી ગયા હતાં. પોલીસે સ્થળ પર પહોંચી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા-અંબાજી રોડ પર હિંગટિયા પાસે શનિવારે (૩ મે) બપોરે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં એસટી બસ, જીપ અને બાઈકનો સમાવેશ થાય છે. પોલીસની પ્રાથમિક તપાસ મુજબ, ત્રણેય વાહન કોઈ અગમ્ય કારણસર એકબીજા સાથે જોરદાર રીતે અથડાયાં હતાં, જેના પરિણામે આ મોટી દુર્ઘટના સર્જાઇ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે, જીપનો કચ્ચરઘાણ વળી ગયો હતો. અકસ્માતની જાણ થતાં જ ખેરોજ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી, જ્યાં સ્થાનિક લોકોની



મદદથી વાહન નીચે ફસાઇ ગયેલા લોકોને બહાર કાઢી બચાવ તેમજ રાહતની કામગીરી શરૂ કરી હતી. પોલીસને તપાસ દરમિયાન પાંચ મૃતકોના નામ સામે આવ્યા છે જેમાં પોપટભાઈ સકાભાઈ તરાલ (ઉં.વ.પુખ્ત, રહે. બુબડિયાના છાપરા, તા.ખેડબ્રહ્મમા), સાયબાભાઈ ગલબભાઈ બેગડિયા (ઉં.વ.પુખ્ત,રહે. ચાંગોદ, તા.ખેડબ્રહ્મમા), મંજુલાબેન બચુભાઈ બેગડિયા (ઉં.વ. આશરે ૧, રહે. ચાંગોદ, તા.ખેડબ્રહ્મમા), અજયભાઈ નવાભાઈ ગમાર (ઉં.વ.પુખ્ત, રહે.નાડા, તા-પોશીના), હિંમતનગર સારવાર માટે લાવતા સમયે રસ્તામાં એક પુરુષનું મોત (ઓળખ થઈ નથી) સમાવેશ થાય છે.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના પીઆઈ પણ પોતાના સ્ટાફ સાથે સિવિલ હોસ્પિટલ પહોંચી ગયા હતા અને ઈજાગ્રસ્તોની સારવાર અંગે માહિતી મેળવી હતી. જ્યારે બીજી તરફ અકસ્માતની જાણ થતાં જ ખેરોજ પોલીસે પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિકને પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરી હતી, કારણ કે અકસ્માતના કારણે રોડ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પોલીસ આ દુર્ઘટનાની વધુ તપાસ કરી રહી છે અને અકસ્માત કયા સંજોગોમાં થયો એ જાણવાનો પ્રયાસ કરી રહી છે.

હિંગટિયા પાસે થયેલા આ ભયાનક અકસ્માતને પગલે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્રિત તઈ ગયા હતા. આ ગમખ્વાર અકસ્માતથી આસપાસના વિસ્તારોમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મૃતકોનાં પરિવારજનો અને સગાંસંબંધીઓમાં ભારે ગમગીની છવાઈ ગઈ છે.

# મધ્યપ્રદેશથી સુરત મોડેલિંગ માટે આવેલી મોડેલનો ફાંસો ખાઈ આપઘાત

## ત્રણ બહેનપણી સાથે રહેતી તે રૂમમાં જ પગલું ભર્યુ

**સમય મિરર । સુરત**

સુરતના સારોલી વિસ્તારના કુંભારિયા ગામમાં આવેલા સારથી રેસીડેન્સીમાં પાંચ દિવસ પૂર્વે આવેલી મધ્યપ્રદેશની ૧૯ વર્ષીય મોડલે પોતાના રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભારે સનસનાટી મચી જવા પામી છે. મોડલે ક્યા કારણોસર આપઘાત કર્યો તે કારણ હજુ બહાર આવ્યું નથી છતાં પોલીસે પરિવારને જાણ કરી મોતનું કારણ જાણવા તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, મૂળ મધ્યપ્રદેશ અને સારોલી કુંભારિયા ગામમાં આવેલા સારથિ રેસિડેન્સીમાં ૧૯ વર્ષીય સુખપ્રીત લખવિંદરસિંહ કૌર અન્ય ત્રણ બહેનપણી સાથે રહેતી



હતી અને તેનો પરિવાર વતનમાં રહે છે. સુખપ્રીત મોડેલિંગનું કામ કરતી હતી. સુખપ્રીતની સાથે રહેતી તેની બહેનપણીઓ પણ મોડેલિંગનું કામ કરે છે. સુખપ્રીત ચાર-પાંચ દિવસ પહેલાં જ સુરતના સારોલી ખાતે મોડેલિંગનું કામ અર્થે આવી હતી.

સુખપ્રીતે ઘરે બેડરૂમમાં છતમાં લગાવેલા પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બહેનપણી ઘરે આવતાં સુખપ્રીતને લટકેલી હાલતમાં જોતાં સમગ્ર ઘટનાની જાણ થઈ હતી. બનાવ અંગે સ્થાનિક સારોલી પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે મૃતકનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે સ્મિમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સુખપ્રીતના આપઘાત પાછળનું કારણ હાલ અકબંધ રહ્યું છે. સારોલી પોલીસે આ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં ટ્રેકિંગ માટે આવેલા વિદ્યાર્થી જૂથ પર મધમાખીનો હુમલો : ૩૫ને ડંખ માર્યા

## ગિરનારના જોગણીયા ડુંગર નજીક ઘટના બનતા તમામને હોસ્પિટલે ખસેડાયા

**સમય મિરર । જૂનાગઢ**

જૂનાગઢના ગિરનાર પર્વત પર દર વર્ષે આરોહણ-અવરોહણ સ્પર્ધા અને ટ્રેકીંગ કેમ્પના આયોજનો થાય છે. અત્યારે પણ એક વિદ્યાર્થીઓનું જૂથ ગિરનારના જોગણિયા ડુંગર ખાતે ટ્રેકીંગ માટે આવી પહોંચ્યુ હતું. ૧૦૦ વિદ્યાર્થીઓ અને ૯ ઈન્સ્ટ્રક્ટર સહિતનો કાફલો ટ્રેકીંગમાં જોતરાયો હતો. બાદમાં તમામ જૂથ એક જગ્યાએ ભેગુ થયું હતું. તે સમયે મધમાખીનું ઝુંડ વિફર્યુ હતું. તેમણે વિદ્યાર્થી જૂથ પર હુમલો કરી ડંખ માર્યા હતાં. જેથી થોડીવાર માટે ભારે અફરાતફરી મચી ગઈ હતી. અંદાજીત ૩૫ જેટલા વિદ્યાર્થીઓને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.

ટ્રેકિંગ શિબિરમાં ભાગ લઈ રહેલા વિદ્યાર્થીઓ સવારે ૯:૩૦ કલાકે તાલીમ પૂર્ણ કરીને જ્યારે પાજનાકા પુલ તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે મધમાખીઓના ઝુંડે અચાનક હુમલો કર્યો. આ ઘટનાની જાણ ટ્રેકિંગ કેમ્પના ઈન્સ્ટ્રક્ટરને કરવામાં આવી હતી, જેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તાત્કાલિક મદદ માગી હતી.



શિબિર સંચાલક શૈલેષ બોલસે જણાવે છે કે ''અમે ગિરનાર પર્વત પર આવેલા જોગણિયા ડુંગર પર સવારના સમયે ટ્રેકિંગ માટે ગયા હતા. પરત ફરતી વખતે મધમાખીઓના એક મોટા ઝુંડે વિદ્યાર્થીઓ પર હુમલો કર્યો હતો. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવીને તમામને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.''

**કાશ્મીર-લેહ-લદાખમાં પણ ધરા ધ્રુજી**

# બનાસકાંઠામાં 3.4ના તિવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા

**સમય મિરર । મહેસાણા**

ગુજરાતના અનેક ભાગોમાં સમ્યાંતરે આવતા ભુકંપના આંચકાઓ હજુ પણ યથાવત છે. ખાસ કરીને કચ્છના ભચાઉ પંથકમાં અવાર નવાર આ આંચકાઓ અનુભવાઈ રહ્યા છે ત્યારે શુક્રવારની મોડી રાત્રીના બનાસકાંઠા પંથકમાં ભુકંપનો આંચકો અનુભવાયો હતો. આ આંચકો છેક જમ્મુ-કાશ્મીર અને લેહ-લદાખ સુધી અનુભવાયો હતો. બનાસકાંઠામાં અનુભવાયેલા ભુકંપની તિવ્રતા ૩.૪ હોવાનું સિસ્મોલોજી વિભાગે જણાવ્યું છે. જ્યારે જમ્મુ-કાશ્મીરમાં ૨.૭ અને લેહ-લદાખમાં ૩.૯ની તિવ્રતાનું સ્પષ્ટ થઈ રહ્યું છે.

ભૂકંપ માટે અતિ સંવેદનશીલ ગણાતા કચ્છની ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી હતી. મંગળવાર, ૨૨ એપ્રિલ, ૨૦૨૫ની મોડી રાત્રે લગભગ ૧૧:૨૬ વાગ્યે કચ્છ જિલ્લામાં ભૂકંપનો તીવ્ર આંચકો અનુભવાયો હતો, જેની પુષ્ટિ ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઑફ સિસ્મોલોજીકલ રિસર્ચ દ્વારા કરવામાં આવી છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અનુસાર, ગુજરાત ભૂકંપની દ્રષ્ટિએ ઉચ્ચ જોખમ ધરાવતો વિસ્તાર છે. છેલ્લા ૨૦૦ વર્ષમાં અહીં નવ મોટા ભૂકંપ આવ્યા છે. જેમાં ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ કચ્છમાં આવેલો ભૂકંપ છેલ્લા બે સદીઓમાં ભારતમાં આવેલો ત્રીજો સૌથી મોટો ભૂકંપ હતો. આ ભૂકંપમાં આશરે ૧૩,૮૦૦ લોકો માર્યા ગયા અને ૧.૬૭ લાખ લોકો ઘાયલ થયા.

# સુરતમાં યોજાયેલી ગ્લોબલ સમિટમાં કેન્દ્રીય મંત્રી પાટીલે સન્માન સ્વીકારવા કર્યો ઈન્કાર

## કહ્યું:જ્યાં સુધી આતંકી હુમલાનો બદલો નહીં લેવાય ત્યાં સુધી સન્માન નહીં

**સમય મિરર । સુરત**

સુરતના અવધ ટોપિયા ખાતે ગ્લોબલ સમીટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું અને આયોજનમાં મહેમાન તરીકે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ત્યારે તેઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા તેઓનું આયોજકો દ્વારા સન્માન થઈ રહ્યું હતું ત્યારે જ સી.આર. પાટીલે આમંત્રણ સ્વિકારવાનો ઈન્કાર કર્યો હતો. સાથે કહ્યું હતું કે, પહેલગામ આતંકી હુમલાનો બદલો નહીં લેવાય ત્યાં સુધી તેઓ સન્માન સ્વિકારશે નહીં અને આ બાબતે આદર સાથે તેમણે કહી હતી.

સુરતના અવધ ઉટોપિયા ખાતે ગ્લોબલ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સુરત શહેરના અને અન્ય શહેર ઈન્વેસ્ટરો એકત્રિત થયા



હતા. ખાસ કરીને શેરબજારમાં ઈન્વેસ્ટ કરનારાઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ અને જળસંપત્તિ મંત્રી સી.આર. પાટીલ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ગ્લોબલ ઈન્વેસ્ટર સમિટમાં આયોજકોએ સી. આર.પાટીલનું સન્માન કરવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ પાટીલે માનભેર આયોજકોને સન્માન નહીં સ્વીકારવાનો નિર્ણય કર્યો હતો. પાટીલ દ્વારા જ્યાં સુધી પહેલગામ હુમલાનો બદલો લેવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે હાજરીમાં બુકે કે મોમેન્ટો દ્વારા થતું સન્માન સ્વીકારશે નહીં. સુરતમાં આયોજિત આજના કાર્યક્રમમાં તેમણે ફક્ત આયોજકો સાથે ગ્રુપ ફોટો પડાવ્યો હતો, પણ સન્માન સ્વીકાર્યું નહોતું.

# મુંબઈ ઈન્ડિયન ટીમના પૂર્વ ખેલાડી સામે રાજસ્થાનમાં દુષ્કર્મની ફરિયાદ

## સગાઈ કર્યા બાદ લગ્નનું કહી અનેક વખત દુષ્કર્મ આચર્યાની વડોદરાના જાણીતા ક્રિકેટર સામે રાવથી ભારે ચકચાર

**સમય મિરર । વડોદરા**

વડોદરાના જાણીતા ખેલાડી અને આઈપીએલની ટીમ મુંબઈ ઈન્ડિયનના પૂર્વ ખેલાડીએ રાજસ્થાનના જોધપુરની એક યુવતિને પ્રેમ જાળમાં ફસાવી હતી તેની સાથે સગાઈ પણ કરી હતી. બાદમાં લગ્નની વાતો કરી તેની સાથે વારંવાર દુષ્કર્મ આચરી લગ્ન કરવાનો ઈન્કાર કરી દેતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. પોલીસે જાણીતા ક્રિકેટર સામે દુષ્કર્મની ફરિયાદ દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

રાજસ્થાનના જોધપુરના કુડી ભગતસુની હાઉસિંગ બોર્ડ પોલીસ મથકમાં એક યુવતીએ તેની સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. યુવતીએ



નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૨૩માં હું મારા મિત્રો સાથે વડોદરા ગઈ હતી. એ દરમિયાન મારી મુલાકાત શિવાલિક શર્મા સાથે થઈ હતી. ત્યાર પછી હું અને શિવાલિક મોબાઈલ પર વાતચીત કરતાં થયાં હતાં. ધીરે ધીરે અમે વધારે નજીક આવ્યાં હતાં અને પછી અમારો પ્રેમસંબંધ બંધાયો હતો. વર્ષ ૨૦૨૩ના ઓગસ્ટ મહિનામાં શિવાલિક તેનાં માતા-પિતા સાથે જોધપુર આવ્યો હતો અને ત્યાં અમારા બંનેનાં પરિવારજનોની મરજીથી મારી અને શિવાલિકની સગાઈ થઈ હતી. એક વખત શિવાલિક મને મળવા માટે મારા ઘરે આવ્યો હતો. એ વખતે તેણે મારી મરજી વિરુદ્ધ મારી સાથે દુષ્કર્મ કર્યું હતું. ઉપરાંત લગ્ન કરવાની લાલચ આપીને તેણે ઘણી વખત મારું શારીરિક શોષણ કર્યું હતું. થોડા સમય બાદ તેણે મારી સાથે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો હતો. યુવતીની ઉપરોક્ત ફરિયાદને આધારે પોલીસે શિવાલિક શર્મા સામે દુષ્કર્મનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. યુવતીનો આરોપ છે કે, શિવાલિક શર્માનાં પરિવારજનોએ તેની સાથે ખોટો વ્યવહાર કર્યો હતો અને કહ્યું હતું કે હવે શિવાલિક આઈપીએલનો સાથે ખેલાડી બની ગયો છે એટલે એના માટે બીજાં ઘણાં માગાં આવે છે, એટલે એ તારી સાથે લગ્ન નહીં કરી શકે. પોલીસે યુવતીની ફરિયાદમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો છે, જોકે હવે શિવાલિક આઈપીએલનો ખેલાડી રહ્યો નથી. વર્ષ ૨૦૨૫માં તેને કોઈપણ ટીમે ખરીદ્યો નથી. રાજસ્થાન પોલીસ શિવાલિકની ધરપકડ કરે એવી સંભાવના છે.

# લોધીકામાં બે દાયકાથી ગેરકાયદે સર વસવાટ કરતા ત્રણ પાકિસ્તાની ઝડપાયા

## લોધીકાનો રહીશ કરાંચી ગયા બાદ ત્યાંની યુવતી સાથે આંખ મળી જતા નિકાહ કરી ભારત લાવ્યો હતો : મહિલા, તેનો પુત્ર અને પૌત્રની અટકાયત

**સમય મિરર । રાજકોટ**

કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાબાદ દેશ પરની સુરક્ષા એજન્સીઓ સતર્ક બની જાય ખાસ કરીને ભારતમાં ગેરકાયદેસર વસવાટ કરતા ગુસણખોરોને ઝડપી પાડવા માટે એક સાથે અભિયાન શરૂ કરાયું છે. ત્યારે ગુજરાતમાં દરરોજ ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ ઝડપાઈ રહ્યા છે. તેવા સમયે લોધિકામાં લાંબા સમયથી પાકિસ્તાનીઓ રહેતા હોવાની બાતમી પરથી રૂરલ એલસીબીએ તપાસ કરતા લોંગ ટર્મ વિઝા પર આવેલી મહિલા તેનો પુત્ર અને પૌત્ર ગેરકાયદેસર બે દાયકાથી વસવાટ કરતા હોવાનું સામે આવતા ત્રણેયની અટકાયત કરવામાં આવી છે.

રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને એસપી હિમકરસિંહની સૂચનાને પગલે રાજકોટ ગ્રામ્ય પોલીસની ટીમો કાર્યરત હતી, તે દરમિયાન લોધીકા પોલીસનાં પીએસઆઈ ઈંદ્રજિતસિંહ સરવૈયાની ટીમો દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન રિસોર્સથી તપાસ કરી રહી હતી ત્યારે પોલીસની ટીમને હકીકત મળી હતી કે, લોધીકા વિસ્તારમાં ચાર પાકિસ્તાની ઘુષણખોરો લાંબા સમયથી વસવાટ કરી રહ્યા છે.

લોધીકા પોલીસને મળેલી બાતમીનાં આધારે પોલીસે ખાનગી રાહે તપાસ કરાવતા મુનાફ નામના શખ્સનાં ઘરેથી એક મહિલા, એક પુરુષ અને બે સગીર એમ કુલ ચાર પાકિસ્તાની નાગરિકો કોઈ પણ આધાર પુરાવા વિના લોધીકામાં રહેતા હોવાનું સામે આવતા પોલીસે ચારેયને ડિટેઇન કરી પૂછપરછનો દોર શરૂ કર્યો હતો. પોલીસની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, મુનાફ નામનો શખ્સ ત્રણેક દાયકા પૂર્વે કામ અર્થે કરાચી ગયો હતો. જ્યાં તેનો સંપર્ક રિજવાના નામની યુવતી સાથે થતાં બંનેએ નિકાહ કરી લીધા હતા. બાદમાં મુનાફ પાકિસ્તાની યુવતી સાથે લોન્ગ ટર્મ વિઝા મેળવીને ભારત આવ્યાં હતાં અને લોધીકામાં સ્થાયી થઇ હતી. બાદમાં વર્ષ ૨૦૦૨ માં પુત્રી અને વર્ષ ૨૦૦૪ માં પુત્રનો જન્મ થયો હતો. જે બાદ મહિલાના વિઝા પૂર્ણ થયાં છતાં મહિલાએ વિઝા રીન્યુ કરાવ્યા ન હતા અને તેણે લોધીકા ખાતે રહેવાનું ચાલુ રાખ્યું હતું. પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર મહિલાનાં પુત્રની ઉંમર હાલ ૨૫ વર્ષ છે જયારે દીકરીની ઉંમર ૨૨ વર્ષ છે. મહિલાનાં પુત્રનાં પણ લગ્ન થઇ ગયા છે અને તેના ઘરે પણ એક સંતાન છે અને તેઓ છેલ્લા ૨૮ વર્ષથી લોધીકામાં રહે છે તેવી કેફીયત પાકિસ્તાની નાગરિકોએ આપી છે.

લોધીકા પોલીસે ચારેય પાકિસ્તાની નાગરિકોને અટકાયતમાં લઇ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સેન્ટ્રલ એજન્સીઓને જાણ કરતા ટૂંક સમયમાં સ્ટેટ આઈબી, સેન્ટ્રલ આઈબી, નેવી, બીએસએફ, એરફોર્સ અને એનઆઈએ સહીતની એજન્સીઓ દોડી આવશે અને તમામ પાકિસ્તાનીઓની પૂછપરછ કરી દેશનિકાલ કરવા તજવીજ હાથ ધરવામાં આવશે.

